२०३ वर्ष

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 47 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 February 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

100% PURE VEG & JAIN FOOD

વિશ્વ ના ખુણે ખુણે ... બાળકો થી વડીલો સુધી ...ઘર ઘર માં , દેશ પરદેશ માં ...
ફોરમ વર્લ્ડવાઈડ ને હરહંમેશ પહેલી પસંદ બનાવવા બદલ, અમારા ગુજરાતી, કચ્છી, વાગડ, સ્વામી નારાયણ
અને રાજસ્થાની પ્રવાસીઓ નો ખુબ ખુબ ધન્યવાદ




TOKYO | HAKONE | NAGOYA | KYOTO | OSAKA | HIROSHIMA | KOBE | NAGANO | TATEYAMA | TOYAMA

## Cherry Blossom અને Alpine Route ની વિશેષતાઓ

- વર્લ્ડ ક્લાસ એર લાઇન્સ માં મુસાફરી
- Todaiji Temple અને Nara Deer Park
- PAID CHERRY BLOSSOM SPOTS ની મુલાકાત
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- KOBE EARTHQUAKE MUSEUM
- 2 વખત બુલેટ ટ્રેન ની મુસાફરી
- TIPS, VISA, INSURANCE
- ઓસાકા CASTLE (INSIDE)
- MT FUJI - લેવલ 5
- Umeda Sky Tower
- બામ્બુ Forest
- START TO END મહારાજ દ્વારા સ્વાદિષ્ટ ભોજન
- 3 વખત બુલેટ ટ્રેન ની મુસાફરી - Alpine Route
- એલ્પાઇન રુટ ની ટુર માં સ્નો મંકી ટુર
- Tokyo Sky Tree (450m) Top Level
- Osaka Aquarium
- શિંજુકુ ગાર્ડન
- ચીદોરિગા ફુચિ
- Imperial Palace
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- 3D Team Labs
- શિરાકાવા-ગો Village





SCAN ME

SCAN ME

MAR 19 (FEW SEATS) | MAR 22 (FEW SEATS), MAR 25 (SOLD OUT) | MAR 27 (SOLD OUT)
APR 2 (SOLD OUT) | APR 5 (SOLD OUT)| APR 9 | APR 10 | APR 16 (FEW SEATS) | APR 27 | MAY 8 | MAY 20

FORAM +91 9324366095 | DINESH +91 8591728602 | VINAY +91 8104578855 | BHAKTI +91 9321236935 | DHRUV +91 8169369686

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI | WWW.FORAMWORLDWIDE.COM | FOLLOW US ON

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 47 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 February 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બ્લેક મન્ડે

## સેન્સેક્સ અને નિફ્ટી આઠ મહિનાની નીચી સપાટીએ પટકાયા

# શૅરબજારમાં ₹ ૪.૨૨ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શૅરબજાર સોમવારે રોકાણકારો માટે બ્લેક મન્ડે પુરવાર થયો હતો, જેમાં કુલ બજારમૂલ્યમાં રૂ. ૪.૨૨ લાખ કરોડનું ધોવાણ બજારના મનોબળને વધુ તોડતું ગયું હતું. બંને બેન્ચમાર્ક આઠ મહિનાની નીચી સપાટીએ પટકાયા હતા. સતત પાંચમા સત્રની પછડાટમાં સેન્સેક્સ ૮૫૬.૬૫ પોઇન્ટ અથવા તો ૧.૧૪ ટકાના મસમોટા ગાબડાં સાથે ૭૪,૪૫૪.૪૧ની સપાટીએ અને નિફ્ટી ૨૪૨.૫૫ પોઇન્ટ અથવા તો ૧.૦૬ ટકા તૂટીને ૨૨,૫૫૩.૩૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. નોંધવું રહ્યું કે એકધારા પાછલા પાંચ સત્રમાં સેન્સેક્સ ૧૫૪૨.૪૫ પોઇન્ટ અથવા તો બે ટકા અને નિફ્ટી ૪૦૬.૧૫ પોઇન્ટ અથવા તો ૧.૭૬ ટકા ગબડ્યો છે. ટેક્નિકલ ધોરણે નિફ્ટીમાં ચાર્ટમાં નબળાઇના સંકેત છે.

પાછલા પાંચ સત્રમાં માર્કેટ વેલ્યુએશનમાં આ સમયગાળામાં રૂ. ૨.૩૪ લાખ કરોડનું ધોવાણ થયું છે, જે સોમવારના રૂ. ૪.૨૨ લાખ કરોડ સામે નાનો આંકડો છે! આનું કારણ એ છે કે એ પાંચ સત્રમાં શૅરબજારમાં બે સત્રમાં સુધારો નોંધાયો હતો અને એને કારણે બજાર મૂલ્યમાં સુધારો થયો હતો.

સરવાળે સોમવારે એક જ દિવસમાં બીએસઇ પર લિસ્ટેડ તમામ શૅરોનું એકત્રિત મૂલ્ય રૂ. ૪,૨૨,૯૮૩.૦૮ કરોડના ધોવાણ સાથે રૂ. ૩,૯૭,૩૦૫.૪૭ કરોડ અર્થાત્ ૪.૫૯ ટ્રિલિયન ડૉલરની સપાટીએ પહોંચ્યું છે અને એટલે જ રોકાણકારો માટે એ કાળો સોમવાર બન્યો છે!

અમેરિકાની ટેરિફની ચિંતા, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી અને યુએસ સ્ટોક માર્કેટના ઘબડકા પાછળ ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં આવેલી ધ્રુજારી પાછળ સેન્સેક્સ ૭૫,૦૦૦ની નીચે સરકી ગયો છે.

ટેરિફ વોર અને ફેડરલના રેટ કટ અંગેના

(જુઓ પાનું ૨) ▶▶

## પંજાબ સરકારની મોટી કાર્યવાહી

# ૪૦ ટ્રાવેલ એજન્ટ્સનાં લાઈસન્સ રદ કર્યાં

અમૃતસરઃ અમેરિકા દ્વારા ગેરકાયદે વસતા ભારતીય નાગરિકોને પરત મોકલ્યા બાદ આ મામલે પંજાબ સરકારે કાર્યવાહીનો આરંભ કરી દીધો છે. આ મામલે સરકારે મોટી કાર્યવાહી કરીને ટ્રાવેલ એજન્ટ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. સરકારે ગેરકાયદે વિદેશ મોકલવાના નેટવર્ક પર કાર્યવાહી કરતાં ૪૦ ટ્રાવેલ એજન્ટના લાઈસન્સ રદ કરી દીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગઇકાલે રવિવારે જ નવી દિલ્હીના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક વિશેષ વિમાનથી ૧૨ ભારતીય નાગરિકને પરત મોકલવામાં આવ્યા હતા. આ વિમાન દ્વારા પ્રથમ વખત પનામાથી ગેરકાયદે વસતા નાગરિકોને લાવવામાં આવ્યા હતા. આ પૂર્વે ૩૩૨ ગેરકાયદે નાગરિકને પરત મોકલવામાં આવ્યા હતા, જે ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશ કરવાના પ્રયત્ન કરી રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીને, તેમણે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સના પ્રવેશ પર પ્રતિબંધની જાહેરાત કરી. તેમણે ચૂંટણી પ્રચારમાં

(જુઓ પાનું ૨) ▶▶

# ઝારખંડમાં ત્રણ સગીરા પર સામૂહિક બળાત્કારઃ ૧૮ની ધરપકડ

ખૂન્તી (ઝારખંડ): ઝારખંડના ખુન્તી જિલ્લામાં ત્રણ સગીરા પર કથિત સામૂહિક બળાત્કાર કરવાને મામલે ૧૮ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે સોમવારે કહ્યું હતું.

ધરપકડ કરાયેલા ૧૨થી ૧૭ વર્ષની વયજૂથના આરોપીઓને બાળસુધાર ગૃહમાં મોકલી આપવામાં આવ્યા હતા અને ઘટનાનો ભોગ બનેલી સગીરાઓને તબીબી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

ખુન્તીના એસપી અમનકુમારે કહ્યું હતું કે પાંચ છોકરીઓ શુક્રવારે રાનિયા વિસ્તારમાં લગ્ન સમારોહમાંથી પાછી ફરી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પાંચ છોકરીઓમાંથી જે ત્રણ છોકરી

(જુઓ પાનું ૨) ▶▶

# બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી, એરબેઝ પર હુમલોઃ એકનું મોત

નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં ઑગસ્ટ માસ બાદ ફરી એકવાર હિંસા ભડકી છે, જેમાં ઉપદ્રવીઓએ કોક્સ બજાર એરબેઝ પર હુમલો કર્યો છે. કોક્સ બજાર એરફોર્સ પર થયેલ હિંસામાં એક વ્યક્તિનું મોત થયું છે. આ મૃતકની ઓળખ ૨૫ વર્ષીય શિહાબ કબીર નાહીદ તરીકે કરવામાં આવી છે, જે સમિતિપારાનો રહેવાસી છે.

કોક્સ બજાર સદર હૉસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર સાબુક્તિગિન મહમૂદ શોહેલે જણાવ્યું હતું કે ૨૫ વર્ષીય વ્યક્તિને મૃત હાલતમાં હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. મેડિકલ ઓફિસરે જણાવ્યું કે પીડિતને માથાના પાછળના ભાગમાં ઊંડી

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકા વિશ્વભરના યુએસએઆઈડીના ૧,૬૦૦ કર્મચારીની છટણી કરશે

વૉશિંગ્ટનઃ ટ્રમ્પ વહીવટી તંત્રએ રવિવારે કહ્યું હતું કે વિશ્વભરમાં યુએસ એજન્સી ફૉર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (યુએસએઆઈડી)ના અમુક કર્મચારીઓને અમે રજા પર ઉતારીશું અને તેમાંથી ઓછામાં ઓછાં ૧,૬૦૦ કર્મચારીની છટણી કરીશું.

વહીવટીતંત્રનું કદ ઘટાડવાની વ્યાપક ઝુંબેશના ભાગરૂપે ખર્ચ પર કાપ મૂકવાના ટ્રમ્પ અને ઈલૉન મસ્કના લક્ષ્યની દિશામાં આને મોટું પગલું માનવામાં આવે છે.

અમેરિકા સહિત વિશ્વભરમાં યુએસએઆઈડીના હજારો કર્મચારીઓની છટણી કરવાની વહીવટીતંત્રને ફેડરલ જજે શુક્રવારે પરવાનગી આપ્યા બાદ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

એજન્સીના જણાવ્યાનુસાર કર્મચારીઓને પાઠવવામાં આવેલી નૉટિસમાં અમેરિકામાં ૨,૦૦૦ કર્મચારીઓની છટણી કરવામાં આવશે એવી જાણકારી આપવામાં આવી છે. જોકે બાદમાં આ આંકડો ઘટાડીને ૧,૬૦૦ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત આંકડાકીય ભૂલ બદલ વહીવટીતંત્રએ કોઈ ખુલાસો નહોતો આપ્યો. નોકરીમાં કાપનો મતલબ વૉશિંગ્ટનમાં જે કર્મચારીઓને રજા પર ઉતારી દેવામાં આવ્યા છે જલદી જ તેમને નોકરી પરથી દૂર કરવામાં આવશે. ટ્રમ્પ અને મસ્કનું કહેવું છે કે યુએઆઈડીની પ્રવૃત્તિ નકામી છે. સરકારી

(જુઓ પાનું ૨) ▶▶

# મધ્ય પ્રદેશમાં રોકાણ કરવાનો સોનેરી સમયઃ મોદી



**ગ્લૉબલ ઈન્વેસ્ટર સમિટઃ** મધ્ય પ્રદેશના ભોપાળમાં સોમવારે ગ્લૉબલ ઈન્વેસ્ટર સમિટ ૨૦૨૫ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મધ્ય પ્રદેશના ગવર્નર મંગુભાઈ સી. પટેલ અને મુખ્ય પ્રધાન મોહન યાદવ. (એજન્સી)

ભોપાળઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે મધ્ય પ્રદેશ તેના ટેલન્ટ પુલ એટલે કે કૌશલ્ય ધરાવતા ઉમેદવારોનો ડેટાબેઝ અને ઊગતા ઉદ્યોગોને લીધે બિઝનેસનું માનીતું મુકામ બનતું જાય છે અને આ જ સમય આ રાજ્યમાં રોકાણ કરવાનો યોગ્ય સમય છે.

ભોપાળના ભવ્ય અપર લેકની નજીકના ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલયમાં 'ઈન્વેસ્ટ મધ્ય પ્રદેશ-ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૨૫'નું ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદી બોલી રહ્યા હતા. આ સમિટ રોકાણકારો અને ઉદ્યોગપતિઓ માટેની રાજ્યની અનંત સંભાવના દર્શાવવા યોજાઈ છે. મોદીએ કહ્યું હતું કે વિશ્વ બૅન્કે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારત આગામી વર્ષોમાં વિશ્વનું સૌથી ઝડપથી વિકાસ કરતું અર્થતંત્ર રહેવાનું ચાલુ રાખશે.

વિશ્વ બૅન્કે તેના ગ્લોબલ ઈકોનોમિક

(જુઓ પાનું ૨) ▶▶

## પશ્ચિમ આફ્રિકામાં ઓપિયોઈડની કટોકટી બાદ

# ભારતમાં પીડાશામક દવાનાં ઉત્પાદન અને નિકાસ પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ મંજૂર ન કરાયેલા ટેપેન્ટાડોલ અને કેરિસોપ્રોડેલનું કોમ્બિનેશન ધરાવતી દવાઓને કારણે પશ્ચિમ આફ્રિકાના દેશોમાં કટોકટી સર્જાઈ હોવાનાં અહેવાલને પગલે ટોચની દવા નિયામક સંસ્થા-ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)એ ભારતમાં આ પીડાશામક દવાનાં ઉત્પાદન અને નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાએ રાજ્ય તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશની ડ્રગ નિયામક સત્તાને નિકાસના તમામ એનઓસી પાછા ખેંચી લેવાનો તેમ જ આ બે ડ્રગ્સના કોમ્બિનેશનવાળી તમામ પીડાશામક દવાઓનાં ઉત્પાદન અને નિકાસ પર પ્રતિબંધ મૂકવા જણાવી દીધું છે.

ટેપેન્ટાડોલનો ઉપયોગ હળવાથી લઈને ગંભીર પીડાની સારવાર માટે તો કેરિસોપ્રોડેલનો સ્નાયુઓની પીડાની સારવાર માટે ઉપયોગ થાય છે.

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઑર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ઓ દ્વારા આ બંને ડ્રગ્સને અલગ અલગ મંજૂરી આપવામાં આવી હતી. જોકે બંનેના કોમ્બિનેશનને મંજૂરી આપવામાં

(જુઓ પાનું ૨) ▶▶

# ૯.૮ કરોડ ખેડૂતોના ખાતામાં ₹ ૨૨,૦૦૦ કરોડથી વધુ ટ્રાન્સફર થયા

ભાગલપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો બહાર પાડતાં દેશભરના ૯.૮ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં રૂ. ૨૨,૦૦૦ કરોડથી વધુ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. પીએમએ બિહારમાં અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

અહીં એક કાર્યક્રમમાં મોદીની સાથે મુખ્ય પ્રધાન નીતીશ કુમાર પણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે અનેક કેન્દ્રીય પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો અને રાજ્ય તેમજ કેન્દ્રીય મંત્રાલયોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉના દિવસે, પીએમએ ટિપ્પણી કરી હતી કે સરકારને ભારતના 'અન્નદાતા' (ખેડૂતો) પર ગર્વ છે અને તેઓ તેમના જીવનને સુધારવા માટે પ્રતિબદ્ધ છે. એક્સ પર MyGovIndia દ્વારા પોસ્ટ કરાયેલ થ્રેડનો જવાબ આપતા, તેમણે કહ્યું હતું કે, "અમને અમારા અન્નદાતાઓ અને તેમના જીવનને સુધારવા માટેની અમારી પ્રતિબદ્ધતા પર ગર્વ છે." ■

## ગુજરાતમાં પીએમજય યોજનામાં ગેરરીતિ

# કુલ ૭૪ હૉસ્પિટલ અને નવ ડૉક્ટર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલકાંડ મુદ્દે વિધાનસભામાં કૉંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ મુદ્દે સરકારે જવાબ આપતાં કહ્યું હતું કે, રાજ્યમાં દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં અને હૉસ્પિટલમાં ગેરરિતી આચરતા લોકોને સરકાર ક્યારેય સાંખી લેશે નહીં. આવા લોકો સામે સરકારે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરી છે અને આગળ પણ ધરશે.

વિધાનસભામાં પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, ખ્યાતિ હૉસ્પિટલમાં બનેલ ઘટના અમાનવીય છે. હૉસ્પિટલમાં સંકળાયેલા તબીબો, સંચાલકો દ્વારા હાથ ધરવામાં આવેલ અમાનવીય કૃત્ય બદલ તેમની સામે સરકારે પ્રથમ ફરિયાદી બનીને સખ્તમાં સખ્ત કાર્યવાહી અને સજા થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે. આ તમામ ગુનેગારો વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધ, ખોટા દસ્તાવેજ ઊભા કરવા, છેતરપિંડી સહિતની

(જુઓ પાનું ૨) ▶▶

## જર્મનીમાં મોટો ઊલટફેર

# રૂઢિચુસ્ત વિરોધ પક્ષનો વિજય

બર્લિનઃ જર્મનીના રૂઢિચુસ્ત વિરોધ પક્ષના નેતા ફ્રેડ્રીચ મર્ઝે રાષ્ટ્રીય ચૂંટણીમાં રવિવારે નિસ્તેજ વિજય મેળવ્યો હતો. જ્યારે ઓલ્ટરનેટિવ ફોર જર્મનીએ વિશ્વયુદ્ધ-બે પછીના સૌથી ભવ્ય દેખાવમાં તેના જનાધારને બમણો કર્યો હતો.

ચાન્સેલર ઓલ્ફ સ્કોલ્ઝે તેના મધ્ય-ડાબેરી સમાજવાદી ડેમોક્રેટ વતી પરાજય સ્વીકાર્યો હતો. તેમણે કહ્યું હતું કે ચુકાદાનાં પરિણામો કડવાં આવ્યાં છે.

એઆરડી અને ઝેડીએફ નામના પબ્લિક ટેલિવિઝને બતાડેલા ટ્રેન્ડ પ્રમાણે સ્કોલ્ઝના પક્ષે રાષ્ટ્રીય સંસદીય ચૂંટણીમાં વિશ્વયુદ્ધ પછીનો સૌથી કંગાળ દેખાવ કર્યો હતો અને તેમનો પક્ષ ત્રીજા ક્રમાંકે હતો. મર્ઝે કહ્યું હતું કે હું ઈસ્ટર સુધી ગઠબંધન સરકાર રચવાની આશા રાખું છું. જોકે તે પડકારરૂપ છે.

ઓલફના અપ્રીય જોડાણ સરકાર નવેમ્બરમાં એટલે કે સાત મહિના વહેલી ભાંગી પડતા ચૂંટણી યોજવામાં આવી હતી. આ સરકાર મુદતના ત્રણ વર્ષ બાદ આંતરકલહને લીધે તૂટી પડી હતી. પક્ષમાં ભારે અસંતોષ હતો અને કોઈ પણ ઉમેદવારમાં જોઈએ એવો જુસ્સો નહોતો. જર્મનીના મોટા અર્થતંત્રમાં જડતા આવી ગઈ હતી અને વસાહતીઓને રોકવા સરકાર પર દબાણ હતું. મર્ઝે તાજેતરના અઠવાડિયામાં વસાહતી સામે કડક અભિગમ અપનાવ્યો હતો. આ ચૂંટણી યુક્રેનના ડામાડોળ ભાવિ અને યુરોપના અમેરિકા સાથેના જોડાણની અનિશ્ચિતતાની પાર્શ્વભૂમિમાં યોજાઈ હતી. ૨૭ દેશના યુરોપિયન યુનિયનમાં જર્મની સૌથી મોટી વસતિ ધરાવતો દેશ છે. તે નાટોનો આગેવાન દેશ છે. તે યુક્રેનને હથિયાર આપનાર બીજા નંબરનો દેશ છે. આગામી વર્ષમાં અમેરિકના પ્રમુખ ટ્રમ્પ વહીવટીતંત્રની ઝઘડાળી વિદેશ અને વેપાર નીતિ સહિત આવનારા પડાકરોનો યુરોપ ખંડે કેવી રીતે સામનો કરવો આમાં તેની નીતિ મધ્યસ્થ રહી છે..

આંશિક ગણતરી અને એક્ઝિટ પોલના

(જુઓ પાનું ૨) ▶▶

# દિલ્હી વિધાનસભાનું પહેલું સત્ર શરૂ

નવી દિલ્હીઃ નવી રચાયેલી દિલ્હી વિધાનસભાનું પહેલું સત્ર સોમવારથી શરૂ થયું હતું. આ સાથે ભાજપ ૨૬ વર્ષ બાદ સત્તામાં પરત ફર્યું અને સ્પીકરની ખુરશીની જમણી બાજુએ સ્થાન લીધું હતું. ભાજપના ધારાસભ્ય અરવિંદર સિંહ લવલીએ પ્રોટેમ સ્પીકર તરીકે શપથ લીધા હતા અને સત્ર શરૂ થાય તે પહેલાં રાજ નિવાસ ખાતે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ તેમને શપથ લેવડાવ્યા હતા. સૌથી વરિષ્ઠ ધારાસભ્ય હોવાને કારણે લવલી તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોના શપથ ગ્રહણ સમારોહનું નિરીક્ષણ કરશે. મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ સૌપ્રથમ શપથ લીધા હતા. ત્યારબાદ તેમના છ કેબિનેટ પ્રધાનોએ શપથ લીધા હતા. ત્યારબાદ બાકીના ધારાસભ્યોએ શપથ લીધા હતા.

વિધાનસભાની કાર્યવાહી

(જુઓ પાનું ૨) ▶▶

**પ્રતિમાઃ** દિલ્હીમાં સોમવારે નવી રચાયેલી આઠમી વિધાનસભાના પ્રથમ સત્રના પ્રથમ દિવસે વિધાનસભાના પરિસરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા મૂકવામાં આવી હતી. (એજન્સી)



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાથી નાણાં કોને મળ્યાં એ સરકારે જાહેર કરવું જોઈએ

**અમેરિકા** ભારતની ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરે છે એ મુદ્દો ભાજપે જોરશોરથી ચગાવ્યો છે. ભાજપના નેતાઓનો આક્ષેપ છે કે, કૉંગ્રેસની ભારતવિરોધી જ્યોર્જ સોરોસ સાથે સાંઠગાંઠ છે અને નરેન્દ્ર મોદીને હરાવવા માટે જ્યોર્જ સોરોસના ઈશારે અમેરિકાથી કૉંગ્રેસને ફંડ મોકલાયું હતું. અમેરિકા સરકારની યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા ભારતમાં સહાયના નામે ચૂંટણીમાં દખલ કરાય છે અને અમેરિકાથી મોકલાતું ફંડ ભારતવિરોધી પ્રવૃત્તિઓમાં વપરાય છે એવો પણ આક્ષેપ ભાજપ કરી રહ્યો છે ત્યાં ટ્રમ્પે લગાવેલી ગુલાંટના કારણે ભાજપની બકરી ડબ્બામાં આવી ગઈ છે.

અત્યાર લગી અમેરિકાથી મોદીને હટાવવા માટે નાણાં મોકલાતાં હતાં એવું કહેનારા ટ્રમ્પ એવું બોલવા માંડ્યા છે કે, અમેરિકાથી ૧૮૨ કરોડ રૂપિયા નરેન્દ્ર મોદીને જ મોકલાયા હતા. ટ્રમ્પ આમ મહાજૂઠો માણસ છે ને મટકું પણ માર્યા વિના ગમે તેવું જૂઠાણું ચલાવી શકે છે, પણ આ કેસમાં ટ્રમ્પની વાત ટેક્નિકલી સાચી પણ છે. અમેરિકા સરકારની યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા ભારતમાં જે પણ સહાય મોકલાય એ ભારત સરકારના નાણાં મંત્રાલયના તાબા હેઠળના ડીપાર્ટમેન્ટ ઑફ ઈકોનોમિક અફેર્સ મારફતે મોકલાય છે.

દ્વિપક્ષીય નાણાકીય બાબતો માટે ડીપાર્ટમેન્ટ ઑફ ઈકોનોમિક અફેર્સ નોડલ એજન્સી છે અને પછી જે સંસ્થાને કે સરકારના વિભાગને મોકલવાનાં હોય તેને મોકલી દેવાય છે. આ સંજોગોમાં આ નાણાં અંગત રીતે નરેન્દ્ર મોદીને ભલે ના મોકલાયાં હોય, પણ તેમની સરકારને જ મોકલાયાં હોય તેથી ટ્રમ્પ ટેક્નિકલી સાચા છે. ભાજપના નેતા કૉંગ્રેસને નાણાં મળતાં હોવાની વાતો કરે છે, પણ કૉંગ્રેસમાંથી ખરેખર કોને નાણાં મળ્યાં, કૉંગ્રેસ સાથે સંકળાયેલી કઈ સંસ્થાને નાણાં મળ્યાં તેનાં નામ પણ આપતા નથી ને હવે ટ્રમ્પે સીધું મોદીનું નામ લેવા માંડ્યું તેમાં ભાજપ ભેરવાયો છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ માણસ મનાતા એલન મસ્કે સૌથી પહેલાં આ મુદ્દો ઉઠાવેલો ને બહુ મોટો ધડાકો કરતા હોય એમ જાહેર કરેલું કે, અમેરિકાના ડીપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ શોધી કાઢ્યું છે કે, જો બિડેન સરકાર દ્વારા ભારતમાં વોટર ટર્નઆઉટ માટે ૨.૧૦ કરોડ ડોલર (લગભગ રૂપિયા ૨૦૦ કરોડ)ની સહાય અપાતી હતી. મસ્કે આ સહાય બંધ કરવાની જાહેરાત કરી પછી ભાજપે જાહેર કર્યું કે, આ નાણાં સત્તાધારી પાર્ટી એટલે કે પોતાને નથી મળ્યાં, પણ કૉંગ્રેસને મળ્યાં છે. નહેરુ-ગાંધી ખાનદાનના ખાસ મનાતા સામ પિત્રોડાનું નામ પણ ભાજપે આપ્યું ને બીજા આક્ષેપો પણ કર્યા છે.

ભાજપની જેમ ડોનાલ્ડ ટ્રમ્પની પિન પણ આ મુદ્દા પર ચોંટેલી છે તેથી છેલ્લા ચાર દિવસથી રોજ ભારતીય ચૂંટણીઓ માટે યુએસથી નાણાં અપાતાં તેનો મુદ્દો ઉઠાવ્યા કરે છે. પહેલાં ભાજપને લાગતું હતું કે, ટ્રમ્પ આ મુદ્દો ઉઠાવીને આપણને ફાયદો કરાવી રહ્યા છે, પણ ધીરે ધીરે ટ્રમ્પની ગન મોદી તરફ તકાઈ રહી છે તેથી ભાજપની હાલત કફોડી થવા માંડી છે.

ટ્રમ્પે પહેલાં અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જો બાઇડન સામે ભારતની સામાન્ય ચૂંટણીમાં દખલ કરવાનો આક્ષેપ મૂક્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે, જો બાઇડનની યોજના ભારતમાં નરેન્દ્ર મોદી સિવાય કોઈ બીજા નેતાને ચૂંટણી જિતાડવાની હતી. આ કારણે બાઇડન વહીવટીતંત્રે ભારતમાં વોટર ટર્નઆઉટ વધારવા માટે ૧૮૨ કરોડ રૂપિયાનું ફંડિંગ પૂરું પાડ્યું. આ બહુ ચોંકાવનારી વાત છે અને અમે ભારત સરકારને આ અંગે જાણ કરીશું.

ભાજપના નેતાઓની પિન લાંબા સમયથી જ્યોર્જ સોરોસ પર ચોંટેલી છે ને બાઈડનના સમયમાં સોરોસનો દબદબો હતો તેથી ભાજપને લાગ્યું કે, કૉંગ્રેસને ભિડાવવા માટે મોટો મુદ્દો મળી ગયો, પણ હવે ટ્રમ્પ સીધું મોદીનું નામ લઈ રહ્યા છે. હવે ટ્રમ્પ એવું કહી રહ્યા છે કે, અમેરિકા સરકારની યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા મારા મિત્ર મોદીને ૧૮૨ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. ટ્રમ્પે ચારમાંથી બે વાર તો અમેરિકા સરકારની યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા મોદીને નાણાં મોકલવામાં આવ્યાં એવું કહ્યું છે. ટ્રમ્પ તો આ બહાને ભારત દ્વારા અમેરિકાના માલ પર લગાવાતા ટેરિફનો મુદ્દો પણ ઉઠાવી રહ્યા છે તેથી ભાજપની બકરી ડબ્બામાં આવી ગઈ છે.

ટ્રમ્પના કહેવા પ્રમાણે, યુએસએઈડ દ્વારા ફંડિંગ ભારતમાં વોટર ટર્નઆઉટ વધારવા માટે આપવામાં આવ્યું હતું ને તેમને એ સમજાતું નથી કે, અમેરિકા ભારતને ૨૧ મિલિયન યુએસ ડોલર કેમ આપી રહ્યું છે? ટ્રમ્પના કહેવા પ્રમાણે, ભારત પાસે પુષ્કળ નાણાં છે કેમ કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે. અમેરિકાના માલ પર તો ભારત ૧૦૦ ટકા ટેરિફ લાદે છે એટલે તેમને નાણાંની જરૂર જ નથી.

ટ્રમ્પની વાતો એકદમ વિરોધાભાસી છે અને ટ્રમ્પ આ મુદ્દે નિવેદનો બદલી રહ્યાં છે, પણ ભાજપે આ મુદ્દો પકડી લીધો છે એટલે આપણા વિદેશ મંત્રાલયે આ માહિતીને ચિંતાજનક ગણાવીને તપાસ ચાલી રહી છે એવી રેકર્ડ વગાડવી પડી રહી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલના કહેવા પ્રમાણે, ભારતીય ચૂંટણીઓમાં વિદેશી હસ્તક્ષેપ અંગે ચિંતા વધી છે તેથી અમે આ મુદ્દાની તપાસ કરી રહ્યા છીએ. અત્યારે આ બાબતે કંઈ પણ કહેવું વહેલું ગણાશે, પણ ટૂંક સમયમાં બીજી માહિતી મળશે એવી આશા છે.

વિદેશ મંત્રાલયે હાલ પૂરતી વાત ટાળી દીધી, પણ વાસ્તવમાં ભવિષ્યમાં બીજી કોઈ માહિતી જ મળવાની નથી. જે માહિતી છે એ અત્યારે જ સરકાર પાસે છે ને હમણાં નાણાં મંત્રાલયે યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા અત્યાર સુધીમાં ભારતને કેટલી સહાય મળી તેનો રિપોર્ટ બહાર પાડ્યો જ છે. ભારતમાં ૫૫૫ પ્રોજેક્ટ્સને અમેરિકા દ્વારા સહાય અપાઈ હોવાનો તેમાં ઉલ્લેખ છે. આ પૈકી ક્યો પ્રોજેક્ટ ભારતની ચૂંટણીમાં દખલ કરવા માટે હતો તેની જાણ મોદી સરકારે લોકોને કરવી જોઈએ, પણ નરેન્દ્ર મોદી સરકાર એ જવાબ આપતી નથી. આ જવાબ કેમ નથી અપાતો એ મોદી સરકાર જ કહી શકે.

યુએસએઈડ અમેરિકા સરકારની સંસ્થા છે. આ સંસ્થાએ કરેલી સહાયના સત્તાવાર પુરાવા હોય જ કેમ કે નાણાં અમેરિકન સરકારની તિજોરીમાંથી ગયાં છે. અમેરિકાની સરકાર ભારતીય સંસ્થાઓને મદદ કરે તેની વિગતો ભારત સરકારના નાણાં મંત્રાલય પાસે હોય જ. ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ, ૨૦૧૦ હેઠળ વિદેશથી નાણાંની મંજૂરી કેન્દ્ર સરકારનું ગૃહ મંત્રાલય આપે છે. વિદેશમાંથી સહાય મેળવતી સંસ્થાઓએ દર વર્ષે કેન્દ્ર સરકારને ક્યાંથી કેટલું ફંડ મળ્યું તેની વિગતો ફરજિયાતપણે આપવી પડે છે તેથી સરકાર પાસે તો બધી માહિતી છે જ.

બીજું એ કે, બિડેન ૨૦૨૧થી ૨૦૨૫ સુધી ચાર વર્ષ પ્રમુખ રહ્યા એ વખતે ભારતમાં મોદી સરકાર હતી. તેથી તેના મારફતે ફંડ આવ્યું હોય છતાં કેમ વિગતો બહાર નથી પડાતી?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૨૫-૨-૨૦૨૫,ભોમ પ્રદોષ,

- ભારતીય દિનાંક ૬, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૮-૩૦ સુધી પછી શ્રવણ. ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૫૧, રાત્રે ક. ૨૨-૫૯
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – દ્વાદશી. ભોમ પ્રદોષ,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભૌમ પ્રદોષ શિવવ્રત, શિવ ભક્તિ,નામસ્મરણ, જપ, ભક્તિ, ઉપવાસ, જાગરણ, હનુમાન ચાલિસા અનુષ્ઠાન, સુંદરકાંડ વાંચન, બી વાવવું. ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવાં.
- આચમનઃ બુધ-શનિ યુતિ તકરારી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-શનિ યુતિ,
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## તેલંગણાની ટનલમાં ફસાયેલા આઠ લોકોના બચવાની શક્યતા ખૂબ ઓછીઃ રાવ

હૈદરાબાદઃ તેલંગણાના પ્રધાન જુપલ્લી કૃષ્ણ રાવે સોમવારે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા ટનલમાં ફસાયેલા આઠ લોકોના બચવાની શક્યતાઓ 'ખૂબ જ ઓછી' છે, જોકે તેમના સુધી પહોંચવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે રેટ માઈનર્સની એક ટીમ, જેણે ૨૦૨૩માં ઉત્તરાખંડની ટનલમાં ફસાયેલા બાંધકામ કામદારોને બચાવ્યા હતા, તે પણ અહીં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ ટીમમાં જોડાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે ફસાયેલા લોકોને બચાવવામાં ઓછામાં ઓછા ત્રણથી ચાર દિવસનો સમય લાગશે, કારણ કે અકસ્માત સ્થળ કાટમાળ અને કાદવથી ભરેલું છે, જે બચાવકર્તાઓ માટે મુશ્કેલ કાર્ય બનાવે છે.

'સાચું કહું તો, તેમના જીવતા રહેવાની શક્યતાઓ ખૂબ, ખૂબ, ખૂબ, ખૂબ જ ઓછી છે. કારણ કે, હું પોતે અંત સુધી ગયો હતો, લગભગ માત્ર ૫૦ મીટર દુર્ઘટના સ્થળથી નજીક હતો. જ્યારે અમે ફોટોગ્રાફ્સ લીધા, ત્યારે (ટનલનો) છેડો દેખાતો હતો. અને નવ મીટર વ્યાસ (ટનલનો) – લગભગ ૩૦ ફૂટમાંથી ૨૫ ફૂટ સુધી કાદવ ભરેલો છે',એમ તેણે કહ્યું હતું.

'જ્યારે અમે તેમના નામ પોકાર્યા, ત્યારે કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો... તેથી, બચવાની કોઈ તક નથી,' એમ તેમણે કહ્યું હતું. છેલ્લા ૪૮ કલાકથી તૂટી પડેલી ટનલમાં ફસાયેલા લોકોની ઓળખ ઉત્તર પ્રદેશના મનોજ કુમાર અને શ્રી નિવાસ, સન્ની સિંહ (જમ્મુ અને કાશ્મીર), ગુરપ્રીત સિંહ (પંજાબ) અને સંદીપ સાહુ, જેગતા એક્સેસ, સંતોષ સાહુ અને અનુજ સાહુ તરીકે કરવામાં આવી છે, બધા ઝારખંડના છે.

ફસાયેલા આઠમાંથી બે એન્જિનિયર, બે ઓપરેટર અને ચાર મજૂર છે.

## સ્થૂળતા વિરુદ્ધ અભિયાન માટે વડા પ્રધાન મોદીએ ૧૦ લોકોને નોમિનેટ કર્યા

નવી દિલ્હીઃ વડા પ્રધાન મોદી દર મહિને તેમના રેડિયો પોડકાસ્ટ 'મન કી બાત'માં દેશવાસીઓને કોઈને કોઈ પ્રેરણાદાયી (PM Modi Man Ki Baat) સંદેશ આપતા હોય છે. ગઈ કાલે 'મન કી બાત'ના ૧૧૯મા ઍપિસોડમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્થૂળતા સામે અભિયાન ચલાવવા અપીલ કરી હતી. વડા પ્રધાને કહ્યું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સ્થૂળતાના કેસ બમણા થઇ ગયા છે. તેમણે લોકોને ખોરાકમાં તેલ ઓછું વાપરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે આ ઍપિસોડ પછી, તેઓ ૧૦ લોકોને નોમિનેટ કરી અપીલ કરશે કે તેઓ ખાદ્યતેલના વપરાશમાં ૧૦ ટકાનો ઘટાડો કરે. આ અપીલના બીજા જ દિવસે, વડા પ્રધાન મોદી ૧૦ લોકોને નોમિનેટ કર્યા છે.

વડા પ્રધાન મોદીએ એકસ પર પોસ્ટમાં લખ્યું, 'ગઈકાલના મન કી બાતમાં જણાવ્યા મુજબ, હું સ્થૂળતા સામેની લડાઈને આગળ વધારવા માટે અને ખોરાકમાં ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવા અંગે જાગૃતિ ફેલાવવા માટે નીચેના લોકોને નોમિનેટ કરી રહ્યો છું. હું તેમને ૧૦-૧૦ લોકોને નોમિનેટ કરવા અપીલ કરું છું, જેથી આપણું આ આંદોલન વિશાળ બને.'

વડા પ્રધાન મોદીએ આનંદ મહિન્દ્રા, નિરહુઆ (દિનેશ લાલ યાદવ), મનુ ભાકર, મીરાબાઈ ચાનુ, મોહનલાલ, નંદન નીલેકણી, ઓમર અબ્દુલ્લા, માધવન, શ્રેયા ઘોષાલ અને સુધા મૂર્તિને નોમિનેટ કર્યા છે. આ સાથે તેમણે આ બધા લોકોને ૧૦-૧૦ લોકોને નોમિનેટ કરવા અપીલ કરી હતી.

વડા પ્રધાનને ગઈ કાલે મન કી બાત દરમિયાન કહ્યું, એક અભ્યાસ મુજબ, આજે દર આઠમાંથી એક વ્યક્તિ સ્થૂળતાની સમસ્યાથી પીડાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થૂળતાના કેસ બમણા થયા છે, પરંતુ તેનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે બાળકોમાં પણ સ્થૂળતાની સમસ્યા ચાર ગણી વધી છે.

આપણે નાના પ્રયત્નોથી આ પડકારનો સામનો કરી શકીએ છીએ. એક રીત એવી પણ છે કે ખાદ્ય તેલનો વપરાશ ૧૦% ઘટાડી શકાય. તમે નક્કી કરી શકો છો કે રસોઈ માટે તેલ ખરીદતી વખતે, તમે ૧૦% ઓછું તેલ ખરીદશો.

## ઈલોન મસ્કની કૅનેડાની નાગરિકતા સામે જોખમ

ઓટાવાઃ ડોનલ્ડ ટ્રમ્પ ફરી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ઘણા દેશો સાથે અમેરિકાના સંબંધોમાં તિરાડ પડી છે, ખાસ કરીને અમેરિકાના પાડોશી દેશો ટ્રમ્પની નીતિઓ અને નિવેદનોથી નારાજ છે. વર્ષોથી મિત્ર રહેલા અમેરિકા-કૅનેડા સંબંધો પણ સતત વણસી રહ્યા છે. ડોનલ્ડ ટ્રમ્પ કૅનેડાને અમેરિકાનું ૫૧નું રાજ્ય બનાવવાની વાત કરી ચૂક્યા છે, તેમના વિશ્વાસુ સાથી ઈલોન મસ્ક (ઊિહજ્ઞક્ષ ખીતસ) પણ આ બાબતે સમર્થન આપી ચૂક્યા છે. હવે કૅનેડામાં ઈલોન મસ્ક વિરુદ્ધ પગલા ભરવાની તૈયારી કરી રહ્યું છે.કૅનેડા ઈલોન મસ્કની નાગરિકતા રદ કરે તેવી શક્યતા છે. હાલ ઈલોન પાસે ત્રણ દેશ અમેરિકા, કૅનેડા અને દક્ષિણ આફ્રિકાની નાગરિકતા છે. કૅનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી સાંસદ ચાર્લી ઍંગસે માગ કરી છે કે વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો ઈલોન મસ્કની બેવડી નાગરિકતા અને કૅનેડિયન પાસપોર્ટ રદ કરે. ઈલોન મસ્કની કૅનેડિયન નાગરિકતા રદ કરવા સરકાર પર દબાણ લાવવા માટે, ઍંગસે એક ઈ-પિટિશન શરૂ કરી છે, જેમાં સરકારને જલદીથી નિર્ણય લેવા માટે અપીલ કરવામાં આવી છે.

## મહાકુંભની મજાક ઉડાડનાર 'જંગલરાજ'ના નેતાઓને બિહારના લોકો ક્યારેય માફ નહીં કરેઃ મોદી

નવી દિલ્હીઃ રાજદના નેતા લાલુપ્રસાદ યાદવે તાજેતરમાં જ મહાકુંભ અંગે કરેલા નિવેદન અંગે બોલતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે મહાકુંભની મજાક ઉડાડનાર 'જંગલરાજ'ના નેતાઓને બિહારના લોકો ક્યારેય માફ નહીં કરે.

અહીં યોજાયેલી એક સભાને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે 'જંગલરાજ'ના નેતાઓએ મહાકુંભ મેળા અને હિન્દુ ધર્મની મજાક ઉડાડી હતી... બિહારના લોકો તેમને ક્યારેય માફ નહીં કરે.

બિહારના નેતા લાલુપ્રસાદ યાદવે તાજેતરમાં જ મહાકુંભને 'ફાલતુ' લેખાવી વિવાદ જગાવ્યો હતો.

પીએમ કિસાન સમ્માન નિધિ સ્કીમનો ૧૯મો હપ્તો લાભાર્થીઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે ખેડૂતોના કલ્યાણ અને બિહારના વિકાસ માટે એનડીએ સરકાર પ્રતિબદ્ધ છે. ખેડૂતોને યુરિયા ખાતર રાહતના દરે પૂરું પાડવા બદલ મોદીએ એનડીએ સરકારને એમ કહીને જશ આપ્યો હતો કે જો વર્તમાન સરકાર ન હોત તો ખેડૂતોને આ લાભ ન મળ્યો હોત. (એજન્સી)

## મ.પ્ર.માં અકસ્માતમાં મહાકુંભથી પરત ફરી રહેલા છનાં મોતઃ બે ઘાયલ

જબલપુરઃ મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લામાં સોમવારે સવારે પૂરપાટ વેગે આવતી જીપ એક ખાનગી બસ સાથે અથડાઇ હતી. જેમાં છ લોકોના મોત થયા હતા. જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાંથી પરત ફરી રહ્યા હતા. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

પીડિતો કર્ણાટકના બેલગાવી જિલ્લાના ગોકાક તાલુકાના રહેવાસી હતા. પોલીસના જણાવ્યા અનુસાર તેઓ ૧૮ ફેબ્રુઆરીએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ માટે ગોકાકથી નીકળ્યા હતા. જબલપુરના કલેક્ટર દીપક સક્સેનાએ જણાવ્યું કે કર્ણાટકમાં રજિસ્ટર્ડ જીપ પ્રયાગરાજથી પરત ફરી રહી હતી ત્યારે ખિતૌલી પોલીસ સ્ટેશનની હદ હેઠળના પહરેવા ગામ પાસે આ અકસ્માત થયો હતો.

અધિકારીએ જણાવ્યું કે છ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે બે ઘાયલ થયા હતા. જેમને સિહોરાની એક હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ જબલપુર મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે પીડિતો પ્રયાગરાજથી પરત ફરી રહ્યા હતા અને જબલપુર થઇને કર્ણાટક જઇ રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોની ઓળખ બાલચંદ્ર ગૌડર, સુનીલ શેડાશાલે, બસવરાજ કુર્ની, બસવરાજ ડોફામણી, ઇરાના શેબિનકટ્ટી અને વિરુપાક્ષ ગુમાટ્ટી તરીકે થઇ છે. મુસ્તાક અને સદાશિવ નામના બે અન્ય વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

### દિલ્હી વિધાનસભાનું

ધારાસભ્યોના વંદે માતરમ ગાન સાથે શરૂ થઇ હતી. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવ સત્ર જોવા માટે સ્પીકરની ગેલેરીમાં હાજર રહ્યા હતા. નવા અધ્યક્ષ માટે સોમવારે સાંજે ચૂંટણી યોજાવાની હતી. જેમાં ભાજપના ધારાસભ્ય વિજેન્દ્ર ગુપ્તા આ પદ પર બિરાજે તેવી શક્યતા છે. ગત પાંચ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૭૦માંથી ૪૮ બેઠકો જીતીને નિર્ણાયક વિજય મેળવ્યો હતો. આ સાથે આમ આદમી પાર્ટી (આપ)ના દાયકા લાંબા શાસનનો અંત આવ્યો હતો.

ભાજપ સત્તામાં વાપસી બાદ હવે અધ્યક્ષની ખુરશીની જમણી બાજુ બેસે છે, જ્યારે બાવીસ બેઠકો મેળવનારી આપ ડાબી બાજુ વિરોધ પક્ષમાં બેસે છે. આપ ધારાસભ્યોએ સર્વાનુમતે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન આતિશીને વિધાનસભામાં વિરોધ પક્ષનાં નેતા તરીકે ચૂંટ્યાં છે.

### બાંગ્લાદેશમાં ફરી

ઈજાઓ થઈ હતી. રેસિડેન્ટ મેડિકલ ઓફિસર શોહેલે જણાવ્યું હતું કે મૃતદેહના પોસ્ટમોર્ટમ પછી મૃત્યુનું કારણ જાણી શકાશે.

આ અગાઉ આઇએસપીઆરે એક સૂચના જાહેર કરીને જણાવ્યું હતું કે કોક્સ બજારમાં વાયુસેનાના બેઝ પર સમિતિપરાના બદમાશોના જૂથ દ્વારા અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. આઇએસપીઆરના સહાયક નિર્દેશક આયેશા સિદ્દિકાએ જણાવ્યું હતું કે વાયુસેના આ સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરી રહી છે.

### રૂઢિચુસ્ત વિરોધ પક્ષનો

અનુમાનના આધારે કહી શકાય કે મર્ઝના યુનિયન બ્લોકને ૨૮.૫ ટકા મત મળ્યા હતા, જ્યારે વસાહતીવિરોધી ઓલ્ટરનેટીવ ફોર જર્મની અથવા તો એએફડીને ૨૦.૫ મત મળ્યા હતા. તેની ટકાવારી ૨૦૨૧ની ચૂંટણીના સરખામણીમાં લગભગ બમણી થઈ હતી. સ્કોલ્ઝના સોશિયલ ડેમોક્રેટને ૧૬ ટકા અનુમોદન મળી શકે. આ ટકાવારી ગઈ ચૂંટણી કરતા પણ ઓછી હતી. વિશ્વયુદ્ધ પછીની ૨૦.૫ની ઓછી ટકાવારી કરતાં પણ આ તેનો સૌથી ખરાબ દેખાવ છે. વિદાય લેનારી સરકારમાં ભાગીદાર પક્ષ પર્યાવરણવાદી ગ્રીન્સને ૧૨ ટકા જનાધાર મળ્યો હતો.

મર્ઝને બહુમતીની સરકાર બનાવવા સ્કોલ્ઝના સોશિયલ ડેમોક્રેટ સાથે ગઠબંધન સરકાર રચવી પડશે અથવા તો બીજા સાથીદાર જેવા કે ગ્રીન્સની જરૂર પડશે. મર્ઝે કહ્યું હતું કે સૌથી અગત્યની બાબત જર્મનીમાં બને એટલી વહેલી ટકાઉ સરકાર બનાવાની છે. મને મારી આ જવાબદારીનો ખ્યાલ છે. અમારી સામે વિરાટ કાર્યોના ભરાવાનો પણ મને ખ્યાલ છે. હું આનો સામનો બધાના આદર સાથે કરીશ. જોકે મને ખબર છે કે આ સહેલું નહીં હોય. વિશ્વ ગઠબંધન માટે લાંબી વાતચીત અને મંત્રણાની રાહ નહીં જુએ. (એજન્સી)

### કુલ ૭૪ હૉસ્પિટલ

કલમો લગાવામાં આવી છે. ટૂંક સમયમાં હૉસ્પિટલના માલિક કાર્તિક પટેલ વિરુદ્ધ પણ પુરવણી ચાર્જશિટ દાખલ કરવામાં આવશે.સોમવારે વિધાનસભામાં પ્રશ્નોતરી કાળમાં શરૂઆતના મુખ્ય ૨૦ પ્રશ્નોમાંથી લગભગ સાત જેટલા પ્રશ્નો ખ્યાતિ હૉસ્પિટલમાં બનેલી ઘટના અને પીએમજય-મા યોજના સંદર્ભે હતા. ખ્યાતિ ઘટના પહેલાં પીએમજય મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ રાજ્યમાં કુલ ૫૨ હૉસ્પિટલ અને ૦૩ ડૉકટર તેમ જ ઘટના બાદ ૨૨ હૉસ્પિટલ અને ૦૬ ડૉકટર્સ મળીને કુલ ૭૪ હૉસ્પિટલ અને ૦૯ ડૉકટર્સ સસ્પેન્ડ કરાયા છે.

અત્યાર સુધીમાં કુલ રૂા. ૧૯.૯ કરોડની પેનલ્ટી લગાવવામાં આવી છે. તે ઉપરાંત એન્જીયોગ્રાફી સહિતની વિવિધ પ્રોસિઝરમાં ફરજિયાત વીડિયો કન્સેન્ટ લેવાની જોગવાઈ કરાઈ છે. સારવાર સંબંધિત કામગીરીનું સઘન મોનિટરિંગ કરવા સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટને વધુ સુદૃઢ કરીને છેતરપિંડીના બનાવો અટકાવવા માટે સરકારી તેમ જ જીએમઈઆરએસ મેડિકલ કૉલેજમાંથી ૪૩ ટીમનું ગઠન કરાયું છે.

### અમેરિકા વિશ્વભરના

કર્મચારીઓના યુનિયનો, યુએસએઆઈડીના કોન્ટ્રક્ટરો દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં જણાવવામાં આવ્યું છે કે સૅનેટરોની મંજૂરી વિના વહીવટીતંત્રને સ્વતંત્ર એજન્સીને નાબૂદ કરવાનો બંધારણીય અધિકાર નથી.

સરકારની આ યોજના પર કામચલાઉ રોક લગાવવાની માગણી કરતી કર્મચારીઓની અરજીને યુએસ ડિસ્ટ્રિક્ટ જજે નકારી કાઢી હતી. વહીવટીતંત્રના આ પગલાંએ યુએસએઆઈડીને વિખેરવાની સરકારની યોજનાને વેગ આપ્યો છે. (એજન્સી)

### બ્લેક મન્ડે

નકારાત્મક સંદેશ સાથે એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શૅરબજાર સતત પીછેહઠ નોંધાવી રહ્યું છે. ટેરિફ વોર શરૂ થયા પછીના ખાસ કરીને ચીન અને યુરોપિયન સંઘના પ્રત્યાઘાતને કારણે ઇકિવટી ઇન્વેસ્ટર્સના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચી છે.

નિષ્ણાતોના મતે, આ સપ્તાહમાં બજારના સહભાગીઓ સાવચેતીભર્યું વલણ અપનાવશે. બજારની નજર ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ પરના વિકાસ અને યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

નિષ્ણાતોના મતે આ અઠવાડિયે માસિક ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રાક્ટની સમાપ્તી આવતી હોવાથી અફડાતફડી અને અસ્થિરતા વધી શકે છે.

### ઝારખંડમાં

પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો તે ૧૨થી ૧૬ વર્ષની વયજૂથની હોવાનું પરિવારજનો દ્વારા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું.

રાનિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ રવિવારે આ ઘટના પ્રકાશમાં આવી હતી, એમ એસપીએ કહ્યું હતું.

ઘટનાની તપાસ માટે પોલીસ તાત્કાલિક ટુકડીની રચના કરી ૧૮ આરોપીની ધરપકડ કરી હોવાનું તેમણે કહ્યું હતું.

તમામ આરોપીને બાળસુધાર ગૃહમાં મોકલી આપવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. ઘટનાનો ભોગ બનેલી સગીરાઓનું તબીબી પરીક્ષણ વહેલામાં વહેલી તકે કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### પશ્ચિમ આફ્રિકામાં

નહોતી આવી. આ બંને ડ્રગ્સના કોમ્બિનેશનવાળી દવાની લોકો પર હાનિકારક અસર થઈ રહી હોવાનાં બીબીસીના અહેવાલને પગલે ડીસીજીઆઈએ આ પીડાશામક દવાનાં ઉત્પાદન અને નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ બંને દવાનું ઉત્પાદન કરતી કંપની પર દરોડા પાડી બંને દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ બંને ડ્રગ્સના કોમ્બિનેશન ધરાવતી દવાનાં ઉત્પાદન અને નિકાસ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની પ્રક્રિયા આરંભી દેવામાં આવી હોવાનું આરોગ્ય ખાતાએ કહ્યું હતું. દવાની ગેરકાયદે નિકાસ પર ચાંપતી નજર રાખવાની એફડીએએ ભલામણ કરી હતી. (એજન્સી)

### મધ્ય પ્રદેશમાં

પ્રોસ્પેક્ટસ રિપોર્ટમાં કહ્યું હતું કે ભારત આગામી બે વર્ષ સૌથી ઝડપથી વિકાસ કરતું અર્થતંત્ર તરીકે જારી રહેશે. મોદીએ કહ્યું હતું કે ડીરેગ્યુલેશન કમિશન રાજ્યોમાં રોકાણકારને માફક આવે એવી નિયામક ઈકોસિસ્ટમ સર્જશે. તેમણે કહ્યું હતું કે ભારત ગ્લોબલ એરોસ્પેસ ફર્મ માટે પુરવઠો આપતી ટોચની ચેન બની રહ્યું છે. ટેક્સ્ટાઈલ, ટૂરિઝમ અને ટેક્નોલૉજીના ક્ષેત્રો આગામી વર્ષોમાં કરોડો રોજગાર ઊભા કરશે. વડા પ્રધાને મધ્ય પ્રદેશ સરકારની ૧૮ નવી નીતિઓનું અનાવરણ કર્યું હતું. આ નીતિનો હેતુ ભાજપશાસિત રાજ્યમાં મોટા રોકાણને આકર્ષવાનું છે. (એજન્સી)

### ૪૦ ટ્રાવેલ એજન્ટ્સના

જે વચન આપ્યું હતું તે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશનિકાલ કરવાની કામગીરી આરંભી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકામાં વસતા ગેરકાયદે વસતા નાગરિકો સામે કાર્યવાહીનો દોર ચાલુ છે. અત્યાર સુધીમાં ત્રણ વિશેષ વિમાન મારફતે અમેરિકાથી ગેરકાયદે વસતા નાગરિકોને તેમના દેશ પરત મોકલવામાં આવ્યા છે. વિશેષજ્ઞોનું માનવું છે કે અમેરિકામાં હજુ મોટી સંખ્યામાં ગેરકાયદે ભારતીય નાગરિકો વસે છે, આથી અમેરિકાનું આ ઓપરેશન આવનારા મહિનાઓમાં પણ ચાલી શકે છે.

# ત્રિ-દિવસીય 'સોમનાથ મહોત્સવ'નો પ્રારંભઃ મહાશિવરાત્રીના દિવસે ભક્તોનું ઘોડાપૂર ઊમટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતનાં બાર જ્યોતિર્લિંગમાં સર્વ પ્રથમ સૌરાષ્ટ્ર સાગરતટે સોમનાથ-પ્રભાસપાટણ ખાતે દેવાધિદેવ શિવના મહાપર્વ મહાશિવરાત્રીના દિવસે ભક્તોનું ઘોડાપૂર ઊમટવાની શક્યતા છે. સોમનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા મુજબ, બુધવારે સવારે ૬ વાગ્યાથી ૪૮ કલાકમાં બે લાખ જેટલા શ્રદ્ધાળુઓ સોમનાથ દાદાનાં દર્શન કરશે. સામાન્ય દિવસોમાં મંદિરમાં દરરોજ ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ મુલાકાતીઓ આવતા હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં ત્રિ-દિવસીય 'સોમનાથ મહોત્સવ'નો પ્રારંભ થયો હતો. ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી સુધી કલા દ્વારા આરાધનાનો અલૌકિક ઉત્સવ ઊજવવામાં આવશે.

ટ્રસ્ટના પદાધિકારીઓના જણાવ્યા મુજબ, મુલાકાતીઓની સલામતી અને સુવિધા માટે ખાસ પગલાં અમલમાં મૂકવામાં આવ્યાં છે. ભીડના કાર્યક્ષમ સંચાલન માટે વધારાના પોલીસ કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે. અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને મંદિર બુધવારે સવારે ૬ વાગ્યાથી બીજા દિવસે રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. ગીર સોમનાથના કલેક્ટર દિગ્વિજયસિંહ. જાડેજાએ ખાતરી આપી હતી કે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક સત્તાવાળાઓ બંનેએ ભક્તો અને મુલાકાતીઓને સરળતાથી રહેવા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે સૌ પ્રથમ વાર વિશેષ સોમનાથ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ તહેવારમાં સોમનાથમાં ભક્તો માટે સંગમ સ્નાનનું વિશેષ આયોજન રાખવામાં આવ્યું છે, આ સોમનાથ મહોત્સવમાં પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ સન્માનિત ભારતીય કલાકારો દ્વારા નૃત્ય-સંગીત મહોત્સવ મનાવવામાં આવશે. મહાશિવરાત્રિ નિમિત્તે તા. ૨૪થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન સોમનાથ ખાતે આયોજિત આ મહોત્સવમાં શ્રદ્ધાવાન ભક્તો માટે સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા વીણા વડે ભજન અને રાસથી ડાયરા સહિત વિવિધ અલૌકિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના પ્રવાસન વિભાગ તથા ઇન્દિરા ગાંધી કલા કેન્દ્ર, વડોદરા દ્વારા આયોજિત આ સમગ્ર મહોત્સવ દરમિયાન સન્માનિત ખ્યાતનામ કલાકારો દ્વારા ત્રણ દિવસ અને રાત્રિ દરમિયાન મહાશિવરાત્રીની પાવન ઘડીએ વિશેષ સંગીત પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત અહી વાદ્યમ્-નાદસ્ય યાત્રા પર વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે, જેમાં સેક્રેડ સાઉન્ડઃ નાદ, વાદ્યો અને તેમની કથાઓ સંગીત, આધ્યાત્મિકતા તેમ જ કલા-અભિવ્યક્તિ વચ્ચેનો અનોખો સંબંધ ઉજાગર કરાશે. તદુપરાંત સંગીત વાદ્યોની વિકાસયાત્રા, દિવ્યકથાઓ સાથેના તેમના જોડાણ અને શિલ્પ-દશ્યકળામાં તેમની રજૂઆત આ પ્રદર્શનના કેન્દ્રસ્થાને રહેશે.

# ગુજરાતમાં ૧૦૦૦ મહિલાએ માત્ર એક જ પુરુષ નસબંધી કરાવે છેઃ રિપોર્ટમાં ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં વસતી નિયંત્રણ માટે સરકાર દ્વારા નસબંધી માટે જાગૃતિની વિવિધ ઝુંબેશ ચલાવવા આવે છે. નસબંધી કેમ્પમાં નસબંધી કરાવતા પુરુષો અને મહિલાઓને સરકાર સહાય પણ આપે છે. જોકે તેમ છતાં આ અભિયાનમાં ધારી સફળતા મળી નથી. ગુજરાતમાં મોટા ભાગના પરિવારોમાં કુટુંબ નિયોજનની જવાબદારી હજુ માત્ર સ્ત્રીઓ પર જ છે. ગુજરાતમાં પ્રતિ ૧૦૦૦ મહિલાએ માત્ર ૧ પુરુષ જ નસબંધી કરાવે છે તેવો ખુલાસો એક રિપોર્ટમાં થયો હતો. ગત વર્ષે એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન ૧.૩૩ લાખ મહિલાએ નસબંધી કરાવી હતી. જ્યારે માત્ર ૧૧૨૦ પુરુષોએ નોન સર્જિકલ વાસ્કેટોમી માટે આગળ આવ્યા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં સરેરાશ ૩ લાખથી વધુ મહિલા નસબંધી કરાવે છે.

સ્ત્રી નસબંધીની સરખામણીએ પુરુષ નસબંધી કરાવવી સરળ અને સુરક્ષિત છે. પુરુષો પ્રક્રિયાના અમુક મિનિટ બાદ પૂરી રીતે ફિટ થઈ જાય છે, જ્યારે મહિલાઓને ફિટ થતાં સમય લાગે છે. આમ છતાં મોટા ભાગના પુરુષો મહિલાઓ પાસે નસબંધી કરાવવાનો આગ્રહ રાખે છે.

નસબંધી અંગે મોટા ભાગના પુરુષો નસબંધીથી તેના પુરુષત્વમાં ઘટાડો થશે તેવી ખોટી માન્યતા ધરાવતા હોવાના કારણે તેઓ દૂર ભાગી રહ્યા છે. મોટા ભાગના પુરુષોને નસબંધીથી પુરુષત્વમાં ઘટાડો થવાનો ડર લાગતો હોવાથી મહિલાઓને નસબંધી માટે ફરજ પાડવામાં આવે છે.

# ગુજરાત પોલીસે સીસીટીવી કૅમેરા હેકર્સના મુખ્ય સૂત્રધારને પકડીને ષડ્યંત્રનો પર્દાફાશ કર્યોઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહમાં રાજકોટના ખાનગી મેટરનિટી હોમમાં મહિલા દર્દીઓની સારવારના સી.સી.ટી.વી. વીડિયો વાયરલ થવાની ઘટના સંદર્ભે જવાબ આપતાં ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેટની મદદથી સુરક્ષા અને સર્વેલન્સના આ યુગમાં લાખો સી.સી.ટી.વી. લાગેલાં હોય છે. ત્યારે આ કૅમેરા હેક કરનારા હેકર્સ દેશના હજારો કૅમેરાઓ હેક કરીને એક દેશવ્યાપી ષડ્યંત્ર કરે તે પહેલાં જ ગુજરાત પોલીસે આ રૅકેટનાં મૂળ સુધી પહોંચીને મુખ્ય સૂત્રધારોને પકડી આ ષડ્યંત્રનો પર્દાફાશ કર્યો છે.

વિધાનસભા ગૃહમાં ગૃહરાજ્ય પ્રધાને ઘટનાક્રમની વિગતો આપતાં કહ્યું કે, ૧૭ ફેબ્રુઆરીએ સાંજે ટેલિગ્રામ ગ્રુપમાં કોઈ હૉસ્પિટલ રૂમના સ્ત્રી દર્દીના ઇંજેક્શન અને એક્ઝામિનેશનને લગતા વીડિયો અપલોડ થયાની બાબત ધ્યાને આવતાં તાત્કાલિક અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં પોલીસે ફરીયાદી બનીને એફ આઇ આર દાખલ કરી હતી. તપાસમાં રાજકોટનો બનાવ હોવાનું ધ્યાને આવતાં ટીમ મોકલીને તાત્કાલિક એનાલીસીસ કર્યું હતું.

ગુજરાત પોલીસે આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરીને પોતે એક ગ્રાહકની માફક ટેલિગ્રામ ગ્રુપના સભ્ય બનીને તે ગ્રુપમાં જોડાઈને એકત્ર કરેલી માહિતીને આધારે મુખ્ય સૂત્રધારો સુધી પહોંચી પોલીસે મહારાષ્ટ્રના સાંગલી, લાતુર અને યુ.પી.ના પ્રયાગરાજ અલગ-અલગ ટીમો મોકલીને ૩ હજાર કિ.મી દૂરથી આરોપીઓને ૪૮ કલાકમાં દબોચી લીધા. સીસીટીવી લીકેજ કેસોમાં સૌ પ્રથમ વખત સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે. રાજ્ય સરકાર દ્વારા આ કેસમાં સ્પે.પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરી ડે ટૂ ડે કેસ ચાલે તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા પણ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

સીસીટીવી હેક કરનાર આ આરોપીઓ યુરોપીયન દેશો એટલાન્ટા, રોમાનિયા, જ્યોર્જિયા, જાપાન જેવા દેશોના વીપીએનનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવતા હતા. ટેલીગ્રામ ગ્રૂપમા આ લોકો ૨૨ અલગ અલગ ચેનલ ચલાવતા હતા અને અશ્લીલ વીડિયોના મેનુ કાર્ડ ગ્રૂપમાં રાખતા હતા. બે મુખ્ય હેકર્સે આશરે ૫૦ હજાર કરતાં વધારે સીસીટીવી છેલ્લા આઠ મહિનામાં હેક કર્યા છે. આ વીડિયો ભારતનાં તમામ રાજ્યના હતા. જેમાં કૉર્પોરેટ ઑફિસ, સ્કૂલ, કૉલેજ, મૂવી થિયેટર તથા ઘરના અંગત વીડિયોઝ આ લોકોએ હેક કર્યા છે.

# પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાનાં છ વર્ષ પૂર્ણઃ ગુજરાતમાં ૬૬.૫૫ લાખ ખેડૂતોને ૧૮,૮૧૩ કરોડ આર્થિક સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૧૯માં વડા પ્રધાને ખેડૂતોના સશક્તિકરણ માટે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ દેશના તમામ નાના ખેડૂતોનાં બૅન્ક ખાતામાં વાર્ષિક ૬૦૦૦ની નાણાકીય સહાય અપાય છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ પહેલના અસરકારક અમલીકરણ દ્વારા ખેડૂતોનું આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કર્યું છે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનાં ૬ વર્ષમાં રાજ્યના ૬૬.૬૫ લાખ ખેડૂતોને ૧૮,૮૧૩.૭૧ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ પાત્ર ખેડૂતો સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે મલ્ટિ-લેવલ વેરિફિકેશન સિસ્ટમ લાગુ કરી છે. આ પ્રણાલીનો ઉદ્દેશ યોજનાના અમલીકરણમાં પારદર્શિતા અને જવાબદારી જાળવવાનો છે. ૧૨મા હપ્તાથી જમીન વાવણીને ફરજિયાત બનાવવામાં આવી છે. જેથી ફક્ત પાત્રતા ધરાવતા ખેડૂતો જ આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ અંતર્ગત, ખેડૂતોએ પોતાની જમીનને પોર્ટલ સાથે જોડવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ આપવામાં આવતી નાણાકીય સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ખેડૂતોના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. લાભાર્થી ખેડૂતો પીએમ-કિસાન પોર્ટલ પર તેમનું પેમેન્ટ સ્ટેટસ ચકાસી શકે છે. આ પોર્ટલ પર તેઓને બેન્કનું નામ, એકાઉન્ટ નંબર, વ્યવહારની તારીખ અને યુટીઆર નંબર જેવી વિગતો જોવા મળશે.

ખેડૂતોને નાણાકીય સુરક્ષા પૂરી પાડીને, રાજ્ય કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહ્યું છે અને અવિરત વિકાસને પ્રેરિત કરી રહ્યું છે.

# ગાંધીનગરમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારો અને વીસીઈ કર્મચારીઓનું ઉગ્ર આંદોલનઃ પોલીસે અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ આજથી ગાંધીનગર ખાતે પોતાની પડતર માંગણીઓ મુદ્દે આંદોલન શરૂ કર્યું હતું. સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ઉમેદવારો આંદોલનના સ્થળે પહોંચે તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. બીજી તરફ રાજ્યના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર કર્મચારીઓએ પણ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન કર્યું હતું. પોલીસે ઉમેદવારોની અટકાયત કરતાં ઘર્ષણ થયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે, ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીમાં આંદોલન કરી રહેલા ઉમેદવારોની મુખ્ય માગણીઓમાં શિક્ષણ સહાયકનું પીએમએલ અને ડીવી શિડ્યૂલ જાહેર કરવા, ધોરણ ૧થી ૮માં વિદ્યા સહાયકમાં કેટેગરી અને વિષય મુજબ જગ્યાઓની યાદી જાહેર કરવા ઉપરાંત, ૫૭૦૦ જૂના શિક્ષક અને ૧૨૦૦ આચાર્યની બદલી બાદ ખાલી પડનારી જગ્યાઓ વર્તમાન ભરતીમાં ઉમેરવા, ગત વર્ષે મંજૂર થયેલા ૨૭૫૦ વિદ્યા સહાયકની જગ્યાઓ પણ વર્તમાન ભરતીમાં સામેલ કરવા તેમ જ ઉમેદવારોના ઉનાળુ વેકેશન પહેલાં સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂકપત્રો આપવા માગ કરાઈ હતી.

બીજી તરફ રાજ્યના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર કર્મચારીઓએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન કર્યું હતું. આ કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં કમિશન પ્રથા બંધ કરવી, નિયમિત પગારધોરણ લાગુ કરવું, લઘુત્તમ વેતન ધારો અમલમાં મૂકવો અને ઈગ્રામ પૉલિસીમાં ફેરફાર કરવાનો સમાવેશ થાય છે.

આંદોલન દરમિયાન પોલીસે તમામ કર્મચારીઓની અટકાયત કરી હતી. રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં વીસીઈ કર્મચારીઓ આ આંદોલનમાં જોડાયા હતા.

# ટેટ અને ટાટ પાસ ઉમેદવારોનાં આંદોલન વચ્ચે શિક્ષણપ્રધાનનું નિવેદનઃ સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીમાં રાજ્યના ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ આંદોલન શરૂ કરતાં શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ શિક્ષકોની ભરતી મુદ્દે નિવેદન આપતાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર ૨૪,૭૦૦ શિક્ષકોની ભરતી કરશે. સરકારે બાંયધરી આપી છે તે પ્રમાણે ભરતી થશે. આચાર સંહિતાના કારણે ભરતી પ્રક્રિયામાં મોડું થયું છે. સરકાર દ્વારા ભરતી અંગે જે સત્તાવાર જાહેરાત કરાઈ છે તે તમામ જગ્યા પર ચોક્કસ ભરતી કરાશે.

રાજ્ય સરકાર દ્વારા લાંબા સમયથી શિક્ષકોની ભરતી મુદ્દે પોકળ વચનો આપતાં સોમવારે ટેટ પાસે ઉમેદવારો ગાંધીનગરમાં ધરણાં પર બેઠા હતા. ઉમેદવારોના ઉગ્ર વિરોધને પગલે શિક્ષણપ્રધાન પ્રફુલ પાનશેરિયાએ આશ્વાસન આપતાં જણાવ્યું કે કોઈની દોરવણીમાં આવીને ઉમેદવારોએ આંદોલન ન કરવાં જોઈએ. શિક્ષકોની ઘટ હતી અને તે પૂર્ણ કરવા સરકારે સત્તાવાર જાહેરાત કરી દીધી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ જાહેરાત મુજબ જ ૨૪૭૦૦ શિક્ષકોની ભરતી કરાશે. રાજ્ય સરકાર પોતાના વાયદા મુજબ કામગીરી કરી રહી છે. એ જરૂર છે કે અમુક કારણોસર ભરતી પ્રક્રિયામા વિલંબ થયો છે. આચારસંહિતાના કારણે પણ મોડું થયું છે. સરકાર દ્વારા આ ભરતી પ્રક્રિયા શરૂ કરવા સત્તાવાર કામગીરી શરૂ કરી દેવાઈ છે.

# ખ્યાતિકાંડ અને હૉસ્પિટલના સીસીટીવી વીડિયોનો મુદ્દો વિધાનસભામાં ગુંજ્યોઃ વિપક્ષે સીબીઆઈ તપાસની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના સત્રમાં કૉંગ્રેસના ધારાસભ્યોએ પ્રથમ દિવસથી આક્રમકતા દાખવી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. સોમવારે અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં થયેલા પીએમજય યોજનાના કાંડ મુદ્દે કૉંગ્રેસ દ્વારા વિધાનસભા પરિસરમાં વિરોધ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત રાજકોટની હૉસ્પિટલમાં મહિલા દર્દીઓની સારવારના સી.સી.ટી.વી. ફૂટેજના વીડિયો યુટ્યુબ અને ટેલીગ્રામ ચેનલ પર અપલોડ થયા હોવાના મુદ્દે કૉંગ્રેસ દ્વારા વિધાનસભામાં ૧૬૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય પ્રધાનનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

સોમવારે ગૃહની કામગીરી શરૂ થાય તે પહેલાં જ વિધાનસભાની સીડીઓ પર કૉંગ્રેસના ધારાસભ્યોએ 'નાટક' દ્વારા ખ્યાતિ કાંડ રજૂ કર્યો હતો. આ નાટકમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, ઇમરાન ખેડાવાલા, ડૉ. તુષાર ચૌધરી ડૉક્ટર બન્યા હતા. જ્યારે કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર દર્દી બન્યા હતા. કૉંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ જણાવ્યું કે ગુજરાતમાં કમિશન માટે લોકોના જીવ લેવાયા છતાંય સરકારને શરમ આવતી નથી. દર્દીઓને હૉસ્પિટલ લાવીને ૧૫૦૦ રૂપિયામાં આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવે છે. ખ્યાતિ હૉસ્પિટલનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવો જોઈએ અને તેની સીબીઆઈ તપાસ પણ થવી જોઈએ.

બીજી તરફ રાજકોટની હૉસ્પિટલમાં મહિલા દર્દીઓની સારવારના સી.સી.ટી.વી. ફૂટેજના વીડિયો યુટ્યુબ અને ટેલીગ્રામ ચેનલ પર અપલોડ થવાના મુદ્દે કૉંગ્રેસ દ્વારા વિધાનસભામાં ૧૬૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય પ્રધાનનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ખાનગી હૉસ્પિટલોમાં દર્દીઓની પ્રાઇવસીનો ભંગ થતાં જાહેર જનતામાં ભારે રોષ ફેલાયેલ હોવાનો કૉંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# ઍર ટૅક્સીના ટ્રાયલ માટે અમદાવાદ રિવરફ્રન્ટ, કચ્છના માંડવી સાઈટની પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર અને કચ્છના માંડવીની ઍર ટૅક્સી ઉડાડવા માટે સેન્ટ્રલ એવીએશન ડિપાર્ટમેન્ટ દ્વારા ટ્રાયલ સાઈડની પસંદગી કરવામાં આવી છે. દેશની ચાર ટ્રાયલ સાઈડમાં ગુજરાતની બે સાઈટનો સમાવેશ થયો છે, આંધ્રપ્રદેશનાં બે સ્થળ અને ગુજરાતનાં બે સ્થળ પરથી પ્રાયોગિક ધોરણે આ ઍર ટૅક્સી ઉડાન ભરશે.

સેન્ટ્રલ એવિએશન ડિપાર્ટમેન્ટ દ્વારા ઓછો ઘોંઘાટ કરે અને પેટ્રોલનો ઓછો વપરાશ થાય, પર્યાવરણને અનુકૂળ રહે તેવા ઍરક્રાટ ઊડે અને ઍડવાન્સ ઍર મોબિલિટીને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે બેટરી સંચાલિત વર્ટિકલ ટેક ઓફ અને લેન્ડિંગ કરી શકે તેવા નાનકડા ઍરક્રાફ્ટ જેને ઍર ટૅક્સી તરીકે ઓળખવામાં આવે છે, આ ઍરક્રાફ્ટ હેલિકોપ્ટરની જેમ નાનકડું હોવાથી તેને રન વે ની જરૂર હોતી નથી હોતી આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં બે સ્થળોની પસંદગી કરવામાં આવી છે.

આ મુદ્દે સેન્ટ્રલ એવીએશન ડિપાર્ટમેન્ટે રિપોર્ટ રજૂ કર્યો છે જેમાં સેન્સર લેટેસ્ટ સોટવેર હેલિકોપ્ટર કરતાં વધુ સલામત છે આ રિપોર્ટમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સેન્ટ્રલ એવીએશનની નિષ્ણાતની ટીમે ગુજરાતની મુલાકાત લીધી હતી, જેમાં અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પરથી ઍર ટૅક્સી ઉડાન માટે નક્કી કરાયું છે, જ્યારે કચ્છના માંડવીની પણ પસંદગી કરાઈ છે, આ બંને સ્થળોની ટ્રાયલ સાઈડ તરીકે પસંદગી થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી મોટા ઉપાડે શરૂ કરવામાં આવેલા સી પ્લેનનું બાળમરણ થયું હતું, હવે આ ઍર ટૅક્સી પ્રોજેક્ટનું શું થશે તેના પર નજર રહેશે.

# ગુજરાતમાં ખાનગી સ્કૂલોમાં આરટીઈ પ્રવેશ માટે ૧.૫૦ લાખની આવકમર્યાદામાં કોઈ વધારો નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી સ્કૂલોમાં પ્રવેશપ્રક્રિયા અંતર્ગત વાલીઓની આવક શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખ નક્કી કરાઈ છે. આરટીઈમાં પ્રવેશ માટે વાલીઓની આવકમર્યાદામાં વધારો કરવાની માગણી હોવા છતાં કોઈ નિર્ણય કરવામાં નહીં આવતાં અનેક બેઠકો ખાલી પડી છે. આવકમર્યાદાના મુદ્દે પ્રવેશ રદ થાય તે બેઠક પર અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની કોઈ જોગવાઈ ન હોવાથી મુશ્કેલી ઊભી થઈ રહી છે.

રાઇટ ટુ એજ્યુકેશન સ્કીમ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા બેઠકો પર ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ માટે ૧૨ વર્ષ પહેલાં એવો નિર્ણય કરાયો હતો કે આ સ્કીમમાં પ્રવેશ મેળવવા માટે શહેરી વિસ્તારમાં રહેલા વિદ્યાર્થીના વાલીની આવક ૧.૫૦ લાખ અને ગ્રામ્ય વિસ્તારના વાલીની આવક ૧.૨૦ લાખ હોવી જરૂરી છે. આ નિયમ કરતાં વધારે આવકવેરા રિટર્ન હોય તોપણ પ્રવેશ રદ કરી દેવામાં આવે છે.

બીજી તરફ વિદ્યાર્થીઓને સરકાર તરફથી આપવામાં આવતી સ્કોલરશિપ માટે વાલીની આવક ૬ લાખ નક્કી કરાઈ છે. સ્કોલરશિપ માટે ૬ લાખની વાર્ષિક આવક હોય તો સરકાર દ્વારા તેને ગરીબ ગણીને સ્કોલરશિપ આપવામાં આવે છે, પરંતુ આરટીઈમાં ૧.૫૦ લાખની વાર્ષિક આવક હોય તેવા વાલીઓનાં સંતાનોને જ ગરીબ ગણીને પ્રવેશ ફાળવવામાં આવી રહ્યો છે. છેલ્લાં ૧૨ વર્ષથી જે આવકમર્યાદા નક્કી કરવામાં આવી છે તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે શિક્ષણ વિભાગ સમક્ષ સમયાંતરે વાલીઓની આવક મર્યાદા ૧.૫૦ લાખથી વધારીને ૪થી ૫ લાખ સુધીની કરવી જોઈએ તેવી માગણી કરવામાં આવી રહી છે. જે વિદ્યાર્થીઓના પ્રવેશ રદ થાય છે તેની સામે અન્ય લાયક વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટેની પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ માત્ર ધો.૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવે છે. ધો.૧થી ૮માં કોઈ કારણોસર ખાલી પડતી બેઠકો પર અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટે કોઈ વ્યવસ્થા જ નથી.

# વડોદરાના સાવલીમાં 3.37 કરોડના 3.379 કિલોગ્રામ એમડી ડ્રગ્સ સાથે બે લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે, રાજ્યમાં ડ્રગ્સની તસ્કરી સતત વધી રહી છે. આ દરમિયાન વડોદરા એસઓજી પોલીસે દરોડો પાડીને ૩.૩૭ કરોડની કિંમતનું ૩.૩૭૯ કિલોગ્રામ એમડી ડ્રગ્સ અને તેને બનાવવા માટેનું રોમટીરીયલ ઝડપી પાડી બે ઈસમોની ધરપકડ કરી ત્રણ શખસોને વૉન્ટેડ જાહેર કર્યા હતા. એસઓજી પોલીસે ચોક્કસ માહિતીને આધારે વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલા મોકસી ગામની સીમમાં રાણિયા જવાના રોડની બાજુમાં આવેલા એક ખેતરમાં દરોડો પાડ્યો હતો. આ ખેતરમાં સેડ બનાવી જગદીશ મહિડા નામનો ઈસમ તેના સાથી પ્રેમચંદ મહંતો નામના બીજા ઈસમ સાથે ભેગા મળીને નશાકારક પદાર્થ મેફેડ્રોન સિન્થેટિક ડ્રગ્સ ફૅક્ટરીમાં બનાવી વેચાણ કરી રહ્યો હતો. આ જોઈ એસઓજી પોલીસ પણ ચોંકી ઊઠી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલો આરોપી જગદીશ મહિડાની અગાઉ ૨૦૧૪માં સીઆઈડી ક્રાઈમે ગાંધીનગર એડીપીએસના ગુનાના કામે ધરપકડ કરી હતી. તપાસના અંતે ફૅક્ટરીમાંથી નશાકારક માદક પદાર્થ મેફેડ્રોન ૩ કિલો ૩૭૯ ગ્રામ કિંમત રૂપિયા ૩ કરોડ ૩૭ લાખ ૯૦ હજાર તેમ જ ડ્રગ્સ બનાવવા માટેનું ૧,૭૩,૧૧૨ રૂપિયાની કિંમતનું રો મટીરીયલ તેમ જ અન્ય સાધન-સામગ્રી મળી આવી હતી સાથે જ ૮૨૫ ગ્રામ શંકાસ્પદ પાઉડર પણ મળી આવ્યો હતો. પોલીસે આ ગુનામાં જગદીશ મહિડા અને પ્રેમચંદ મહંતો નામના ઈસમની ધરપકડ કરી હતી. જ્યારે ગોરવા વિસ્તારના ચિરાગ પટેલ બિહાર ઔરંગાબાદના વિપુલ સિંગ અને તેની સાથે આવેલા એક અજાણ્યા ઇસમને વૉન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

# વન્યજીવ અભયારણ્યની એક કિ.મી.ની ત્રિજ્યામાં માઈનિંગની મંજૂરી નહીંઃ રાજ્ય સરકારની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના દાતા તાલુકાના અંબાજી-બાલારામ અભયારણ્યની આસપાસ પ્રતિબંધ અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કે ભંગ થયો ન હોવાનું વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશ પટેલે વિધાનસભામાં જણાવ્યું હતું. આ અંગે ગૃહમાં એક સવાલનો જવાબ આપતાં તેમણે જણાવ્યું હતું કે, અંબાજી-બાલારામ વન્યજીવ અભયારણ્યની આસપાસ વર્ષ ૨૦૧૯થી રાજ્ય સરકાર દ્વારા એક પણ લિઝને મંજૂરી આપવામાં આવી નથી. ગુજરાતમાં કેન્દ્ર સરકારની નીતિ મુજબ વન્યજીવ અભયારણ્યની એક કિ.મી.ની ત્રિજ્યામાં માઈનિંગની કામગીરી માટે મંજૂરી આપવામાં આવતી નથી.

વિધાનસભામાં વધુ વિગત આપતાં મુકેશ પટેલે કહ્યું હતું કે, બાલારામ વન્યજીવ અભયારણ્ય હેઠળ ઈકો સેન્સિટિવ ઝોનમાં બનાસકાંઠા અને સાબરકાંઠાના પાંચ તાલુકાના અંદાજે ૧૩૩ ગામનો સમાવેશ થાય છે. આ ઈકો સેન્સિટિવ ઝોનમાં રહેતા ખેડૂતો ખેતી માટે કૂવો ખોદી શકે, વીજજોડાણ લઈ શકે, હયાત રસ્તાનું સમારકામ,પશુપાલન માટે તબેલો, ઘર, કમ્પાઉન્ડ વોલ, આ વિસ્તારમાં દવાખાનું, આંગણવાડી શાળા, ખેતી કરવા વિવિધ પાક, જૈવિક ખેતી, કુટીર ઉદ્યોગ, સોલાર પેનલ, કૌશલ્ય વિકાસ તેમ જ પર્યાવરણ જાગૃતિ જેવી પ્રવૃત્તિ કરી શકાય છે. જોકે, હોટલ વ્યવસાય, વૃક્ષ કાપવા, ઉદ્યોગો સ્થાપવા, કેબલ નાખવું, રસ્તા પહોળા કરવા, નવા રસ્તા બનાવવા, રાત્રિના સમયે ખેતીના ઉપયોગ સિવાય વાહન ચલાવવું, ઘન કચરો અને પ્લાસ્ટિકનો નિકાલ તેમ જ હેલિકોપ્ટરનો ઉપયોગ વગેરે પ્રવૃત્તિઓ માટે ફરજિયાત મંજૂરી લેવાની હોય છે.

# અમદાવાદમાં ભારતની જીતની ઉજવણી કરી રહેલા યુવાનો પર પથ્થરમારોઃ સાત લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ યોજાઈ હતી જેમાં ભારતે પાકિસ્તાનને ૬ વિકેટે હરાવ્યું હતું. ભારતીય ટીમની જીત બાદ સમગ્ર દેશમાં ફટાકડા ફોડીને ઉજવણી કરાઈ હતી.

જોકે આ ઉજવણી દરમિયાન અમદાવાદમાં અનુપમ ત્રણ રસ્તા નજીક પથ્થરમારો થયો હતો. ૨૩મી ફેબ્રુઆરીના રવિવારે પાકિસ્તાન સામે ભારતનો વિજય થતાં યુવકો રસ્તા પર ફટાકડા ફોડતા હતા, જેમાં એક યુવાન પર ફટાકડાનો તણખલો પડતાં મામલો ગરમાયો હતો.

મળતી માહિતી અનુસાર, શહેરના અનુપમ ત્રણ રસ્તા નજીક ક્રિકેટ મેચમાં પાકિસ્તાન સામે ભારતનો વિજય થતાં યુવકો રસ્તા પર ફટાકડા ફોડતા હતા. એક યુવાન પર ફટાકડાનો તણખલો પડતા માહોલ ગરમાયો હતો. આ ઘટના બાદ બે જૂથના યુવકો વચ્ચે બોલાચાલી થતાં ૧૫થી વધુ યુવકો આવ્યા હતા અને તેમણે ફટાકડા ફોડી રહેલા યુવકો પર પથ્થરમારો કર્યો હતો.

આ ઘટનામાં એક યુવક ઘાયલ થતાં તેને પ્રાથમિક સારવાર માટે એલજી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતાં તાત્કાલિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ ઘટનાને લઈને પોલીસે ક્રોસ ફરિયાદ નોંધીને ૭ લોકોની અટકાયત કરી હતી.

# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવના સાંનિધ્યે પૂ. વનિતાબાઈ મ. સ. આદિની દીક્ષા જયંતીની ઉજવણી



ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી. ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. રંભાબાઇ મ. સ. નાં સુશિષ્યા પૂ. નર્મદાબાઇ મ. સ.નાં પુત્રી રત્ના, તત્ત્વવેતા પૂ. વનિતાબાઇ મ. સ.ની ૬૭મી દીક્ષા જયંતી તેમ જ પૂ. મીનાજી-ઇલાજી મ. સ.ની ૩૫મી અને પૂ. લીનાજી મ. સ. ની ૩૩મી દીક્ષા જયંતી અવસરે ડૉ. સી. જે. દેસાઇ મહાવીર ભવન (માલવીયા ચોક) ખાતે નિશ્રા પ્રદાતા પૂ. શ્રી. ધીરગુરુદેવે જણાવેલ કે દીક્ષા જયંતીનો દિવસ એટલે આત્મ અવલોકન, આત્મભાવમાં રમણતા અને અંતર સોપાન ચડવાનો દિવસ છે. સાધકે Improvement = શુદ્ધિકરણ, Implement= નવી નવી આરાધનાનો અમલ અને Involvment - એકરસ બનીને સાધનામાં પ્રગતિ કરવાની છે. સંયમ સમાધિ પ્રવચન પૂર્વે ૬૬૬ સમૂહ ભક્તામર સંકલ્પ જાપ સંપન્ન થયેલ. ૨૦૨૫માં પૂ. વનિતાબાઇ મ. સ.નું ચાતુર્માસ ઓમાનવાલા ઉપાશ્રય (રોયલ પાર્ક)માં ઘોષિત કરાયું હતું. પૂ. શ્રી. ધીરગુરુદેવ તથા પૂ. વનિતાજી મ. સ. આદિની ચૈત્રી આયંબિલ ઓળી વિરાણી પૌષધશાળામાં જાહેર કરાતાં ઉમંગ છવાયો હતો. પૂ. સુશીલાબાઇ મ. સ. નું શ્રમજીવી અને પૂ. ઉષા-વીણાજી મ. સ. નું વૈશાલીનગર ચાતુર્માસ અને પૂ. ગુણીબાઇ મ. સ.ની આયંબિલની ઓળી ટંકારા જાહેર કરવામાં આવી હતી.

## મુંબઈ સેન્ટ્રલ પરિવાર દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન



મુંબઈ સેન્ટ્રલ પરિવારે ૧૬ ફેબ્રુઆરીએ પ્રથમ સમૂહલગ્નનું આયોજન કર્યું હતું. સવારે ૯ કલાકે ગણેશ પૂજન સાથે સવારે ૧૦ કલાકે હસ્ત મેળાપ કરવામાં આવ્યો હતો. અંધેરી વેસ્ટમાં સ્થિત સરસ્વતી સ્કૂલમાં આ અવસર યોજવામાં આવ્યો હતો. આ પહેલ સાથે ગરીબ અને ગરજુ પરિવારના યુવકો અને યુવતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવને સફળતાપૂર્વક પાર પાડવા માટે અનેક લોકોએ સાથ-સહકાર આપ્યો હતો.

## કોલાબામાં આવેલા ભીડભંજન મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રીનું આયોજન

મહાશિવરાત્રી આવતાં જ વિવિધ ઠેકાણે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ જ કારણ છે કે કોલાબામાં આવેલા શ્રી ભીડભંજન મહાદેવ મંદિરમાં ૨૬ ફેબ્રુઆરી બુધવારે સવારથી સાંજ સુધી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે શાસ્ત્રોક્ત વિધિથી ભોળાનાથની પૂજા, અભિષેક અને લઘુરુદ્રાભિષેક કરવામાં આવશે. સાંજે ભજનોથી વાતાવરણ ભક્તિમય બની જશે. આ અવસરનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ મંદિરના ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યું છે.

## મહાશિવરાત્રી નિમિત્તે મહા ભોલે ભંડારાનું આમંત્રણ

મહાશિવરાત્રી નિમિત્તે સેન્ડહર્સ્ટ રોડમાં વાલપખાડીની સામે આવેલા વન-ઇન્ડિયા ટાવરના પટાંગણમાં મહા ભોલે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. એ પહેલા આજે સાંજે ૬ કલાકે ભસ્મ હલદીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ૨૬ ફેબ્રુઆરીએ સાંજે આરતી બાદ શ્રદ્ધાળુઓને પ્રસાદનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## વિશ્વ માતૃભાષા દિવસની અમેરિકામાં પણ ઉજવણી

વિશ્વ માતૃભાષા દિવસ ૨૧ ફેબ્રુઆરીએ આપણે ઉજવણી કરી હતી. એ કડીમાં અમેરિકામાં સ્થિત અગસ્ત્ય ગુરુકુળના વિદ્યાર્થીઓ સાથે ઝૂમના માધ્યમથી ઉજવણી કરવામાં આવી હતી. એમાં બાળકોની સાથે તેમના માતા-પિતાએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. એ દરમ્યાન તેમણે વાર્તા, કવિતા, પ્રભાતિયું, ગરબા, દલાતરવાડીની કઠપૂતળીથી રજૂઆત કરી હતી. આપણી માતૃભાષાને ધમધમતી રાખવાનું આહ્‌વાન પણ કરવામાં આવ્યું હતું.

# હત્યા કેસમાં બાવીસ વર્ષે ૧૨ જણ દોષી, આજીવન કેદની સજા

મુંબઈ: લાતુર જિલ્લામાં સ્થાનિક ચૂંટણીઓ પર રાજકીય દુશ્મનાવટને પગલે ૫૮ વર્ષના સામાજિક કાર્યકર પર જીવલેણ હુમલો થયાના બાવીસ વર્ષ બાદ કોર્ટે ૧૨ વ્યક્તિને દોષી ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી છે. દોષિતોને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

ફરિયાદી પક્ષે કોર્ટને જણાવેલી વિગત અનુસાર ૨૩મી મે, ૨૦૦૩ના રોજ ગુરધલ ગામમાં સામાજિક કાર્યકર દિગંબર પાટીલ પર ૧૩ વ્યક્તિના એક જૂથે લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આમાં પાટીલના પરિવારજનો પણ ઘાયલ થયા હતા. પોલીસે આરોપનામું ઘડ્યું એ સમય દરમિયાન ૧૩માંથી એક આરોપીનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું. જેને પગલે તેની સામે કાર્યવાહી બંધ કરવામાં આવી હતી. કોર્ટે શુક્રવારે ૧૨ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દોષી ઠેરવીને તેઓને આજીવન કેદની સજા ફટકારી હતી અને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

# સ્કૂલ બસો માટેની નવી માર્ગદર્શિકા જાહેર કરાશે

મુંબઈ: આવતા નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓને સ્કૂલ લઈ જતી ખાનગી સ્કૂલ બસો માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે. આ માટે નિવૃત્ત પરિવહન અધિકારી જિતેન્દ્ર પાટીલના અધ્યક્ષપદ હેઠળ એક સભ્યની સમિતિની નિમણૂક કરવામાં આવી છે અને આગામી એક મહિનામાં આ સંદર્ભમાં અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી હોવાની માહિતી પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપી હતી. નવા શૈક્ષણિક વર્ષથી સ્કૂલ બસો માટેના નિયમો નક્કી કરવામાં આવશે. રાજ્યભરમાં સ્કૂલ બસો ચલાવતી ખાનગી સંસ્થાઓ અંગે વાલીઓ તરફથી પરિવહન વિભાગને ઘણી ફરિયાદો મળી છે. આ સ્કૂલ બસો ૧૦ મહિના માટે વિદ્યાર્થીઓનું પરિવહન કરે છે, અને સંબંધિતો પાસેથી આખા વર્ષની ફી એક જ વારમાં વસૂલવામાં આવે છે. એ ગેરવાજબી છે. ઉપરાંત, શાળા ફી અને શાળા બસ ફી એક જ સમયે વાલીઓ પાસેથી લેવામાં આવતી હોવાથી, તે વાલીઓ પર મોટો આર્થિક બોજ નાખે છે.

### ફડણવીસનો ફરી

સમીક્ષા કર્યા બાદ સરકારે નવી નોડલ એજન્સીઓ નક્કી કરવા અને તેમના સંદર્ભમાં સમાવિષ્ટ નીતિ ઘડવા માટે છ સભ્યોની સમિતિની નિમણૂક કરી છે.

#### શિંદેનું ટાર્ગેટ કોણ એનાથી અજિત પવાર બેખબર

મહારાષ્ટ્રની સત્તાધારી મહાયુતિમાં ફરી એક વખત મતભેદો સામે આવી રહ્યા છે. એકનાથ શિંદે દ્વારા કરવામાં આવેલા એક નિવેદનમાં ટાર્ગેટ કોણ હતું એની જાણકારી નથી એવું નિવેદન કરીને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સનસનાટી ફેલાવી દીધી છે.

### ફડણવીસે ૧૬ ફિક્સરના

દ્વારા એવી ટિપ્પણી કરવામાં આવી હતી કે પીએસ અને ઓએસડીની નિયુક્તિ પણ મુખ્ય પ્રધાન દ્વારા કરવામાં આવે છે, અમારા હાથમાં કશું જ રહેવા દેવામાં આવ્યું નથી. આ ટિપ્પણીને ફડણવીસે અવગણી હતી. ફડણવીસે આ ટિપ્પણી અંગે કહ્યું હતું કે કદાચ કોકાટેને ખબર નથી કે પીએસ અને ઓએસડીની નિયુક્તિનો અધિકાર મુખ્ય પ્રધાનનો હોય છે. પ્રધાનો ફક્ત નામનું સૂચન કરી શકે છે, પરંતુ અંતિમ નિર્ણય મારી કચેરીનો હોય છે, એમ તેમણે કહ્યું હતું.

### દિવામાં પેટ્રોલની

થયું હતું. રહેવાસીઓએ ચેતવણી આપી હતી કે જો ઇમારતો સામે કાર્યવાહી કરવામાં આવશે તો તેઓ આત્મહત્યા કરશે, ત્યારે મ્યુનિસિપલ અતિક્રમણ વિભાગ અને પોલીસ વહીવટીતંત્ર સતર્ક થઈ ગયાં હતાં. મહિલાઓએ અહીં મુખ્ય રસ્તો બ્લોક કરી દીધો હતો. રહેવાસીઓએ આરોપ લગાવ્યો હતો કે તેમના બાળકોની પરીક્ષાઓ ચાલુ હોવા છતાં મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યવાહી કરી રહ્યું છે.

#### કેસ શું છે?

૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન દિવા વિસ્તારમાં બાંધવામાં આવેલી ઇમારતો સામે એક નાગરિકે હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજી પર તાજેતરમાં સુનાવણી યોજાઈ હતી. કોર્ટે મ્યુનિસિપલ વહીવટીતંત્રને ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે બાંધવામાં આવેલી ૫૪ ગેરકાયદેસર ઇમારતોને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો.

### મે-જૂનમાં

લિટર જેટલો પાણીનો સ્ટોક હોવો આવશ્યક છે. હાલ સાતેય જળાશયોમાં ૭,૩૯,૮૩૦ મિલ્યન લિટર જેટલું પાણી છે. મુંબઈને પ્રતિદિન ૩,૯૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં સોમવારે સવારના ૭,૩૯,૮૩૦ મિલ્યન લિટર એટલે કે ૫૧.૧૨ ટકા પાણીનો સ્ટોક હતો. આ પાણી જુલાઈ સુધી ચાલે એટલું છે.

### સાચવજો

તાપમાન ૩૩.૪ ડિગ્રી જેટલું ઊંચું નોંધાયું હતું. મુંબઈમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. રાજ્યમાં પણ વિદર્ભ અને મરાઠવાડામાં એક તરફ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. સોમવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૬.૪ ડિગ્રી વધારે હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું જે સામાન્ય કરતા ૬.૨ ડિગ્રી વધુ રહ્યું હતું અને લઘુતમ તાપમાન ૨૩.૬ ડિગ્રી નોંધાયું હતું. તો હિલ સ્ટેશન માથેરાનમાં મહત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી અને મહાબળેશ્વરમાં ૩૦.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન રત્નાગિરીમાં ૩૮.૯ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં ફેબ્રુઆરી મહિનામાં અત્યાર સુધી સૌથી વધુ ગરમી ૩૯.૬ ડિગ્રી ૧૯૬૬માં નોંધાઈ હતી. આગામી ૨૪ કલાક દરમ્યાન તાપમાનનો પારો ૩૭ ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે.

#### મુંબઈ, થાણેમાં યલો એલર્ટ

હવામાન ખાતાના જણાવ્યા મુજબ મુંબઈ, થાણે, રાયગઢ, રત્નાગિરીમાં મંગળવાર અને બુધવાર બે દિવસ માટે વાતાવરણમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે અને હવામાન ખાતાએ બે દિવસ માટે યલો અલર્ટ જાહેર કર્યું હોઈ તાપમાનનો પારો હજી ઊંચો જવાની શક્યતા છે.

### બોગસ દસ્તાવેજો

અધિકારીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે માર્ચ, ૨૦૨૩માં ગુનો નોંધ્યો હતો. આરોપીએ પ્રદીપ શર્માના બોગસ નામે દસ્તાવેજો રજૂ કરી ફાઈનાન્સ કંપની પાસેથી કાર લોન મંજૂર કરાવી હતી. આ લોન પર તેણે ૧૬ લાખ રૂપિયાની કાર ખરીદી હતી. બાદમાં લોનની રકમ ચૂકવી નહોતી. આરોપીઓ મહારાષ્ટ્ર બહારના વેપારીઓના જીએસટી ડેટા ઑનલાઈન પ્રાપ્ત કરતા હતા. તેને આધારે જ પૅન કાર્ડ નંબર મેળવી વેપારીના સિબિલ સ્કોરની માહિતી મેળવતા હતા. બાદમાં આ માહિતીને આધારે બોગસ દસ્તાવેજો તૈયાર કરીને પૉશ વિસ્તારમાં ભાડેની જગ્યામાં વ્યવસાય સંબંધી ઑફિસ ખોલતા હતા. બાદમાં એ વ્યવસાયને આધારે શો-રૂમમાં મોંઘી કાર બુક કરતા અને બૅન્ક તથા ફાઈનાન્સ કંપનીમાંથી લોન મેળવતા હતા. બીજી બાજુ, અન્ય રાજ્યોમાં ભાડાની જગ્યામાં કારનો શો-રૂમ શરૂ કરી લોન પર લીધેલી કાર વેચતા હતા. એ સિવાય લોન પર લીધેલી કાર જેવા જ મૉડેલની કાર ચોરી કરતા હતા. ચોરેલી કાર પર લોન પર લીધેલી કારની નંબર પ્લૅટ લગાવતા. એ સિવાય ચેસીસ અને એન્જિન નંબર પણ બદલી નાખતા. બાદમાં શો-રૂમમાં એ ચોરેલી કાર પણ વેચવા મૂકતા હતા. કાર ખરીદદારને કે અન્ય કોઈને શંકા જાય તો આરોપી ઑફિસ, મોબાઈલ અને શો-રૂમ બંધ કરી રફુચક્કર થઈ જતા હતા.

### પીઓપીની મૂર્તિ સામે

ક્યાંય વેચવા દેવી નહીં. જો આવું બન્યું હોય તો હાઈકોર્ટે ૩૦મી જાન્યુઆરીએ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી), રાજ્ય સરકાર અને પાલિકાને તે ગણેશ મૂર્તિઓના વિસર્જનની મંજૂરી ન આપવાનો આદેશ આપ્યો હતો. શિલ્પકારોએ પીઓપી પ્રતિબંધના નિર્ણય સામે પોતાનો કેસ રજૂ કરવા માટે ફરીથી કોર્ટમાં જવાનો નિર્ણય લીધો છે.

### ગણેશમંડળોની

લોકો સંકળાયેલા હોવાથી તેઓએ કોર્ટના આદેશને પડકારવાનો નિર્ણય લીધો છે, તેની સામે મુંબઈના ગણેશોત્સવ મંડળનું નેતૃત્વ કરનારા બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ મુંબઈના તમામ ગણેશમંડળોને પત્ર લખીને તેમનો મંતવ્ય તેમને તાત્કાલિક ધોરણે જાણ કરવા કહ્યું છે. બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વયવ સમિતિના અધ્યક્ષ નરેન્દ્ર દહિંબાવકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે કોર્ટના આદેશનું અવમાન કરી શકાય નહીં. અમે મુંબઈના તમામ ગણેશમંડળોને પત્ર લખીને તેમનો મંતવ્ય જાણવા માગીએ છીએ. તેમનો મત જાણ્યા બાદ આ બાબતે અમે સરકાર સાથે ચર્ચા કરશું.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચલાળાના હાલ મુંબઇ સ્વ. મનસુખભાઇ ચુનીલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. મૃદુલાબેન (ઉં. વ. ૯૦) તા.૨૦-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પૌત્રા સંજય દોશી અને નીકિતા અસીમ પરીખના માતુશ્રી. નતાશા-જેસી, નંદિત-પૌલોમી અને નિહારના નાનીમા. અને રેનના મોટા નાનીમા. પિયર પક્ષે સ્વ. ચંપાબેન ઝવેરચંદ ભીમાણીના દીકરી. તથા સ્વ. તરુલતાબેન, સ્વ. જતીનભાઇ, ભરતભાઇ, સ્વ. નિતીનભાઇ તથા મીનળબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળી નિવાસી હાલ મલાડ ભાવેશભાઇ શાહ (ઉં. વ. ૬૨) તે ગં. સ્વ.ચંદનબેન રસીકલાલ શાહના સુપુત્ર. તે રીટાબેનના પતિ. તે ઉત્સવ અને આદિત્યના પિતાશ્રી. તે હિનાબેન જયેશકુમાર શેઠના ભાઇ.ખુશી અને શિવાનીના સસરા. સાસરા પક્ષે સ્વ. જશવંતભાઇ અને અશ્વિનભાઇ મણિયારના જમાઇ. તા. ૨૪-૨-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લખતર નિવાસી હાલ મુલુંડ સ્વ. કમળાબેન ગિરધરલાલ મૂળચંદ શેઠના સુપુત્ર કિશોરભાઇ (ઉં.વ.૭૮) રવિવાર તા. ૨૩-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુનીતાબેનના પતિ. મનીષ, મિતેષ, જુલીના પિતાશ્રી. પીના, પલક અને સમીરભાઇના સસરા. સ્વ. નયનભાઇ જીજ્ઞા, સરોજબેન નવીનભાઇ, હંસાબેન ધર્મેન્દ્રભાઇ, જયોતિબેન સ્વ. રાજેન્દ્રભાઇ, અંજુબેન સ્વ. રમેશભાઇ, જયશ્રીબેન શરદભાઇના ભાઇ. થાનગઢ નિવાસી હાલ પૂના સ્વ. દલસુખલાલ સુખલાલ શાહ (દોઢીવાળા)ના જમાઇ. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કારીયાણી નિવાસી હાલ કાંદીવલી સ્વ. શશીકાંતભાઇ રમણીકલાલ દોશીના ધર્મપત્ની મીનાબેન (ઉં.વ.૭૫) સ્વ. બાબુલાલ દુર્લભજી વઘાણીનાં દીકરી તે તા. ૨૨-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બિમલભાઇ, અમીબેન, હેમાલીબેનનાં માતા. અ. સૌ. રીનાબેન, સ્વ. પ્રતિકભાઇ, ચિંતનભાઇના સાસુ. નીલનાં દાદી. અશ્વિનભાઇનાં ભાભી. અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લખતર નિવાસી હાલે મુલુંડ, સ્વ.કાંતાબેન વસંતલાલ શાહના પુત્ર. તે સ્વ.ચંદ્રિકાબેનના પતિ પ્રવીણભાઈ (ઉં. વ. ૮૮) તા.૨૨/૨/૨૫ને શનિવાર અરિહંતશરણ પામેલ છે. મિતા અને સંદીપના પિતા. ધર્મેન્દ્રભાઈ અને સપનાના સસરા. લીંબડી નિવાસી સ્વ.કંચનબેન પાનાચંદ તલસણીયાના જમાઈ. સ્વ.કુંદનબેન, સ્વ.અરુણભાઈ અને ગં. સ્વ. નિરંજનાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મુંબઈ, સ્વ.અનોપચંદ કાલીદાસ શાહના ધર્મપત્ની જયાબેન (ઉં.વ.૯૧) તા.૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના અરિહંતશરણ પામ્યાં છે. નીરુબેન, અતુલભાઈ, શૈલેશભાઈ અને અજયભાઈના માતુશ્રી. સ્વ.જયંતભાઈ, સ્વ.જાગૃતિબેન, કલ્પનાબેન અને ચારુબેનના સાસુ. સ્વ.કાંતિભાઈ, જયંતિભાઈ, કિશોરભાઈ, અરવિંદભાઈ, કીર્તિભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ અને રેખાબેનના બેન. મોસાળપક્ષ વરલ નિવાસી ધરમશી મુળચંદ શાહ. લૌકિક વ્યવહાર બંધ છે. ૧૯૧/૧૯૨ એ-શાંતિનગર બીલ્ડીંગ, ૯૮, નેપિયન્સી રોડ, મુંબઈ.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન.**

મોટા માત્રા વિંછીયા હાલ કાંદિવલી, સ્વ.જેકોરબેન અમુલખભાઈ હરજીવનદાસ મેહતાના સુપુત્ર પ્રવિણચંદ્ર (ઉં. વ. ૭૮) તે અરુણાબેનના પતિ. હિતેશ, સોનલબેનદીપ કુમારના પિતાશ્રી. સ્વ. મનસુખલાલ, સ્વ.જેંતીલાલ, સ્વ.રતિલાલ, સ્વ.જસવંતલાલ, સ્વ.હસમુખલાલ, ચંદ્રકાંતભાઈ, કિશોરભાઈ, સ્વ.કાન્તાબેન, ગં.સ્વ.લીલાવતીબેનના ભાઈ. મૂળી નિવાસી સ્વ.કાનજીભાઈ કપૂરચંદ શાહના જમાઈ રવિવાર તા.૨૩.૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. એ-૫૦૨, લોટસ પ્રેસ્ટિજ, ભટ્ટ ગલી, પોઇસર ડેપોની બાજુની ગલી, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

બગસરા નિવાસી હાલ મલાડ, સ્વ.રતિલાલ ગાંગજીભાઈ ગાંધીના પુત્રવધૂ તથા અશોકભાઈના ધર્મપત્ની સ્મિતાબેન (ઉં. વ. ૬૮) ૨૩/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દર્શના તેજસ શેઠ, નમ્રતા દુષ્યંત સોનીના માતુશ્રી. ભરતના ભાભી. જેતપુરવાળા ધીરજલાલ અમરચંદ પંચમિયાંના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કારીયાણી હાલ કાંદિવલી, સ્વ. શશીકાન્તભાઈ રમણીકલાલ દોશીના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન (ઉં. વ. ૭૫) તે સ્વ. બાબુલાલ દુર્લભજી વઘાણીના દિકરી તા. ૨૨-૨-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. બિમલભાઈ, અમીબેન, હેમાલીબેનના માતા. અ. સૌ. રીનાબેન, સ્વ. પ્રતિકભાઈ, ચિંતનભાઈના સાસુ. નીલ, હર્ષ, કાશ્વી, જીનમના દાદી-નાની. અશ્વિનભાઈના ભાભી.લ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના જ્યોતિ (સુશીલા) જગદીશ ગાલાના જમાઇ સુથરીના કેસર પદમશી ધરમશી (ઉં. વ. ૫૩) તા. ૨૩/૨/૨૫ના અવસાન પામેલ છે. બીનાના પતિ. ચાહત, રૂષભના પિતા. સુથરીના રમીલાબેન પદમશી વેલજી ધરમશીના પુત્ર. ઉષાબેન, સ્વ. વિજય, ગિરીશ, નિરૂપમાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેસર ધરમશી, એ-૨૫, સલસ નગર, આધાર વાડી, જેલ રોડ, કલ્યાણ (વેસ્ટ).

કોડાયના પાનબાઇ વસનજી હિરજી લાલન (ઉં. વ. ૮૧) તા. ૨૨/૨/૨૫ના અવસાન પામેલ છે. કંકુબાઇ હિરજી દેવજી લાલનના પુત્રવધૂ. વસનજી (મંગલ)ના ધર્મપત્ની. ચંદ્રિકા, રીટા, હિતેશ, ધનવંતી, શૈલેશના માતુશ્રી. બિદડાના સ્વ. લક્ષ્મીબેન ભવાનજી ઉમરશીના પુત્રી. સ્વ. ખીમજી સ્વ. શાંતીલાલ હેમલતાના બેન. પ્રા.શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦ નિ. હિતેશ લાલન, ૮ શાંતા સમૃતિ વીરા દેસાઇ રોડ, અંધેરી (વે.), મું. ૫૩.

શેરડીના શ્રી નવિનચંદ પાસડ (ઉં. વ. ૬૮) તા. ૨૪-૨-૨૫ ના અવસાન પામેલ છે. મમીબાઇ માણેકના પુત્ર. મંજુલાના પતિ. બિપિન, નિકિતાના પિતા. સુંદરજી, દામજી, ભાણજી, ખુશાલચંદના ભાઇ. કોટડા રોહા વેજબાઇ કાનજી વેરશી ગાલાના જમાઇ. પ્રાર્થના દિન : તા. ૨૬-૨-૨૫, બુધવાર, શ્રી શેરડી જૈન મહાજનવાડી, કચ્છ ટા. ૩.૩૦ થી ૫. નિ. બિપિન પાસડ, ૩૦૩, શ્રધ્ધા રાજ મયુર સોસા., એસ.એલ. રોડ, મુલુંડ (વે).

નાના આસંબિયાના હેમલતાબેન માવજી મુરજી ગાલા (ઉં. વ. ૮૭) તા. ૨૨-૨-૨૫ના અવસાન પામેલ છે. મેઘબાઇ મુરજીના પુત્રવધૂ. માવજી મુરજીના ધર્મપત્ની. જગદીશ, નરેશ, ચંદ્રેશના માતુશ્રી. મોટા કાંડાગરાના રતનબાઈ નાનજી હીરજીના પુત્રી. મણીલાલ, પ્રાણજીવનના બેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સં. સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટા. : ૪ થી ૫.૩૦. નિ. : ચંદ્રેશ ગાલા, ૧૧ બ્લોક, ૧લે માળે, ગિરીરાજ એપાર્ટ., નાહુર રોડ, મુલુંડ (વે).

નવમા પાનાનું ચાલુ

### ડિપોઝિટરોને રાહત

મેનેજર શ્રીકાંતની નિયુક્તિ કરવામાં આવી હતી. ઉપરાંત તેમને સહાય કરવા માટે સલાહકારોની સમિતિની નિમણૂ કરાઇ હતી. સોમવારે આરબીઆઇએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રશાસક સાથે સલાહમસલત બાદ બૅંકની પ્રવાહિતાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી, બાદમાં ડિપોઝિટર દીઠ ૨૭ ફેબ્રુઆરીથી પચીસ હજાર સુધી ઉપાડ કરવા દેવાની છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ગુમ રોકડ માટે

અઠવાડિયામાં બૅંકની પ્રભાદેવી કોર્પોરેટ ઓફિસમાં પૂછપરછ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બૅંકના તિજોરીમાંથી ગુમ થયેલી રોકડ રકમ અંગે પૂછપરછ કરતી વખતે મહેતાનું નિવેદનનું તેમણે વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું.

મહેતાએ આરબીઆઈના નિરીક્ષકો સામે સમક્ષ કબૂલાત કરી હતી કે ગુમ થયેલી રોકડ રકમ માટે તે જવાબદાર છે કારણ કે પોતે બૅંકના કસ્ટોડિયન છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### વધારે મસ્તી

અસર નહીં થાય. એટલે જો વધારે મસ્તી હોય તો ઘરે બેસીને કરો. વિભાગનું કામ ડિસિપ્લીનથી થવું જોઇએ. અમને ૧૦૦ દિવસનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. પીએસ અને ઓએસડી પણ મુખ્ય પ્રધાન જ નક્કી કરશે એ પણ તમને જણાવી દઉં છું. આથી અમારા હાથમાં પણ કંઇ રહ્યું નથી. તો આપણે સારી રીતે કામ કરવું પડશે અને તમારે પણ સારી રીતે કામ કરવાનું રહેશે. એટલે કે સરકાર અને આપણી વચ્ચે સારા સંબંધ રાખવા પડશે તો જ સમાજમાં એક પ્રકારની સ્થિરતા આવશે, એવું કોકાટે બોલ્યા હતા.

### અલાહાબાદિયા અને

સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મ્હાપે પહોંચ્યા હતા. મીડિયાથી બચવા અલાહાબાદિયા કાળા માસ્કથી મોં ઢાંકીને આવ્યો હતો. પૂછપરછ પછી બન્નેનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં. સાંજે પાંચ વાગ્યે અલાહાબાદિયા સાયબરની ઑફિસેથી નીકળ્યો હતો. તેના કલાક બાદ ચંચલાનીને જવા દેવાયો હતો. અલાહાબાદિયા ખાનગી કૅબમાં, જ્યારે ચંચલાની પોતાની કારમાં ગયો હતો. આ કેસમાં સાયબર પોલીસે શો સાથે સંકળાયેલા જજીસ, ગેસ્ટ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને કોમેડિયન સહિત ૫૦થી વધુ લોકોને સમન્સ મોકલાવ્યા હતા. શોમાં ગેસ્ટ તરીકે હાજર રહેલી અભિનેત્રી રાખી સાવંતને ૨૭ ફેબ્રુઆરીએ પોલીસ સમક્ષ હાજર રહેવાના સમન્સ મોકલવામાં આવ્યા છે. (પીટીઆઈ)

## પારસી મરણ

આબન નોશીર ફરામજી તે નોશીરના ધનિયાની. તે રતનબાઇ જાલ કાપડીયાના દીકરી. તે માલકમ ને ઝુબીનના માતાજી. તે ઝુબીનના સાસુજી. તે સનાયાના મોટા મમ્મા. (ઉં. વ. ૭૫) રે. ઠે. એ-૫, સરસ્વતી ઇર્લા લેન, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૨-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં.

રુસી જહાંગીર દમનયા તે રોશનના ધની. તે ધન જહાંગીર દમનીયાના દીકરા. તે ફરહાદ ને કેરમાનના પપા. તે કેટી ને અફતાબના સસરા. તે સિલ્લુના ભાઇ. તે ઝરીર ને ફેદીના બપઇ. (ઉં.વ. ૮૮) રે. ઠે. બાટલીવાળા બિલ્ડિંગ, ખાન એસ્ટેટ, ત્રીજે માળે, ફ્લેટ નં-૧૦, સ્ટેશન રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૨-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે માહીમની અગિયારીમાં છે જી.

કેરસી દારબસા સીગનપોરીયા તે મરહુમ પરવીઝના ધની. તે મરહુમો ધનમાય દારબશા સીગનપોરીયાના દીકરા. તે બીનાઝ ને કેશવરના પપા. તે મરહુમો મરઝબાન, મેહરુ, ઓસતી એમી, હીલ્લા, કાલી ને દીનશાના ભાઇ. તે હુતોકશી, રુકશાના, હનોઝ, નીલુફર, કૈયનાઝ ને કૈયાવાનના નેવીયું. તે મરહુમો જાલામાય બરજોરજી બાલસારાના જમાઇ. (ઉં. વ. ૮૮) રે. ઠે. નવરોજી હાઉસ, નાયગામ રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૫-૨-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે નારીયલવાલા અગિયારીમાં છે.

ધન દોરબજી બિલિમોરિયા, તે મરહુમ દોરાબજી બિલિમોરિયા અને મરહુમ ગ્રેસી બિલિમોરિયાના પુત્રી. તે મરહુમ હોમજી બિલિમોરિયા અને જેનિફર ભરુચાના બહેન. તે નેવિલ બિલિમોરિયા અને માલકમ બિલિમોરિયાના આન્ટી (ઉં. વ. ૬૫) રે.ઠે. પ્રભુ બિલ્ડિંગ, ડોકયાર્ડ રોડ, ડોકયાર્ડ રેલવે સ્ટેશનની સામે, મુંબઇ-૪૦૦૦૧૦.

## હિન્દુ મરણ

રાજકોટ, સ્વ.માલતીબેન મોદીના પતિ. તે ભાવેશભાઈ, રાકેશભાઈ, પૂર્વીબેન, ભાવનાબેન, રિદ્ધિબેનના પિતા. સ્વ.નવીનચંદ્ર રવજીભાઈ મોદી તા.૨૦-૨-૨૫ ગુરુવારના અવસાન પામેલ છે.

**દમણ વિશા લાડ વણિક**

દમણ નિવાસી હાલ કાંદિવલી રાજેશ (રાજુ) વિનોદ મરચંટ (ઉં. વ. ૭૦) તે સરોજબેનના પુત્ર. રીટાબેનના પતિ. તરલ, ધિરલના પિતાશ્રી. ભાવિકા તથા મોનિકાના સસરા. તે સ્વ. કૌશિકા પરિમલ પરીખ, જતીન તથા સ્વ. અભયના ભાઇ. તારાબેન દેવચંદભાઇ તલાટીના જમાઇ તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના ૪થી ૬. ઠે. પાવનધામ, ૧લે માળે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**સત્તાવીસ દશા પોરવાડ જ્ઞાતિ**

સ્વ. રવિન્દ્ર (નીતીન) દાણી તે સ્વ. ભાનુમતી તથા સ્વ. જયંતીલાલ ચુનીલાલના સુપુત્ર. સ્વ. અનિલાબેન તથા સ્વ. વિજયચંદ્ર ગોસલીયાના જમાઇ. સ્વ. ભાવનાના પતિ. સ્વ. જયોતીબેન શાહ, જિતેન્દ્ર, સ્વ. રાજેન્દ્ર તથા રિટાબેન સુકાવાલાના ભાઇ. પરીન તથા તપનનાં પિતા. દેવાંશી, મૈત્રીના સસરા શનિવાર, તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના ૫થી ૭. ઠે. વનીતા સમાજ હોલ, એસ.વી.પી.રોડ, રિલાયન્સ હોસ્પિટલના ગેટ નં.૬ની બાજુમાં, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪.

**ઘોઘારી દશા દિશાવળ વણીક**

રોહિસા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કંચનબેન તથા સ્વ. ભીખાલાલ ધરમશી ઝાટકીયાના પુત્ર અરુણકાંત ઝાટકીયા (ઉં. વ. ૮૭) તા. ૨૩-૨-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયોતીબેનના પતિ. સંજીવ અને નીતા કમલેશ રાવળના પિતા. ભાવનાના સસરા. ભવ્યના દાદા. તે સ્વ. રજનીકાન્ત, સ્વ. ચંદ્રકાંત અને જગદીશ તથા ગં. સ્વ. મધુકાંતા, ગં. સ્વ. કલાવતી, સ્વ. હંસાબેન અને અ. સૌ. હેમંતીના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ બોરીવલી જેરામદાસ ગણાત્રાના પુત્ર વસંતરાય ગણાત્રાની ધર્મપત્ની નિર્મલા ગણાત્રા (ઉં. વ. ૮૮) તા. ૨૪-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કાનજી મૂળજી સોમૈયાના પુત્રી. રશેષ, આશા વિજય ભગદેવ, નિશાખા રાજેશ દોશીના માતુશ્રી. ભાનુબેન, હર્ષદભાઇ, રમેશભાઇના ભાભી. અમરચંદ, જેષ્ટારામ, કિશોરભાઇ, હેમલતાબેન, સ્વ. સાવિત્રીબેનના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ વૈષ્ણવ**

દેલવાડા નિવાસી હાલ મુંબઇ પ્રીતીબહેન (ઉં. વ. ૫૪) તા. ૨૨-૨-૨૫ના વૈકુંઠવાસી થયેલ છે. તે પ્રણવભાઇ સંઘવીના પત્ની. સ્વ. ધીરજબાળા પ્રવીણચંદ્ર સંઘવીના પુત્રવધૂ. ઋષભ, તીસ્યા, લીપાના માતુશ્રી. સ્વ. રમેશભાઇ તથા સુનીતાબેન, જૈસિંગનાં પુત્રી. અક્ષય-મનીષા, આદિત્ય-ગોરિતા, હર્ષવર્ધન-નમીતાનાં ભાભી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના ૫થી ૭ ગરવારે સભાગૃહ હોલ, એફ. પી. એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય રોડ, એનએસસીઆઇ કલબ અને મહાલક્ષ્મી રેસકોર્સની બાજુમાં, હાજીઅલી, મુંબઇ-૩૪.

**ખંભાતી લાડ વણિક**

દિનેશ શ્રોફ (ઉં. વ. ૯૨) તે સ્વ.પદ્માવતી તથા સ્વ.ભગવાનદાસ ભાઈદાસ શ્રોફના પુત્ર. સ્વ.નીલાબેન શ્રોફના પતિ. સ્વ.રમેશભાઈ, સ્વ.પુષ્પાબેન હરિચંતલાલ સોનાવાલા, સ્વ.દેવકન્યાબેન વસંતલાલ જાઈના ભાઈ. પાર્થ, મૈત્ર તથા કમલેશના પિતા. જયોતીકાબેન, અલ્પનાબેન, પ્રીતીબેનના સસરા. સ્વ.ફતનલાલ ચુનીલાલ ગુંદરીયાના જમાઈ, શુક્રવાર તા.૨૧-૦૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

પોરબંદર નિવાસી હાલ દહિસર, શશીકાંત ગીરધરદાસ સત્યદેવ (ઉં. વ. ૭૯) તા.૨૩-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નિર્મળાબેનના પતિ. મેહુલ, રેશમા(ખ્યાતી) વિપુલકુમાર તન્નાના પિતા. ડૉલી મેહુલ સત્યદેવના સસરા. મુદ્દીતના દાદા. સ્વ.કાનજી પ્રાગજી કાનાબારના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૦૨-૨૫ના ૯ થી ૧૧. હાલાઈ લોહાણા મહાજન વાડી મહાજન બેન્કવીટ, બેવર્લી પાર્ક, કનકીયા રોડ, મીરા રોડ ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જેતપુર હાલ બોરીવલી, ગં.સ્વ પુષ્પાબેન તથા સ્વ.ગોરધનદાસ જીવનભાઈ બાટવીયાના પુત્ર રમેશકુમાર બાટવિયા (ઉં. વ. ૬૪) તે છાયાબેનના પતિ. ભરત, પરાગ, સ્વ. લીના રમણીકલાલ કોઠારી, સ્વ.લતા મુકેશકુમાર વસાણી, રિટા ભરતકુમાર માખેચાના ભાઈ. સ્વ.દમયંતીબેન, સ્વ.અમૃતલાલ વિઠ્ઠલદાસ માણેક જબલપુરવાળાના જમાઈ. રાઘવ, નિકેશના પિતા. ૨૩/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૫/૨/૨૫ના ૪ થી ૬. કોરાકેન્દ્ર હોલ, શીમ્પોલી રોડ, દલવીનગર પાસે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા (મહાઈ)**

ગં સ્વ.પન્ના (નિરાબેન) (ઉં. વ. ૮૧) તે. સ્વ. પ્રવિણ હરિદાસ ઉદેશીના ધર્મપત્ની. સ્વ. મણીબાઈ હરિદાસ દામોદર ખીમજીના પુત્રવધૂ. ધર્મેન્દ્ર પ્રવિણ ઉદેશીના માતુશ્રી. અ. સૌ. શીલાના સાસુ. સ્વ.હેમકળા વિઠ્ઠલદાસ ભકતાના સુપુત્રી. રવિવાર તા.૨૩/૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર તા.૨૫/૨/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ.ટી. રોડ, બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

ધ્રોળ હાલ દહીંસર, કું.ગીતાબેન (ઉં. વ. ૬૫) તે સ્વ.વસંતબેન દ્વારકાદાસ વેદના સુપુત્રી. સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.કૃષ્ણ, શૈલેષ, અ. સૌ. કલ્પના નગીન સંપટના બહેન. સ્વ.ગોવિંદજી ભાણજી નેગાંધીના દોહિત્રી. અ.સૌ.રિધ્ધિ પ્રતિક ગાંધીના માસી તા.૨૩/૦૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**પાટીદાર**

સુણાવ હાલ જોગેશ્વરી, સ્વ. શારદાબેન અને સ્વ. કાશીભાઈના સુપુત્ર સમીર (ઉં. વ. ૬૭) તે કિર્તીબેનના પતિ. ગં.સ્વ. દ્રોપદીબેન, દીનુભાઈ, દિલીપભાઈ, વંદનાના ભાઈ. હેતલ, વ્યોમા, હીરેનના પિતાશ્રી. આયાન, પિયાના નાના. મુંબઈ ખાતે તા. ૨૨-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સુરજબા વિદ્યા મંદિર, નટવરનગર રોડનં ૩, જોગેશ્વરી પૂર્વ, તા. ૨૫-૨-૨૫ના મંગળવારે ૫થી ૭.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

તન-મન-ધનથી રહો તરોતાજા

# લક્ષ્યથી જુદાં ફંટાવ તો...

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

‘એક રોકાણકારે બહુ ઓછું કરવાનું રહે છે, જ્યાં સુધી એ મોટી ભૂલો ન કરે’

– અમેરિકાના વિખ્યાત રોકાણકાર વોરેન બફેટ

અમદાવાદથી મુંબઈ સુધીના મારા પ્રવાસની આ વાત છે. હું ‘દુરોન્તો એક્સપ્રેસ’માં પ્રવાસ કરી રહ્યો હતો. આ ટ્રેન અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ક્યાંય ઊભી રહેતી નથી. મારા એક સહ-પ્રવાસીને બોરીવલી ઉતરવું હતું, પરંતુ એમને ખબર ન હતી કે આ ટ્રેન બોરીવલી ઊભી રહેતી નથી. આવા સંજોગોમાં એમની પાસે બે વિકલ્પ હતા. એક, ટ્રેન બોરીવલી પહોંચે ત્યારે ગાડીમાંથી ભૂસકો મારવો અને બે, મુંબઈ સેન્ટ્રલ જઈને પાછું આવવું...

જો એ પહેલો વિકલ્પ અજમાવાનું વિચારે તો ટ્રેન ધીમી હોય તો પણ તેમાંથી કૂદવાનું જોખમી હોય છે. આથી એમણે બીજો વિકલ્પ પસંદ કર્યો. એ પસંદગી કર્યા બાદ એમણે બોરિવલી પાછા આવવાની વ્યવસ્થા કરવાની હતી. તેમાં એમનાં સમય- શક્તિ અને પૈસા વધારે વપરાઈ ગયાં. એમણે જ્યાં જવું હતું અને ટ્રેન જ્યાં જઈ રહી હતી એ બન્ને સ્ટેશન વચ્ચે અંતર હોવાથી આ પરિસ્થિતિ સર્જાઈ હતી.




## રોકાણનાં જોખમ

રોકાણનું પણ આવું જ છે. રોકાણ કરતી વખતે પણ લોકો આવા જ પ્રકારની ભૂલ કરતાં હોય છે.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. આધેડ વયના એક દંપતીએ મને બોલાવ્યો હતો. ગુજરાતના એક નાના શહેરમાં એ રહેતા હતા. એ શહેરની દૃષ્ટિએ એમની ગણના ત્યાંના શ્રીમંતોમાં થતી. એ બંગલામાં રહેતા અને એમની કુલ સંપત્તિનું મૂલ્ય પાંચેક કરોડ રૂપિયા હતું. તેમાં જમીનનો ટુકડો, બે ઘર અને અમુક દુકાનોનો સમાવેશ થતો હતો.

આ પાંચ કરોડમાંથી ફક્ત ૨૫ લાખ રૂપિયા બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ, શૅર અને મ્યુચ્યુઅલ ફંડ્સનાં યુનિટ, વગેરે જેવાં પ્રવાહિતા ધરાવતા રોકાણમાં હતા. એમની પોતાની દીકરીને વિદેશમાં ભણાવવા ઇચ્છતા હતા અને તેનો ખર્ચ ૪૭ લાખ રૂપિયા આવે એમ હતું. આથી એમણે મારી સલાહ માગી હતી.

એમની પાસે બે વિકલ્પ હતા. એક, શૈક્ષણિક લોન લેવી અને બે, આશરે ૯૦ લાખ રૂપિયા મૂલ્યના એક પ્લોટનું વેચાણ કરી દેવું.

અહીં, એમની નાણાકીય જરૂરિયાતો અને રોકાણના પ્રકાર વચ્ચે અંતર હતું. આમ થવાનું કારણ એ છે કે આપણામાંથી મોટાભાગના લોકો નાણાકીય લક્ષ્યોની યાદી બનાવતા નથી. આપણે કયા હેતુસર નાણાં બચાવીએ છીએ અને રોકાણ કરીએ છીએ એ બન્ને પ્રશ્નોના જવાબ સ્પષ્ટ હોય તો આવું અંતર ઊભું થાય નહીં. આ જ તફાવતને લીધે આપણે મિસમેચના જોખમનો ભોગ બનીએ છીએ.

આપણને બધાને ઝડપથી મળે અને મહત્તમ પ્રમાણમાં મળે એવા વળતરનાં સાધનમાં રોકાણ કરવામાં રસ હોય છે.

વિમાન અને સાઈકલ એ બન્નેમાંથી ઝડપી કોણ? દેખીતી વાત છે, વિમાન. પરંતુ જો આપણે ફક્ત ત્રણ કિલોમીટરના અંતરે જવું હોય તો શેના પર જવું પડે? દેખીતી વાત છે, સાઈકલ.

આપણે મહત્તમ વળતર નહીં, પણ ઉત્તમ વળતર પર ધ્યાન આપવું જોઈએ. આપણને જરૂર પડે એવા સમયે ઉપયોગમાં લઈ શકાય નહીં એવા મહત્તમ વળતરનો શું ફાયદો ?! આથી, આપણે જ્યારે પણ રોકાણ કરીએ ત્યારે પોતાની જાતને સવાલ કરવો કે આ રોકાણ કયા નાણાકીય લક્ષ્ય માટે છે. જો, રોકાણ નાણાકીય લક્ષ્યને અનુરૂપ નહીં હોય તો મિસમેચનું જોખમ અને આગળ જતાં બીજી સમસ્યા સર્જાઈ શકે. ■

# કંપનીએ આપેલો આરોગ્ય વીમો કેમ અપૂરતો કહેવાય?

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

અંકિતને હાલમાં ઊંચા પગારની નોકરી મળી. સાથે અનેક ભથ્થાં અને બીજા લાભ પણ મળ્યા. એણે ઑફર સ્વીકારી લીધાં બાદ જાણ થઈ કે એની કંપનીએ કર્મચારીઓને આરોગ્ય વીમો આપવા માટે અગ્રણી કંપની સાથે કરાર પણ કર્યા છે. આમ, ઘણા ઓછા પ્રીમિયમમાં અને ઓછામાં ઓછી મહેનતે અંકિતને આરોગ્ય વીમો મળવાનો હોવાથી એ રાજી થઈ ગયો.

જોકે, એણે ખરેખર રાજી થવા જેવું છે?

ના, વાસ્તવમાં એને મળનારો આરોગ્ય વીમો અનેક રીતે અપૂરતો ગણાય. આવું કેમ છે એના વિશે આજે આપણે વાત કરીશું.

કંપની તરફથી આપવામાં આવતા આરોગ્ય વીમાને ‘કૉર્પોરેટ હેલ્થ ઇન્સ્યોરન્સ’ કહેવાય છે. એમાં એક નિશ્ચિત રકમનો વીમો હોય છે અને મોટા ભાગે એનું પ્રીમિયમ કર્મચારીને આપવામાં આવતાં કુલ વેતનનો જ એક હિસ્સો હોય છે. કર્મચારી ના પાડે તોપણ એ વીમો એને મળતો જ હોય છે, કારણ કે એ કૉર્પોરેટ પ્લાન હેઠળ બધા કર્મચારીને આપોઆપ મળતો હોય છે. જોકે, કૉર્પોરેટ પ્લાન હેઠળના વીમાની રકમ અપૂરતી નીવડી શકે છે.

ધારો કે વીમાનું કવચ ૫ લાખ રૂપિયાનું હોય અને હૉસ્પિટલાઇઝેશનનો ખર્ચ ૭ લાખ રૂપિયા આવે તો ઉપરની રકમ સંબંધિત કર્મચારીએ પોતાના ખિસ્સાંમાંથી ભરવી પડે છે.

અહીં આપણે એવી ત્રણ સ્થિતિ વર્ણવી છે, જેમાં કૉર્પોરેટ પ્લાન હેઠળનું વીમાનું કવચ અપૂરતું ગણાય. આથી ફક્ત એના પર નિર્ભર રહેવામાં મોટું જોખમ રહેલું હોય છે.

૧) કર્મચારી કંપની છોડે કે તરત જ એ વીમો બંધ થઈ જાય:

કૉર્પોરેટ પ્લાન હંમેશાં ગ્રુપ ઇન્સ્યોરન્સ પ્લાન હોય છે. આથી તમે કંપનીમાં કામ કરતા હો ત્યાં સુધી જ એ લાગુ રહે છે. જે દિવસે તમે કંપની છોડો એ દિવસે વીમાનું કવચ પણ દૂર થઈ જાય. તમે જો ઉચ્ચાભ્યાસ માટે જવાના હો કે પછી પોતાનું સ્ટાર્ટઅપ કે બિઝનેસ શરૂ કરવાના હો અને તમારી પોતાની અંગત કોઈ આરોગ્ય વીમા પૉલિસી ન હોય તો તમારા માટે નાણાકીય જોખમ સર્જાય છે.

આ પરિસ્થિતિ ઘણી વિકટ હોય છે. તમે કંપની છોડતી વખતે મોટી ઉંમરના હો તો એને લગતી બીજી સમસ્યાઓ સર્જાય છે, જેના વિશે આપણે હવે પછીના મુદ્દામાં વાત કરી રહ્યા છીએ.

૨) કદાચ પૉલિસી મળે પણ નહીં:

જેમ જેમ ઉંમર વધે તેમ તેમ આરોગ્ય વીમાનું પ્રીમિયમ મોંઘું પડે. નાની ઉંમરે તબીબી પરીક્ષણો વગર વીમો મળી જાય, પણ જો ઉંમર વધી જાય તો ફરજિયાતપણે તબીબી પરીક્ષણો કરાવવાં પડે અને શક્ય છે કે એમાં ડાયાબિટીસ, હૃદયરોગ કે જીવનશૈલી સાથે જોડાયેલી બીજી કોઈ બીમારી બહાર આવે તો વીમાનું પ્રીમિયમ ૨૦થી ૫૦ ટકા વધી જાય. ક્યારેક પૉલિસી આપવામાં જ આવે નહીં એવું પણ શક્ય હોય છે. તમે નિવૃત્તિની નજીક પહોંચ્યા હો અને તમને આરોગ્ય વીમો મળે નહીં અથવા તો મોંઘો પડે એવી સ્થિતિમાં તમારી ચિંતા વધી જાય એ સ્વાભાવિક છે. એવા સમયે બીજો કોઈ વિકલ્પ ન હોવાની પરિસ્થિતિ આર્થિક દૃષ્ટિએ ઘણી જોખમી પુરવાર થાય છે.

૩) એ કૉર્પોરેટ પૉલિસી કર્મચારીના પરિવાર માટે કદાચ અનુરૂપ ન હોય:

દરેક પરિવારની આરોગ્ય વીમાને લગતી જરૂરિયાતો અલગ અલગ હોય છે, જે કૉર્પોરેટ પ્લાન હેઠળ સંતોષાય નહીં એવું બને. કંપની પોતાના નિશ્ચિત બજેટના આધારે કૉર્પોરેટ પ્લાન બનાવડાવતી હોય છે, જે એમના માટે બરોબર હોય, પણ કર્મચારીઓ માટે અપૂરતો હોઈ શકે છે. દરેક કર્મચારીની તમામ જરૂરિયાત પૂરી થાય એવો પ્લાન બનાવવાનું શક્ય હોતું નથી. એવું શક્ય હોય તોપણ કર્મચારી જ્યાં સુધી નોકરીમાં હોય ત્યાં સુધી જ એને વીમાનું કવચ મળે... આમ કૉર્પોરેટ પ્લાનમાં રહેલી શરતો અને એનાં બીજાં ફીચર્સ તમારા પરિવારની જરૂરિયાતો પૂરી કરનારાં નથી હોતાં.



આ જ કારણ છે કે કર્મચારીએ પોતાના પરિવાર માટે અલગથી આરોગ્ય વીમા પૉલિસી લઈ લેવી જોઈએ. પરિવારની દરેક વ્યક્તિની મેડિકલ હિસ્ટરી અને જીવનશૈલીના આધારે અલગ અલગ ખાસિયતો ધરાવતો આરોગ્ય વીમાનો પ્લાન તૈયાર કરાવી શકાય છે, જે કૉર્પોરેટ પ્લાનમાં શક્ય હોતું નથી.

અહીં એ પણ નોંધવું ઘટે કે કૉર્પોરેટ પ્લાનનો પોતાના હિતમાં સારામાં સારો ઉપયોગ કરી શકો છો, જેમ કે...

૧) કંપની જ્યાં સુધી તમારી પાસેથી પ્રીમિયમ લીધા વગર તમને આરોગ્ય વીમો આપતી રહે ત્યાં સુધી એનો ઉપયોગ કરવો. કોઈ ક્લેમ આવે ત્યારે પોતાની અલગથી લેવાયેલી પૉલિસીને બદલે કૉર્પોરેટ પૉલિસી હેઠળ જ ક્લેમ કરવો, જેથી અંગત પૉલિસીમાં ‘નો ક્લેમ બૉનસ’ મળતું રહે.

૨) અંગત પ્લાન હેઠળ ઘણીવાર શરૂઆતમાં વિન્ડો પીરિયડ હોય છે અર્થાત્ કોઈ બીમારી માટેનો ક્લેમ અમુક સમય વીત્યા બાદ જ મળતો હોય છે. બીજી બાજુ, કૉર્પોરેટ પ્લાનમાં અનેક પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝ એટલે કે પૉલિસી શરૂ થવા પહેલાંથી જ હોય એવી બીમારીઓને પહેલા જ દિવસથી આવરી લીધી હોય છે (એટલે કે એમાં વેઇટિંગ પીરિયડ હોતો નથી) અને તેથી એનો ક્લેમ મળતો હોય છે.

બીજી તરફ, વીમાધારકના પરિવારની કોઈ પણ વ્યક્તિની પ્રી-એક્ઝિસ્ટિંગ બીમારી આવરી લેવાયેલી હોવાને કારણે કૉર્પોરેટ પ્લાન અમુક સમયે ખૂબ જ ઉપયોગી થતા હોય છે. આમ, જ્યાં સુધી અને જેટલા પ્રમાણમાં કૉર્પોરેટ પ્લાન તમારી જરૂરિયાત પૂરી કરતો હોય ત્યાં સુધી અચૂકપણે એનો લાભ લેવો. આખરે તો એનું પ્રીમિયમ તમારા માટે કંપનીએ નક્કી કરેલા કોસ્ટ ટુ કંપની (સીટીસી)નો જ ભાગ હોય છે.

આ મુદ્દાઓ પરથી એટલું તો સ્પષ્ટ થઈ જ ગયું હશે કે માત્ર કૉર્પોરેટ પ્લાન પર આધાર રાખવાને બદલે દરેક નોકરિયાતે પોતાના પરિવાર માટે અંગત ધોરણે આરોગ્ય વીમા પૉલિસી લઈ જ લેવી જોઈએ અને મળતો હોય ત્યાં સુધી કૉર્પોરેટ પ્લાનનો આવશ્યકતા મુજબ વિનાસંકોચે ઉપયોગ કરી લેવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક



# ટાઈટ જીન્સનો શોખ કેવી કેવી સમસ્યા સર્જી શકે?

ડેનિમ અથવા જીન્સ હવે યુવાનોમાં રાષ્ટ્રીય પોશાકનો દરજ્જો ધરાવે છે એવું કહીએ તો કંઈ ખોટું નથી એમ કહેવાય. તેમાંય જાતજાતનાં પેન્ટ્સ આવે છે, પરંતુ યુવાનોમાં જેનો ક્રેઝ સૌથી વધુ છે, એ છે ટાઈટ ફિટિંગવાળાં જીન્સ. પગ, જાંઘ અને નિતંબોના આકારને ઉભાર આપે તેવા શરીરને લગભગ ચીપકી ગયાં હોય તેવાં જીન્સ પહેરવાં યુવાનોને બહુ ગમે છે, પણ આ ફૅશન આરોગ્ય માટે આફત સરજી શકે, જેમ કે

૧) ખૂબ ટાઈટ જીન્સ પહેરવાથી લોહીના પ્રવાહ પર અસર પડે છે, જેના કારણે પગની માંસપેશીઓ અને અન્ય અનેક નસમાં લોહીના પ્રવાહમાં અવરોધ ઊભો થાય તો, પગ અને જાંઘમાં નિષ્ક્રિયતા આવે છે અને કળતર અનુભવાય છે. તેને ‘સ્કિની પેન્ટ સિન્ડ્રોમ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

૨) ગભરામણ થાય છે..

રક્ત પરિભ્રમણ પર અસર થતી હોવાથી લોહીને પંપ કરવા અને તેને અન્ય અવયવોમાં મોકલવા માટે હૃદય પર દબાણ આવે છે. ચેતાતંત્ર પર પણ દબાણ આવતાં વ્યક્તિ ગભરામણ અનુભવે છે.

૩) લોહી ગંઠાઈ જવાની સમસ્યા...

ટાઈટ જીન્સ પહેરવાથી શરીરમાં બ્લડ સર્ક્યુલેશનની જે સમસ્યા સર્જાય છે એના કારણે લોહી ગંઠાઈ જવાનો ખતરો વધી જાય છે.

૪) પ્રજનન ક્ષમતા પર અસર પડે છે.

ચુસ્ત જીન્સ નિયમિતપણે પહેરવાથી તમારી પ્રજનન ક્ષમતા પર પણ નોંધપાત્ર અસર પડે છે. શુક્રાણુઓની કમી એક આવી જ સમસ્યા છે. આ સિવાય, ટાઈટ જીન્સને કારણે કેટલાંક ઈન્ફેક્શન જોખમ પણ વધી જાય છે. ખાસ કરીને સ્ત્રીઓમાં આના કારણે ‘વલ્વોડાયનિયા’ થવાની સંભાવના વધારે હોય છે. આ બીમારી હેઠળ મહિલાઓને એમના પ્રાઈવેટ પાર્ટ્સમાં દુખાવો કે ઈન્ફેક્શન થઈ શકે છે.

૫) પુરુષોમાં યુટીઆઈનું જોખમ વધે છે

ટાઈટ જીન્સ માત્ર મહિલાઓ માટે જ નહીં, પરંતુ પુરુષો માટે પણ ઘણી ગંભીર સમસ્યાઓ ઊભી કરી શકે છે. ટાઈટ જીન્સને લીધે માત્ર પ્રજનનક્ષમતા પર જ ખરાબ અસર થતી નથી, પરંતુ યુટીઆઈનું (યુરીનરી ટ્રેકટ ઇન્ફેક્શન) જોખમ પણ નોંધપાત્ર રીતે વધી જાય છે. ‘યુટીઆઈ’ એટલે પેશાબ વહન કરતી નળીમાં થતું ઈન્ફેક્શન. એટલું જ નહીં, લાંબા સમય સુધી ટાઈટ જીન્સ પહેરવાથી પુરુષોમાં કૅન્સરનું જોખમ વધી જાય છે.

૬) સ્કિન ઈન્ફેક્શન થઈ શકે છે

તંગ જીન્સને કારણે સ્કિન ઈન્ફેક્શન થઈ શકે છે. ફેબ્રિક ત્વચા પર ચોંટી જાય છે અને સોજો અને ફોલ્લીઓ જેવી સમસ્યા ઊભી થવા લાગે છે, જેના કારણે જાંઘની આસપાસ પણ ચકામા થવા લાગે છે. વધુપડતાં ટાઈટ જીન્સ પહેરવાથી પરસેવો જલદી સુકાતો નથી અને તેના કારણે ખંજવાળ અને લાલાશની સમસ્યા થાય છે.

૭) પીઠનો દુખાવો..

ટાઈટ જીન્સને લીધે કમરનો દુખાવો શરૂ થાય છે. જોઈન્ટ અને સ્પાઈન પર નકારાત્મક અસર થવાનું જોખમ રહેલું છે. તેના કારણે ઊઠવા-બેસવામાં તકલીફ થઈ શકે છે.

૮ ) પેટમાં દુખાવો...

ચુસ્ત જીન્સ પહેરવાથી પેટની નીચેના ભાગ પર વધુ દબાણ આવે છે, જેનાથી રક્ત પરિભ્રમણ ધીમું પડી જાય છે. જે માત્ર પેટને જ નહીં પરંતુ હિપના સાંધાને પણ અસર કરે છે.

આવાં બધાં ભયસ્થાનો હોવા છતાં ફૅશનના કારણે તમને ચુસ્ત જીન્સ પહેરવું ગમતું જ હોય તો કેટલીક સાવધાની રાખવી જોઈએ, જેમ કે...



- જો તમે ઘણું વૉકિંગ કરતા હો, તો ટાઈટ જીન્સ ન પહેરો.
- જીન્સને સારી રીતે ધોઈ લો, જેથી તમે ત્વચાના ચેપનો શિકાર બનવાથી સુરક્ષિત રહો.
- જીન્સ ખરીદતી વખતે આરામદાયક જીન્સ ખરીદો, એવાં જીન્સ ન ખરીદો જેનાથી તમને અકળામણ - ગૂંગળામણ થાય.
- દરેક પ્રસંગે ચુસ્ત જીન્સ ન પહેરો.
- ઉનાળાની ઋતુમાં જીન્સને ટાળીને હળવાં વસ્ત્રો પહેરો.
- કોઈ પણ પ્રકારની એલર્જીના કિસ્સામાં ચુસ્ત જીન્સને બદલે ખુલ્લાં કપડાં પહેરો.
- ખૂબ ચુસ્ત જીન્સ પર બેલ્ટનો ઉપયોગ ન કરો. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# શારીરિક રોગોનાં મૂળ મનમાં હોય છે



(ગતાંકથી ચાલુ)

યોગાસનનો ક્રમ નિશ્ચિત કરતી વખતે વ્યક્તિગત ભિન્નતા ખ્યાલમાં રાખવી જોઇએ.

૩. ઉજજાયી-સરલ સ્વરૂપ

૪. અનુલોમવિલોમ

પ્રાણાયામના આ બંને સ્વરૂપો વિશે વિગતે વિચારણા ‘અપસ્મારની યૌગિક ચિકિત્સા’ તથા ‘ડિપ્રેશનની યૌગિક ચિકિત્સા’માં કરવામાં આવેલ છે.

૫. યૌગિક પરામર્શ

‘યૌગિક પરામર્શ’ નામના અલગ પ્રકરણમાં આની વિગતે વિચારણા થઇ છે.

સમાપનઃ

હિસ્ટીરિયા બહુ નાજુક અને ગૂંચવણવાળી બીમારી છે. વળી તેમાં વ્યક્તિગત ભિન્નતા પણ ખૂબ હોય છે. આમ હોવાથી તેની ચિકિત્સાનો ક્રમ નિશ્ચિત કરતી વખતે ચિકિત્સકે ખૂબ સાવધાન રહેવું જોઇએ.

યૌગિક ક્રિયાઓ માત્ર પુસ્તક વાંચીને શીખી કે શકાય નહીં. તેમ કરવાથી ભૂલો રહી જવાનો સંભવ છે અને તે જોખમી છે. દર્દીને યૌગિક ક્રિયાઓ શીખવવા માટે કુશળ યૌગશિક્ષકનું માર્ગદર્શન મેળવવું જોઇએ.

હિસ્ટીરિયાના દર્દીને ઔષધિ પણ આપી શકાય છે. તે માટે પણ તે વિષયના નિષ્ણાત ચિકિત્સકની સહાય લેવી જોઇએ.

યૌગિક પરામર્શ પણ કુશળ યૌગિક પરામર્શક દ્વારા અપાય તે જોવું જોઇએ. હિસ્ટીરિયાની ચિકિત્સા જો આ કુશળ નિષ્ણાતોની ટીમ દ્વારા થાય તો સફળતાની તકો ઉજજ્વળ બને છે.

*

૧૫. મનોદૈહિક વિકૃતિઓની યૌગિક ચિકિત્સા

૧. પ્રાસ્તાવિક

વર્તમાનકાળમાં સંપત્તિ અને સુવિધાઓમાં અપરંપાર વધારો થયો છે. વિજ્ઞાને માનવીના હાથમાં અપરંપાર શક્તિ અને સાધનો મૂક્યાં છે અને છતાં માનવી સુખી નથી. માનવી સંઘર્ષો, હતાશ અને વિષાદમાં ફસાઇ ગયો હોય તેમ લાગે છે. અરણ્યમાં વસતા એક અભણ માનવી કરતાં મુંબઇમાં વસતા ધનપતિ પાસે સુવિધાઓ વધુ છે, પરંતુ અરણ્યનિવાસી કરતાં તે વધુ સુખી કે વધુ પ્રસન્ન છે તેમ ન કહી શકાય.

ઓગણીસમી સદીના અંત સુધી શારીરિક રોગોનાં કારણો શરીરમાં જ હોવાની ધારણા હતી, પરંતુ ફ્રોઇડ અને જાનેટ જેવા મનોવૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે અનેક શારીરિક રોગોનાં મૂળ મનમાં હોય છે. શરીર અને મન સર્વથા ભિન્નભિન્ન નથી. એક જ વ્યક્તિત્વનાં આ બંને પાસાં છે. શરીરની અસર મન પણ અને મનની અસર શરીર પણ થાય જ છે.

વર્તમાનકાળમાં માનવીના માનસિક સંઘર્ષો વધ્યા છે અને તેથી હતાશા, વિષાદ, તાણ આદિ વધ્યાં છે. આવે પરિણામે શરીર અને મનના રોગો પણ ખૂબ વધ્યા છે. આમાંના કેટલાક રોગો માનસિક હોય છે, કેટલાક રોગો મનોદૈહિક (મનઃશારીરિક) પણ હોય છે.

૨. મનોદૈહિક વિકૃતિઓ એટલે શું?

જેનું મૂળ કારણ મનમાં હોય પરંતુ બીમારી શરીરની ભૂમિકાએ પ્રગટ થાય તેવી વિકૃતિઓને મનોદૈહિક વિકૃતિઓ કહેવામાં આવે છે.

માનવ-વ્યક્તિત્વનું બંધારણ જ એવું છે કે મનનો બોજ શરીર પર અને શરીરનો બોજ મન પર પડે જ છે. વાતાવરણમાંથી ઉદ્‌ભવતાં અંતરાયો અને વિઘ્નો માનવીની માનસિક અને શારીરિક જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં બાધા ઊભી કરે છે. તેથી વ્યક્તિ હતાશા અને સંઘર્ષ અનુભવે છે. આ માનસિક ભારને કારણે શરીરની સંવાદિતા ખોરવાઇ જાય છે. તેની અસર શરીર પર થાય છે અને તેમાંથી શારીરિક માંદગી પ્રગટ થાય છે.

સેચ્યુઇને કહ્યું છેઃ ‘‘કોઇ પણ રોગ શારીરિક હોય કે માનસિક, પરંતુ તે વસ્તુતઃ તે સમગ્ર વ્યક્તિનો વિકાર છે.’’

કોઇ વ્યક્તિના મનમાં લાંબા સમય સુધી હતાશા, સંઘર્ષ, તાણ રહે તો તે શારીરિક રોગમાં પરિવર્તન પામે છે. આમ, આવી શારીરિક બીમારીનું કારણ મનમાં હોય છે. આ પ્રકારની વિકૃતિઓને મનોદૈહિક વિકૃતિઓ કહેવામાં આવે છે.

૩. મનોદૈહિક વિકૃતિઓના પ્રકારોઃ

શેલ્ડમ નામના મનોવૈજ્ઞાનિકે મનોદૈહિક, બીમારીઓના દસ પ્રકારો પાડ્યા છે. પેટાપ્રકારોની ગણતરી કરીએ તો આવી વિકૃતિઓની સંખ્યા ૮૦થી પણ વધુ થાય છે. આમાંથી કેટલીક મહત્ત્વની મનોદૈહિક વિકૃતિઓનો પરિચય આપણે અહીં મેળવીએ.

(૧) દમઃ

દસ શ્વસનતંત્રને લગતો મનઃશારીરિક રોગ છે. આનો અર્થ એમ નથી કે પ્રત્યેક દમ મનઃશારીરિક જ હોય છે. ઘણી વાર દમ માત્ર શારીરિક સ્વરૂપનો પણ હોઇ શકે છે. પરંતુ કોઇક વાર માનસિક કારણસર પણ શરીરની ભૂમિકાએ દમની બીમારી જોવા મળે છે. આ પ્રકારના મનોમય ભૂમિકાયુક્ત દમને મનઃશારીરિક દમ કહેવામાં આવે છે. આ પ્રકારના દમનું જોડાણ મનના આવેગો સાથે થયેલું હોય છે.

આ પ્રકારની મનઃશારીરિક દમ સ્ત્રીઓ કરતાં પુરુષોમાં ત્રણગણો વધારે હોય છે. દમના પાયામાં ચિંતા અને ભય હોય છે.

(૨) તૃણગંધન્ય તાવ (Hay fever):

આ એક પ્રકારની એલર્જી છે. આવી એલર્જીવાળી વ્યક્તિઓ પોતાની પ્રકૃતિને માફક ન આવે તેવી ગંધવાળા પુષ્પોની ગંધ તેમનાં નાક સુધી પહોંચે ત્યારે સહન કરી શક્તી નથી. શરૂઆતમાં તેમને શરદી અને પછી તાવ આવે છે. આ તાવને ‘તૃણગંધજન્ય તાવ’ કહેવામાં આવે છે.

આ તાવ પાછળ મનોવૈજ્ઞાનિક કારણો હોય છે. વ્યક્તિ સમક્ષ જ્યારે કોઇ વિચિત્ર પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે તેનો સામનો કરતાં તે એલર્જી અને આવેગાત્મક ઘટકો વચ્ચેની સમતુલા ખોઇ બેસે છે. તેમાંથી આ મનોદૈહિક વિકૃતિ-તૃણગંધજન્ય તાવ પ્રગટ થાય છે.

(૩) ફેફસાંનો ક્ષયઃ

ફેફસાંના ક્ષયનું માનસિક પાસું ઘણા લાંબા સમયથી સ્વીકારવામાં આવ્યું છે. ક્ષયનાં જંતુઓ દ્વારા ફેફસાંને ચેપ લાગવાથી ક્ષય પ્રગટે છે. આ તથ્ય બરાબર છે. પરંતુ આવાં જંતુઓ તો વાતાવરણમાં અસંખ્ય પ્રમાણમાં હોય છે. ક્ષયનો રોગ લાગુ પડશે કે નહીં તે નક્કી કરવામાં માનસિક કારણો પણ ભાગ ભજવે છે. ક્ષયના બધા જ કિસ્સામાં તે મનોદૈહિક જ હોય છે તેમ નથી. પરંતુ અનેક કિસ્સાઓમાં ક્ષય મનોદૈહિક પણ હોય છે.

અજાગ્રત માનસિક સંઘર્ષો, જાતીય વિરોધ, બાળપણમાં દમિત થયેલી કોઇ ચિંતાપ્રેરક પરિસ્થિતિ, અસલામતી અને પરાશ્રયની લાગણી- આવાં કારણો મનોદૈહિક ક્ષયમાં ભાગ ભજવતાં હોય છે.

(૪) શરદીઃ

શરદી શ્વસનતંત્રની એક બહુ પ્રચલિત સામાન્ય બીમારી છે. ઠંડી, ધૂળ, ધુમાડો આદિ બહિરંગ કારણોથી શરદી થાય છે.

સાઉલ નામના મનોવૈજ્ઞાનિકે શરદીના ઘણા કિસ્સાઓનો અભ્યાસ કરીને બતાવ્યું કે અને કે કિસ્સાઓમાં આ રોગ મનોદૈહિક હોવાની શક્યતા વધુ છે. દમિત ક્રોધ, હતાશા આદિ માનસિક પરિબળો શરદીમાં ભાગ ભજવે છે.

(૫) અતિસ્થૂળતાઃ

શરીરમાં ચરબીનું પ્રમાણ અતિશય વધવાથી વ્યક્તિ અતિસ્થૂ બની જાય છે. અતિસ્થૂળતા એક બીમારી છે અને તેમાં શારીરિક કારણો ઉપરાંત માનસિક કારણો પણ ભાગ ભજવે છે.

સામાન્યતઃ અતિ સ્થૂળતાનાં ચાર કારણો છેઃ

૧. વારસો

૨. અપૂરતો શ્રમ

૩. વધારે પડતો ચરબીયુક્ત આહાર

૪. માનસિક કારણો

ચિત્તમાં કોઇક પ્રકારનો ખાલીપો અર્થાત્ અભાવ અને માનસિક અશાંતિ, અસંતોષ હોય ત્યારે વ્યક્તિ અતિઆહાર દ્‌વારા આવી ખામીની પરિપૂર્તિ કરવાનો પ્રયત્ન કરે છે અને તેમાંથી અતિસ્થૂળતા પ્રગટે છે.

આવી માનસિક ખામીને અતિઆહાર દ્વારા ભરી શકાતી નથી- આ સત્ય તે દર્દી સમજતો નથી. પરિણામે તેનો અતિઆહાર ચાલુ રહે છે અને સ્થૂળતા વધતી જાય છે. દર્દી જો આ સત્ય સમજે તો તે અતિઆહારમાંથી પાછો ફરી શકે છે અને સ્થૂળતા પણ ઘટાડી શકાય છે.

(૬) જઠર કે આંતરડામાં ચાંદું (શિભયી):

બાહ્ય સ્વરૂપની દષ્ટિએ જોઇએ તો જઠર અને આંતરડાને લગતી આ બીમારી છે. જે વ્યક્તિને આ રોગ લાગુ પડે છે તેના જઠર કે આંતરડામાં નાનું ગોળ ચાંદું પડે છે. તેને લીધે હોજરીમાં સતત બળતરા થયા કરે છે. ખોરાક લેવાથી બળતરા ઓછી થાય છે અને પેટ ખાલી થતાં બળતરા ફરી ઊપડે છે.

દીર્ઘકાલીન વાયુની સાથે અસાધારણ માનસિક તંગાવસ્થા કે ચિંતા, ક્રોધ જેવા નકારાત્મક આવેગોનું જોડાણ થવાથી આ બીમારી પ્રગટ થાય છે.

આ રોગ થવા પાછળનાં મનોવૈજ્ઞાનિક કારણો આ પ્રમાણે છે. ખૂબ જ ઊંચાં નૈતિક ધોરણો રાખનારા, જીવનમાં સવિશેષ પ્રવૃત્તિશીલ રહેનારા, પોતાની ધ્યેયસિદ્ધિ માટે રાત-દિવસ મંડ્યા રહેનારા, અતિસ્વાતંત્ર્યપ્રિય અને સ્વાવલંબી રુચિવાળા, અહંકેન્દ્રિત, મહત્ત્વાકાંક્ષી લોકો સમક્ષ જ્યારે વિઘ્નો કે સંઘર્ષો ઉપસ્થિત થાય છે ત્યારે નિષ્ફળતા મળતાં તે સતત ચિંતાની લાગણી અનુભવે છે અને સતત અસલામતી તથા તીવ્ર મનોભાવ અનુભવે છે. આ લોકોનાં જીવનમાં આ બીમારી જન્મે છે.

વધારેપડતા ઊંચા ધ્યેયને પ્રાપ્ત કરવામાં સંઘર્ષ-રત રહેનાર વ્યક્તિ પોતાનું જીવન આનંદથી વ્યતીત કરી શક્તી નથી. આ પ્રકારની માનસિક અવસ્થા તેને અલ્સરની બીમારી તરફ દોરી જાય છે.

(૭) મળ-મૂત્ર-વિસર્જનની તકલીફોઃ

ઝાડા, કબજિયાત, ઊંઘમાં મૂત્રવિસર્જન થાય- આ પ્રકારની તકલીફો આ વર્ગમાં ગણાય છે. ચિંતા, ઘૃણા આદિ લાગણીઓથી જન્મેલા આવેગોના ભારથી આવી તકલીફો પ્રગટે છે.

(૮) દીર્ઘકાલીન વાયુઃ

પેટમાં ગરબડ, બળતરા, અપચો અને વાયુની તકલીફ આ પ્રકારમાં ગણાય છે. સંઘર્ષમય આવેગોના દબાણને કારણે આવી બીમારી જન્મે છે. ખોરાક પ્રત્યે અરુચિ આવેગોના ભારને કારણે જન્મે છે અને તેમાંથી અનેક તકલીફો પ્રગટ થાય છે.

યૌગિક મનોવિજ્ઞાનમાં ચિત્ત અને વાયુ વચ્ચે પ્રગાઢ સંબંધ માનવામાં આવે છે. તદનુસાર મનની મુશ્કેલીઓમાંથી દીર્ઘકાલીન વાયુ પ્રગટે છે.


(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# શું છે આ સ્ટેનોસિસ - સ્નાયુ સંકોચન?




આધુનિક યુગમાં ટેકનોલૉજીએ મોટું સ્વરૂપ લીધું છે. આ ટેકનોલૉજીએ શારીરિક અને માનસિક રીતે લોકો પર ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રભાવ પાડયો છે. જેથી શરીરમાં વિકૃતિઓ વધતી જાય છે. જીવતંત્ર તંત્રથી એટલું બધું બંધબેસી ગયું છે કે લોકો માટે હાનિકારક પણ પુરવાર થઈ રહ્યું છે. શારીરિક શ્રમ ઘટી ગયો છે. જેથી જાણે શરીરની અંદરનાં અવયવોની કાર્યક્ષમતા ઘટી ગઈ છે. જેના કારણે સ્નાયુઓ સંકોચાવા લાગ્યા છે. આમાં મૂળત્વે શારીરિક શ્રમની ઓછપ, બાહ્ય રસાયણયુકત ભોજન, નાની-નાની બીમારીઓનું નજરઅંદાજ કરવું. આ બધાને કારણે ભૌતિક અને ક્રિયાત્મક રીતે શરીરમાં ફેરફાર થઈ જાય છે. જે સ્વાસ્થ્યને બગાડે છે.

સામાન્ય રીતે જ્યારે સરળ સ્નાયુના સંકોચનને કારણે સંકુચિત થાય છે એટલે કે સ્નાયુઓ કે ધમનીઓ જે નલિકાસ્વરૂપે છે તેના પર દબાણ આવવું, સોજા આવવા કે અકસ્માતે તે સાંકડી થઈ જાય કે અવરોધાઈ જાય. તેને સ્ટેનોસિસ બીમારી કહેવાય છે. આ પીડાદાયક અને અસહનીય છે. આ રોગની અવસ્થા બાળથી લઈને વૃદ્ધાવસ્થા સુધી જોવા મળે છે. આજ કાલ પુખ્તવયના લોકોમાં વધુ જોવા મળી રહી છે.

આનાં કારણો ઘણાંય છે. જન્મજાત ખામીઓ, અકસ્માત, ઘાવને કારણે, કેલ્સિફિકેશન, તીવ્ર એસિડીટી, કેફેન પદાર્થનું સેવન (દારૂ, ચહા, કૉફી, ધ્રૂમપાન, ચોકલેટ) અન્ય કેફેન યુક્ત પદાર્થ, વધુપડતા કૉસ્મેટિકનો ઉપયોગ, ડાયાબિટીસ, કૉલેસ્ટ્રોલ અને કૉલેસ્ટ્રોલનું જામવું, લોહી ગંઠાઈ જવું, બળતરા કરતો ખોરાક, વધુપડતી કબજિયાત, કોઈ શસ્ત્રક્રિયાને કારણે, વધુપડતી દવાઓને કારણે, લાંબી માંદગીને કારણે સ્ટેનોસિસ થાય છે. નલિકાવાળી ધમની અને સ્નાયુઓનું સંકોચન થઈ જાય છે, આના ઘણા પ્રકારો છે.

હૃદયના વાલ્વ સંકીર્ણતા - પલ્મોનરી વાલ્વ સંકીર્ણતા, મિટલ વાલ્વ સંકીર્ણતા, એરોટીક વાલ્વ સંકીર્ણતા. અથવા મહાધમની સ્ટેનોસિસ આમાં રકતના સામાન્ય પ્રવાહમાં અવરોધ આવે છે, જેથી હૃદયને નુકસાન થાય છે. ઑકિસજનની કમી જેથી શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દર્દ, બેહોશીપણું થાય છે. થાક લાગે છે આનું કારણ ઉચ્ચ રક્તચાપ, લોહી પતલું કરવાવાળી દવા, મૂત્રવર્ધક દવા, ચરબીનું વધુપડતું જામવું. આનાથી બચવા આહાર પર નિયંત્રણ રાખવું જરૂરી છે. પ્રાકૃતિક ખોરાક તે પણ બળતરા વગરનો લેવો જોઈએ. રક્તચાપ (બી.પી.) નોર્મલ રાખવું જરૂરી છે.

સર્વાઇકલ સ્પાયનલ સ્ટેનોસિસ (કરોડજ્જુ) અંદરનું હાડકું સાંકડું થઈ જાય એથી અંદરની નસો પર દબાવ પડે, ઇન્ટરવર્ટેબલ ડીસનું લિક્વિડ સમાપ્ત થવું. ઇન્ટરવર્ટેબલ ડીસની નહેર સંકોચાવી, મણકાઓ એકબીજા પર આવી જવા, આના કારણે હાથપગ સૂના થવા, ચાલવાનું સંતુલન જવું, ગરદનમાં દર્દ, આંતરડાં અને બ્લેડરમાં સમસ્યા હાથપગમાં ઝણઝણાટી થવી વગેરે.

મણકા (વર્ટીબ્રા)માં જયારે સ્ટેનોસિસ થાય ત્યારે કમરમાં ભયંકર દુઃખાવો થાય, કરોડરજ્જુ વળવા માંડે. બળતરા થવા માંડે. ઘણીવાર સર્જરી કરવી પડે છે. આની માવજાત માટે કેલ્શિયમયુક્ત આહાર લેવો જોઇએ. એસિડીટી ન થવી જોઈએ કોલેસ્ટ્રોલ વધવું ન જોઈએ.

પાઇલોરિક સ્ટેનોસિસ આ સમસ્યા નવજાત શીશુમાં ઘણીવાર જોવા મળે છે. ગેસ્ટ્રિક પ્રોબ્લેમવાળામાં ઘણીવાર દેખાય છે. પેટનો નીચલો ભાગ જે નાનાં આંતરડાં સાથે જોડાય છે. ત્યાં આ સમસ્યા થાય છે. પાઇલોરસનું મોઢું સાકડું થઈ જાય છે. જેથી ખોરાક નીચે ઊતરવો મુશ્કેલ થાય છે. જેથી ઊલટી, ઓડકાર થાય છે. આ સમસ્યાને કારણે શરીરમાં ખનિજોની ઓછપ થઈ જાય છે. જેથી બીમાર જ રહે છે. વજન ઘટવું, ઊર્જાની કમી, મળત્યાગમાં મુશ્કેલી, મળમાં ચીકણો પદાર્થ આવવો. ઠંડાં પાણીનો નેપકીન પેટ ઉપર રાખવો અને સેમીસોલીડ ખોરાક લેવો, વધુ પેટ ભરીને ન ખાવું, ભારે, મીઠાઈવાળા ખોરાક ન લેવા. ગુદા સ્ટેનોસિસ ગુદાનું સંકુચન થવું, જેથી મળત્યાગ માટે મુશ્કેલી થાય. ખૂબ જ મોટા પ્રમાણમાં સોજો આવવો. આ કારણ પણ હોઈ શકે, ફાઇબ્રોસીસના કારણે, જન્મજાત રોગના કારણે અકસ્માતના કારણે. આ મળત્યાગ વખતે ઘણું લોહી પણ પડે છે. કબજિયાત ન થવી જોઈએ. કબજિયાતના ઉપચાર કરવા ઠંડાં પાણીના ટબમાં બેસવું ફાઇબરયુક્ત ખોરાક લેવો.

પિત્ત નળીનું સ્ટેનોસિસ લીવર સંબંધી બીમારીઓને કારણે થાય છે. લીવર સિરોસિસને કારણે ઘણીવાર કોશિકાઓ નષ્ટ થઈ જાય છે. નષ્ટ થયેલી કોશિકાઓથી જોડાયેલી હોવાને કારણે સાકડી થઈ જાય છે. થાક લાગવો, ત્વચામાં ખંજવાળ, ભૂખમાં ઓછપ, વજન ઘટવું, પેટમાં પાણી ભરાવું, પગમાં સોજા, હાથની હથેળીમાં લાલિમા, ત્વચા અને આંખમાં પીળાપણું વગેરે થાય છે. બધી જાતના કેફેન બંધ કરવાં, પચવામાં હલકો હોય તેવો ખોરાક લેવો, તેલ સદંતર બંધ કરવું, ઠંડાં પાણીનો નેપકીન મૂકવો.

પલ્મોનરી સ્ટેનોસિસ-નાનપણમાં નિદાન થાય છે. શરૂઆતમાં જ આનો ઈલાજ જરૂરી છે, પણ ઘણીવાર વયસ્ક થાય ત્યાં સુધી ખબર પડતી નથી. અસ્થમાવાળા દર્દીમાં ઘણીવાર જોવા મળે છે. વધુપડતી દવાઓ કે પંપ લેવાના કારણે સોજા આવતાં આ તકલીફ થાય છે. જાણકાર પાસે નિદાન કરાવવું હિતવાહ છે.

સ્ટેનોસિસ, ગર્ભાશયની ગ્રીવા, આંતરડાં, ગળા વગેરેમાં પણ થાય છે. સમયસૂચકતા વાપરીને નિદાન કરવું. કેમિકલયુક્ત ભોજન, સાકર, રિફાઇન્ડ તેલ, સોડા રંગવાળા પદાર્થો તેમ જ પરફ્યુમ વગેરે પર કાબૂ મેળવવો જરૂરી છે. અકસ્માતે થયેલ સ્ટેનોસિસ પર કાબૂ મેળવવો મુશ્કેલ છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# હું ભોળોનાથ નથી, પણ ભોળાઓનો નાથ છું!



કોઈ મને પૂછે કે તારે શું બનવું છે ને હું કહુ ‘ચોર’ તો તરત જ તમે બધા ભડકશો ને ૬૦ સેકંડમાં તો તમારા મગજમાં ૧૭,૭૭૭ ઝણઝણાટી પ્રગટી જશે ને ચહેરા પર સૂકા નારિયેળના છોતરાં જેવી સત્તરસો કરચલીઓ પડશે, પણ સત્ય ને તથ્ય જાણશો તો તમારું હૈયું પણ પોકારી ઊઠશે : ‘ઠાકરિયા, યુ આર રાઇટ કમ વિથ મી.’

માત્ર ચોર આ દેશની અર્થ વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે, જે ચોરને લીધે તિજોરી છે, દરવાજે તાળાં છે, ચોરને લીધે જ જેલ છે, પોલીસ છે. જેના પર જજ, વકીલ કે પોલીસ ઇન્સ્પેકટર, સોસાયટીનો વોચમેન, ઈત્યાદિ ,ઈત્યાદિ. બધા નભતા હોય, અરે જે કલા વારસામાં ન મળી હોય પણ સાહસ, શ્રમ ને પોતાની આવડતથી ઊભી કરી હોય, કોઈ કોલેજ કે સ્કૂલમાં શિક્ષણ લીધા વગર ચોરીની કલા શીખ્યો હોય, અરે હજી એ તો વિચારો કે જે ચોર પોતાની અમૂલ્ય નિંદ્રાનું બલિદાન આપી પારકાના ઘરને કે દુકાનને પણ પોતાનું સમજી પોતાના પરિવાર માટે પ્રબળ પુરુષાર્થ કરતો હોય એવા ચોરભાઈઓ કેટલા લોકોને રોજી પૂરી પાડે પણ અફસોસ છે કે એવી વ્યક્તિનું સન્માન કરવાને બદલે જ્યારે જનતા એને તિરસ્કારની નજરે જુએ છે. જ્યારે કોઈ બધા ધંધા કરતાં કઈક જુદી કલામાં પોતાનો હાથ અજમાવીને સફળ થાય છે ત્યારે સમાજ તો ઠીક, પણ ઘરમાં બાપા પણ ન બોલે કે ‘મારા દીકરાને શ્રેષ્ઠ ચોરનો એવાર્ડ મળવો જોઈએ..’

એ વખતે મારુ હૈયું કકળી ઊઠે છે. જ્યારે ચોરને કોઈ પોતાનો ન સમજે ત્યારે એને પોતાને પણ કેટલું દુઃખ થતું હશે.

આવા જ એક પરોપકારી ચોર ચંબુ ને ચંપક અડધી રાત્રે ઝવેરચંદ ઝવેરીની દુકાનમાં ઘૂસ્યા... પંદર મિનિટમાં ઘુવડ જેવી નજરથી કોલંબસે અમેરિકા શોધવા જેટલી મહેનત કરેલી એથી વધુ તિજોરી કે ગલ્લો શોધવા કરવી એ કઇ ખાવા (કે પીવાના!) ખેલ નથી.. સોનાના ભાવ પર દ્રષ્ટિ પડતા જ ચંપક ચમક્યો :

‘ચંબુ, અપના ભી સોના હરામ કર દે, ઈતના સોનેકા ભાવ? બાપરે,આ ઝવેરી તો મારો બેટો, લૂંટવા જ બેઠો છે ને?’

‘એ ટોપા, એ લૂંટવા બેઠો છે તો આપણે અહીં શું થપ્પો રમવા આવ્યા છીએ? અડધી રાતે આપણે ખરીદવા નઇ, લૂંટવા આવ્યા છીએ. જેટલું લૂંટાય એટલું લૂંટી સિફતથી વહેતા પડવાનું ..કેટલું નથી મળ્યું એના કરતાં કેટલું મળ્યું એ મહત્ત્વનું છે. અત્યારે ઝવેરચંદ ભલે નિરાંતે સૂતો હોય પણ આવતી કાલે જ્યારે આપણે સૂતા હોઈશું ત્યારે એની ઊંઘ હરામ થઇ ગઈ હશે ને મનમાં ગાતો હશે :

‘હોઓઓઓ નીંદ ન મુજકો
આયે દિલ મેરા ગભરાએ..’

ચોરેલો માલ થેલામાં ભર્યો ને ચંપક બોલ્યો :

ચંબુ, ચાલ ગણી લઈએ’

‘અરે કાલે પેપરમાં વાંચી લઈશું કે ટીવીમાં જોઈ લઈશું’ ચંબુ બોલ્યો

‘ના ભાઈ ના, આપણા જેટલી ઈમાનદારી એ લોકોમાં ક્યાં હોય છે? વીમા કંપનીમાં હજાર હશે તો લાખ ને લાખ હશે તો કરોડ ગણાવે છે.

યુ નો, આપણે માત્ર ચોર ને એ બધા મહાચોર. ગ્રાહકને ખબર પણ ન પડે એવા છે એ લૂંટારા એટલે...’

‘ઓકે તો તું એ કામ કર, હમણાં બધો માલ લઈ જા કાલે શાંતિથી મળીશું’

બીજા દિવસે ઝવેરચંદને આઘાત લાગ્યો એના કરતા ચંપકે ચંબુને વધુ ઝાટકો આપ્યો :

‘ચંબુ બકા, સોરી કાલે મારા જ ઘરે ચોરી થઈ ને આપણે ચોરેલો બધો જ માલ ચોરાઇ ગયો’

જરાય ગુસ્સા વગર ચંબુ બોલ્યોઃ

‘ચાલ્યા કરે,નસીબમાં હોય તો ભાગીને પણ આવે ને ન હોય તો આવેલું પણ ભાગી જાય.’

બીજા દિવસે અડધી રાત્રે એકલો ચંબુ શિવમંદિરમાં પહોંચ્યો ‘હે વિશ્વનાથ,આ જગતમાં કોનો વિશ્વાસ કરવો? તને પણ આખી જિંદગી આજીજી કરી પણ તું ક્યાં સાંભળે છે એટલે આજે માગવા નઇ પણ છીનવી લેવા આવ્યો છુ. પણ સાલુ તારા મંદિરમાં છીનવવું પણ શું?’ એટલામાં હાથ ન પહોંચ્યો એટલે શિવલિંગ પર પગ મૂકી સીધો લોકલ ટ્રેનનો ડાંડો પકડ્યો હોય એમ ગળતી પકડી, પણ આ શું? પગ મૂકતાની સાથે જ થાંભલામાંથી નરસિંહ પ્રગટેલા એમ શંકર પ્રગટ્યા ને ચંબુ ગભરાયો ધ્રૂજયો :

‘સોરી પ્રભુ, જેના ચરણમાં લોકો શીશ ઝુકાવે એના જ પર મેં ચરણ-પગ મૂક્યા, પ્રભુ મીચ્છામી દૂકડમ, અરે, ફરી સોરી તમે કયાં જૈન છો? તમે તો હિંદુના છો, માફ કરો પ્રભુ હું મજબૂર હતો. !’ ‘વત્સ, હું તારા પર ખુશ છું..’ શિવ ઉવાચ ‘અરે, તમે ખુશ છો પણ હું ચોર છું અને તમે મારા પર..’ ‘અરે, લોકો મારા પર જળ, પંચામૃત બીલીપત્ર કે ફૂલ ચડાવે પણ તું તો આખેઆખો મારા પર. આખી જાત સમર્પિત કરી દીધી, ને ચોર તો કોણ નથી વેપારી કે ડોક્ટર, સંસદમાં પગાર વધારો માગનાર બધા ચોર જ છે. અમારા ભગવાનોમાં પણ કૃષ્ણ માખણચોર જ કહેવાય છે ને?’

‘પ્રભુ એટલે તો અમે રોજ બરાડા પાડીને ગાઈએ ‘શંભુ શરણે,પડી માગું ઘડી રે ઘડી.. પણ જ્યારે તમારા મંદિરમાંથી તમારી જ દાનપેટી કોઈ ચોરી ગયું ને તમે ચૂપચાપ ઊભા ઊભા... .અરે, તમે તમારી જ રક્ષા ન કરી શક્યા હવે તમને કેમ કઉં કે મારી રક્ષા કરજે..તમે કેવા ભોળાનાથ..’

‘બકા, વધુ બક બકની જરૂર નથી. હું ભોળોનાથ નથી, પણ ભોળાઓનો નાથ છું, અરે રક્ષા તો મેં કરી જ છે પણ જે દાનપેટી લઈ ગયો - જેને મેં ખોબલે ખોબલે આપ્યું એ ચપટી ચપટી પણ ના આપે તો મને દુઃખ ન થાય? એટલે મેં જ કીધું કે તું આ મારી દાનપેટી લઈ જા મારા ભક્તો મને જોઈએ એના કરતાં પણ વધુ આપશે પણ તને નઇ આપે..અને છેલ્લી વાત, તમે માગવા આવો છો એના કરતાં ક્યારેક તો મળવા આવો...તમને માગવાની જરૂર જ નઇ પડવા દઉં.. મારી પૂરે પૂરી ગેરંટી !’ શું કહો છો? ■



પ્રકરણઃ ૪

# જમનો

**અનિલ રાવલ**

> ‘અરે.. રોગ ભેદી નથી, આ માણહ જ ભેદી સે, નવરો પડે એટલે શંકરની ડેરીએ બેહે અને કાં મહાણમાં જઈને બેહે સે., ઈને જ કાઢો ગામમાંથી’

‘ડાક્ટર, તમને ગાયોના મોતનું કોઇ કારણ કેમ નથી મળતું?’ સરપંચે નગરશેઠને ઘરે બોલાવેલી મીટિંગમાં પૂછ્યું.

‘કોઇ જાણીતો રોગ હોય તો પકડાયને’ ઘોડા ડાક્ટરે જવાબ આપ્યો.

‘એટલે તમને આ કોઇ ભેદી રોગ લાગે છે.?’ હરજીવન અદા બોલ્યા.

‘છે તો કોઇ ભેદી રોગ’ ઘોડા ડાક્ટરે કહ્યું.

‘ડાક્ટર સાહેબ, જો આ કોઇ ભેદી કે રહસ્યમય રોગ હોય તો બીજા પશુઓને કેમ નથી થતો..? મરે છે માત્ર ગાયો જ.’ હરજીવન અદાએ કહ્યું.

ઘોડા ડાક્ટર આ વાત પહેલા દિવસથી સમજી ગયા હતા. છતાં ચૂપ હતા. આજે હરજીવન અદાએ વાત છેડી એટલે બોલ્યાઃ ‘મને એજ નથી સમજાતું કે બીજા કોઇ ઢોર નહીં ને ગાયો જ કેમ મરે છે.?’

‘કોઇ ભેદીબેદી રોગ નથી...આ વરગાડ સે. કોઇ ભૂવાને બોલાવો ને ગાયોને ભરખી જાતા ભૂતને ભગાડો.’ એક મોભી વચ્ચે જ ટપકી પડ્યા.

‘મને તો આ આપણી હામે બેઠો સેને ઇની ઉપર જ સંકા સે. એની આંખો ઝોઇ સે તમે.? કાયમ લાલ જ હોય...એટલે ચશ્માં ચડાવીને ફરે સે. મેલી નજરવાળો કાળમુખો આ જ સે.’ પંચાયતના અન્ય એક મોભી દલપતભાઇએ જમનની સામે જોઇને નવી જ વાત કરી.

‘અરે.. રોગ ભેદી નથી, આ માણહ જ ભેદી સે, નવરો પડે એટલે શંકરની ડેરી એ બેહે અને કાં મહાણમાં જઇને બેહે સે., ઇને જ કાઢો ગામમાંથી’ બીજો એક મોભી જમન પર તૂટી પડ્યો.

‘જુઓ, ભૂતપ્રેત, પિશાચ, વરગાડ, મેલી નજર કે મેલી વિદ્યા જેવું કંઇ હોતું નથી. આ બધા મનના વહેમ છે.’ ઘોડા ડાક્ટરે કહ્યું.

એમની વાત સાંભળીને હરજીવન અદા તરત બોલ્યા’અને હા વડીલ, જમન ગામમાંથી નહીં જાય. બાકી વાત રહી ગાયોના મોતની..તો ગાયોના મોતનું કારણ આપણે ગોતવું જ રહ્યું.’ જમન બધાની સામે જોઇને ફફડતા હોઠની ભાષા ઉકેલવાની કોશિશ કરતો હતો.

ગામ સામે આવી પડેલા આ વિકટ પ્રશ્નનો ઉકેલ સૌ પોતપોતાની રીતે કરવા લાગ્યા હતા. કોઇએ પોતાની ગાયની નજર ઉતારી, કોઇએ ભૂવાને તેડાવીને ડાકલાં વગડાવ્યાં, કોઇએ હોમહવન કરાવ્યા, કોઇએ ગાયને ગળે લીંબુમરચાં બાંધ્યા. કેટલાંક શાણા લોકો ગાયને ચારો નાખતા પહેલા ચારાને ય ચકાસવા લાગ્યા. હવાડો સાફ કરાવ્યો, જાતે જ ગાય ચરાવા લાગ્યા, પણ ગાયની માથે ભમતા મોતને કોઇ ભગાડી શક્યું નહીં.

હરજીવન અદાના ઘરેથી નીકળીને જમન સીધો શંકરની ડેરીએ ગયો. શંકરની ડેરી સુધીની એની ચાલમાં ગુસ્સો હતો. કદાચ પેલા વડીલના ફફડેલા હોઠની ભાષા એણે ઉકેલી લીધી હતી. શંકરની ડેરી, મહાણ, ઇને કાઢો ગામમાંથી બરાડીને પોતાના તરફ ચીંધેલી આંગળી....આ બધું એની નજર સામેથી પસાર થઇ રહ્યું હતું. રસ્તામાં ઝાડ પરથી ઉતારી લાવેલાં કરેણનાં તાજાં ફૂલ શિવલિંગ પર ચડાવતા પહેલાં તાંબાનો લોટો ભરીને જળાભિષેક કર્યો. પછી ઝભ્ભો ઉતારીને કપાળે, છાતી પર અને ભૂજાઓ પર ભભૂત ચોપડી. આંખો મીચીને કંઇક બબડવા લાગ્યો. કદાચ શિવસ્તોત્ર હતું, પણ એ તો સાવ મૂંગો-બહેરો હતો. આ ન સમજાય એવું તો એ શું બબડી રહ્યો હતો. મોટેથી બરાડી બરાડીને એની આંખો લાલ થઇ ગઇ. હાથમાં તાંબાનો લોટો અને ઠીકરું લઇને વગાડવા લાગ્યો. પછી અચાનક એક પગે ઊભો થઇને તાંડવ કરવા લાગ્યો. એની આંખોમાં લાલાશ ઊતરી આવી. ખભા સુધીના એના વાળ વિખરાઇને ધૂણવા લાગ્યા. આખું શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું અને ચોપડેલી ભભૂત ભૂંસાવા લાગી. કૂવે પાણી ભરવા આવેલી બાઇઓ જમનનું આવું રૂપ જોઇને ગભરાઇ ગઇ. બે પગે હરખું હાલી ને શકતા જમનિયામાં આટલી શક્તિ ક્યાંથી આવી ગઇ. કુતૂહલ ખાતર ભેગા થયેલા છોકરાઓ દૂરથી જમનનું શિવતાંડવ માણવા લાગ્યા. જમનના પગ અચાનક અટકી ગયા. એ ક્યાંય સુધી શિવલિંગને બાથ ભરીને બેસી રહ્યો. પછી કૂવે જઇને સિંચણિયું બાંધેલી ડોલ કૂવામાં ઉતારી ગરગડીના ગરગરાટ સાથે પાણીમાં ઊતરેલી ડોલનો છપાક અવાજ આવ્યો...જમને પાણી ભરેલી ડોલનું વજન અનુભવ્યું ને પૂરી તાકાતથી સીંચીને પાણી ભરેલી આખી ડોલ પોતાના શરીર પર રેડી દીધી. એનું પાણી નિતરતું શરીર અને થાકેલા પગ લાકડીને ટેકે ઘર તરફ ઘસડાવા લાગ્યા. ગામમાં ગાયોના મરવાનું ભૂત ધૂણી રહ્યું હતું ત્યાં જમનનું આ રૌદ્ર સ્વરૂપ પેલા વડીલે એના માટે કહેલા શબ્દો પર મહોર લગાવી ગયા.

***

જમનના ધૂણવાની અને બેહૂદા વર્તનની વાત આખાય ગામમાં વાયરાની જેમ વહેતી થઇ ગઇ. ગામમાં જેટલા મોઢા એટલી વાતો જમન માટે થવા લાગી. ‘જમન ભેદી માણહ સે.’

મસાણે જઇને બેહે એ કોઇથી બીવે નૈ..ઇનાથી બધાયે બીવું પડે.

ઇ મહાણિયો મહાણે જઇને કોણ જાણે હુંય કાળી કાંડી કરતો હઇસે અમાસની કાળી રાયતે કાળું કૂતરું ય મહાણે નો જાય તંયે આ કાળમુખો ન્યાં જઇને બેહે..

શેરીના કૂતરા કોઇની હામે ભહતા નથી, પણ ઇને જુએ એટલે ભહે જ...બાકી કૂતરા બઉ હમજુ જાત...કારણ વિના નો ભહે.

મને તો પેલેથી જ ઇ ગમતો નથ. ઇને ગાય ચરાવવા આપવાની વાત તો બાજુએ રહી હું તો મારી ગાયને એની હામે ય નો આવવા દઉં.

ઇ કાંઇક તો કરે જ સે...એટલે જ ગાય જીવતી રેતી નથ આજે જે જોયું એ તો હદ હતી. કેવો ધૂણતો’તો શંકરની ડેરી હામે.


હું તો ઇને હવે લોટ.... સીધુસામાન કાંઇ કરતા કાંઇ આપવાની નથી.

ગામના બધાય ઘર જો આવું નક્કી કરે તો ઇવડો ઇ એની મેળે ગામ સોડીને જાતો રેસે.

જમનને એક વાતનું સુખ હતું કે એણે કોઇના કડવા વેણ સાંભળવા પડતા નહીં, પણ એક વાતનું દુઃખ હતું કે ગામવાળાઓના રોષનો ભોગ બનવું પડતું હતું. ગામવાળાઓનો તિરસ્કાર વધવા લાગ્યો. જે આંખોમાં અમી ઝરતી એ આંખો એની સામે લાલ થવા લાગી હતી. દયાભાવની જગ્યા ક્રોધે લઇ લીધી. શેરીના છોકરાઓ હુરિયો બોલાવતા. એ મોટા ભાગે ખાટલામાં પડી રહેતો. મન બહેલાવવા વાંસળી વગાડતો. એ સૂર જે એ સાંભળી શકતો નહીં, એજ એના સાચા સાથી હતા. આ એજ વાંસળી હતી જેના સૂર સાંભળીને ગાયો ઝુમી ઊઠતી, ટૅકે સેરેક દૂધ વધુ આપતી. વગડાનાં વૃક્ષો ડોલતાં.

એક રાતે અરજણ ઘરે આવ્યો. હાથમાંનું ટિફિન બતાવતા સાંકેતિક ભાષામાં બોલ્યોઃ ‘હાલ ઊઠ, જમી લે. મારી માએ મોયક્લું છે.’ જમનની આંખમાંથી ગંગા-જમના વહી રહ્યા. જમન જમ્યો ત્યાં સુધી અરજણ એની પાસે બેઠો. જતા જતા કહ્યુંઃ ‘કાલે સવારે નગરશેઠે તને ઘરે બોલાયવો છે. પહોંચી જાજે.’ ગામમાં નગરશેઠનું વજન સરપંચ કરતાય વધુ હતું. એનો શબ્દ કોઇ ઉથાપતું નહીં. નગરશેઠે શું કામ બોલાવ્યો હશે. મનના આવા ભાર સાથે એની આંખ ક્યારે લાગી ગઇ એને ખબર પડી નહીં.

(ક્રમશઃ) ■



# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.


## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચેપ | THIEF |
| ચેલો | INFECTION |
| ચોટ | BROAD |
| ચોડું | PUPIL |
| ચોર | BLOW |

## ઓળખાણ પડી?

દક્ષિણ ભારતમાં અને મુખ્યત્વે કેરળમાં જોવા મળતા આ ફળની ઓળખાણ પડી? એનો જ્યુસ પણ પીવાય અને સેલડમાં પણ ખવાય.



અ) White Bear બ) Bilimbi ક) Mangustan ડ) Langash

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | ૨ હે | ૩ રા | ૪ ત | ■ | ૫ વે | ૬ ચ | ૭ વા | લી | ■ |
| ૮ ગ | રા | સ | દા | ૯ ર | ■ | ૧૦ મા | ળી | ■ | ૧૧ વ્યૂ |
| ૧૨ ર | ન | ■ | ■ | ૧૩ ખે | ત | ર | ■ | ૧૪ હો | હા |
| ણ | ■ | ૧૫ પૂ | રા | વા | ■ | ■ | ૧૬ અ | ના | ત્મ |
| ■ | ૧૭ વ | ર | ■ | ળ | ■ | ૧૮ અ | દ | ર | ક |
| ૧૯ નોં | ધ | પા | ત્ર | ■ | ૨૦ પ | ર | ના | ત | ■ |
| ધ | ■ | ટ | ■ | ૨૧ અ | ક્ષ | મા | ■ | ■ | ૨૨ એ |
| ણી | ■ | ■ | ૨૩ વિ | શ્વ | ■ | ૨૪ ન | ૨૫ ક | લં | ક |
| ■ | ૨૬ સા | ૨૭ દ | ■ | ૨૮ દ | શા | ■ | સ | ■ | ધા |
| ૨૯ દ | ળ | વા | દ | ળ | ■ | ૩૦ સ | ર | ભ | રા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | | ■ | ૮ | | ■ | |
| ૯ | | | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | |
| | ■ | | ■ | ■ | ૧૩ | | | | ■ |
| ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| | ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ■ | | ■ | ૨૭ | ■ | | ■ |
| | ■ | ■ | ૨૮ | ■ | ૨૯ | | | | ■ |
| ■ | ૩૦ | | | | ■ | | ■ | ૩૧ | |

### આડી ચાવી

૧. આપસમાં (૬)
૫. માટીની તાવડી, ઠીબ (૩)
૭. મૂળ કિંમત, દાણ, જકાત (૩)
૮. તેલ-ઘીનું નાનું માપ (૨)
૯. અંતિમ, છેવટનું (૩)
૧૦. અસંબદ્ધ બોલવું તે (૩)
૧૨. --- ભલા, હો ભલા (૨)
૧૩. આડા ઉભા--- થી કપડું બને (૪)
૧૫. બહાદુર (૨)
૧૬. આવ, તને --- દાવ (૨)
૧૮. બદલામાં અપાય તે (૪)
૨૦. ધૂંસરી સાથે બળદને જોડતો પટો (૩)
૨૨. પાણી મૂકવાની ઓટલી (૪)
૨૪. એક સુગંધી છોડ (૩)
૨૬. ગુજરાન માટે આપેલી જમીન (૩)
૨૯. ખૂબ, પુષ્કળ (૪)
૩૦. સહિયારું, ભાગીદારી (૪)
૩૧. પુરુષો રાત્રે --- પહેરે (૨)

### ઊભી ચાવી

૧. સૂર્ય---ની પાછળ આથમે છે (૪)
૨. સુરક્ષા (૪)
૩. --- કરવા એટલે અદૃશ્ય થવું (૨)
૪. લગભગ ૪૫૪ ગ્રામ વજન (૩)
૫. --- માંથી ફૂલ બને (૨)
૬. --- દૂરથી રળિયામણા (૩)
૮. મહેમાનગીરી, આગતાસ્વાગતા (૫)
૧૧. શિયાળામાં ઠંડા વાયરા --- હોય (૨)
૧૨. એક વૈજ્ઞાનિક ઋષિ (૩)
૧૪. આંકો, ગડી, કાપો (૨)
૧૫. ભરવું તે (૩)
૧૭. ઘર ને આંગણા વચ્ચેની લક્ષ્મણરેખા (૩)
૧૮. કપડાં લટકાવવાનો વાંસડો (૪)
૧૯. પૂછપરછ (૩)
૨૦. સ્ત્રી, પત્ની (૨)
૨૧. ધડ, ખોપરી, અપંગ (૨)
૨૩. દોસ્ત, મિત્ર (૨)
૨૫. મંદ હાસ્ય (૪)
૨૭. દોરડું (૩)
૨૮. મુખડાની --- લાગી રે (૨)

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ANTHROPOLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) જાનવર બ) વાતાવરણ ક) મનુષ્ય ડ) ખોરાક

## માતૃભાષાની મહેક

વૈદ્યકમાં દરેક રોગ માટે જુદાં જુદાં પાચન લખેલ છે. વિશેષ વસ્તુઓ ખાવાથી ઉત્પન્ન અજીર્ણ વિશેષ પદાર્થો ખાવાથી નષ્ટ થાય છે. જે વસ્તુ અજીર્ણને નષ્ટ કરે છે તેને પાચન કહે છે. આમ અને ભાતના અજીર્ણનું દૂધ, દૂધના અજીર્ણનું પાચન અજમો છે.

## સુડોકુ-૮૦૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૨ | ૯ | | ૫ | ૬ | | ૧ |
| | | | | ૩ | | | | |
| | ૯ | ૪ | | | | ૭ | ૨ | |
| | ૮ | | | ૫ | | | ૯ | |
| | ૪ | | ૭ | | ૨ | | ૬ | |
| | ૩ | | | ૬ | | | ૧ | |
| | ૫ | ૧ | | | | ૪ | ૩ | |
| | | | | ૨ | | | | |
| ૮ | | ૯ | ૩ | | ૪ | ૧ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ |
| ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૯ | ૪ | ૭ | ૫ |
| ૪ | ૬ | ૩ | ૭ | ૮ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૨ | ૫ | ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૬ | ૧ |
| ૮ | ૯ | ૬ | ૫ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૩ | ૧ | ૬ | ૨ | ૪ | ૯ | ૫ | ૮ |
| ૩ | ૮ | ૯ | ૧ | ૫ | ૭ | ૬ | ૨ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૨ | ૯ | ૬ | ૧ | ૮ | ૩ |
| ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૩ | ૫ | ૯ | ૭ |

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘છાણના દેવને ખાસડાંની પૂજા’ વાક્યમાં ‘ખાસડાં’ શબ્દનો અર્થ જણાવો.

અ) ખાતર
બ) ખસખસ
ક) જૂતા
ડ) ધૂપ

## ઈર્શાદ

જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.

– મરીઝ

## માઈન્ડ ગેમ

પક્ષી ઈંડાં મૂકે છે. ક્યા પક્ષીના ઈંડાં કદમાં સૌથી મોટાં હોય છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢશો ?

અ) નેક્ટર બર્ડ બ) એમુ
ક) પેંગ્વિન ડ) શાહમૃગ

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ભોટ | FOOLISH |
| ભોંય | GROUND |
| ભોંયરું | VAULT |
| ભોરિંગ | SNAKE |
| ભોમિયો | GUIDE |

ઓળખાણ પડી: Cranberry

માઈન્ડ ગેમ: અમીબા

ચતુર આપો જવાબ: માથું ખંજવાળો સંતાન

ગુજરાત મોરી મોરી રે: ચૂંટણી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શિલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# શિયાળામાં ભરપૂર મળતાં નારંગનો સ્વાદ મનભરીને માણવા જેવો છે

શિયાળામાં રંગોની વિવિધતા શાકભાજીમાં જોવા મળે છે. તેવી જ રંગોની વિવિધતા ફળોમાં જોવા મળે છે. હાલમાં ગરમીનો વરતારો ધીમે ધીમે વધવા લાગ્યો છે. તેમ છતાં વહેલી સવારનું વાતાવરણ ખુશનુમા હોય છે. હાલમાં બજારમાં નાના-મોટા બોર, જામફળ, સંતરા, પપૈયા, દાડમ, દ્રાક્ષ વગેરે ઠેર ઠેર વેચાતા જોવા મળે. શાકભાજીની વિવિધતા માણવી હોય ત્યારે ગૃહિણીનું કામ અચૂક વધી જતું હોય છે. જ્યારે ફળોની વિવિધતા માણવી સરળ બની જાય છે. શિયાળામાં રસીલા કેસરી તથા આછા લીલાશ પડતાં સંતરાં અત્યંત રસદાર-મીઠાં હોય છે. અરે...આપને જણાવવાનું રહી ગયું.... 'સ્વાદુ નારંગ' એટલે જ આપણાં રસ મધુરી નારંગી કે સંતરા. ઉનાળામાં પાકેલી કેસરી કેરીનો સ્વાદ માણવા જેમ લોકો આતુર હોય છે તેવી જ આતુરતા સંતરાંના ચાહકોમાં શિયાળામાં જોવા મળે છે. એક સમય હતો કે જ્યારે ભારતની એક જાણીતી કંપનીની ઓરેન્જ પીપરમિન્ટ ખાવાનું લોકો પસંદ કરતાં. તો સદાબહાર ઘરે બનાવીને પીવાથી આનંદ મળતું ખટ્ટ-મધુરું ઓરેન્જનું શરબત પ્રત્યેક ઘરે આવકારમાં મળતું. શું આપ પણ સંતરાંના ચાહક છો? તો ચાલો, માણીએ સંતરાં ની ખટ્ટ-મધુરી સફર.

કુદરતની માનવ શરીરને સ્વસ્થ રાખવાની રીત વાસ્તવમાં પ્રશંસાને પાત્ર છે. ઠંડીમાં વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ થોડી નબળી પડી જતી હોય છે. તેની પૂરતી જાળવણી થાય તે માટે કુદરતે ઠંડીમાં ખટ્ટ-મધુરા સંતરાં બનાવ્યા છે. સંતરાંની ગણના દુનિયાના સૌથી સ્વાદિષ્ટ ફળમાં થાય છે. સંતરાંની અંદરની પેશી કે ચીરી લગભગ ૧૦ હોય છે. ઓછી કેલરી ધરાવતું પૌષ્ટિક ફળ ગણાય છે. સંતરાંમાં વિટામિન સીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેના સેવનથી વ્યક્તિનું પાચનતંત્ર મજબૂત બની જતું હોય છે. આયર્ન, ડાયેટરી ફાઈબર, પોટેશિયમ, ફૉલેટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. સંતરાંના સેવનથી શરીરને મહત્ત્વપૂર્ણ ઍન્ટિ-ઓક્સિડન્ટ મળી રહે છે. નિષ્ણાત આહાર તજજ્ઞ શિયાળામાં તંદુરસ્તી જાળવી રાખવા માટે નિયમિત રોજ એક સંતરાંનું સેવન કરવાની સલાહ આપે છે. શરીરની ૯૦થી ૧૦૦ ટકા વિટામિન સીની આવશ્યક્તા સંતરાંના સેવનથી પૂર્ણ થાય છે. જેને કારણે શરીરને પૂરતી માત્રામાં પોષક તત્ત્વો મળી રહે છે. હૃદયની તંદુરસ્તી જળવાઈ રહેવાની સાથે પાચન ક્રિયા મજબૂત બને છે.

સંતરાંનાં પોષણ મૂલ્યો કયાં છે?

સંતરાંમાં લગભગ ૮૬ ટકા પાણી હોય છે. વળી વિટામિન સી, કાર્બ્સ, ફાઈબરની માત્રા ભરપૂર હોય છે. કેલ્શિયમ, પોટેશિયમ, જેવાં મિનરલ્સ સમાયેલાં છે. ખટ્ટ-મધુરા સંતરાંની ખાસિયત છે કે તેમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ સમાયેલાં છે. જે શરીરમાં રહેલાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે. ઍન્ટિ-વાયરલ ગુણ જીવાણુના હુમલાથી થતાં ચેપથી શરીરની રક્ષા કરે છે. ત્વચાની ચમક જાળવવામાં સંતરા અગત્યની ભૂમિકા ભજવે છે.

સંતરાંને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં સ્વાદુનારંગ કે મુખપ્રિય, હિન્દીમાં સંતરાં કે નારંગી, અંગ્રેજીમાં ઓરેન્જ કે સ્વાટો, ઉર્દૂમાં ગુલે-બહાર, કોંકણીમાં અનેનસ, ઓરિયામાં કમાલા, તમિળમાં કડાગુ, તેલુગુમાં કમલપાન્ડુ કે મલ્કાનારંગી, બંગાળીમાં કમલાનેંબુ, મરાઠીમાં નારંગ, મલયાલમમાં મધુરનારાના, ફારસીમાં કિસ્મે અજ નારંગ કહેવામાં આવે છે.

વિશ્વમાં નારંગીના સૌથી વધુ ઉત્પાદનમાં ભારત ચોથા ક્રમાંકે આવે છે. પ્રથમ ક્રમાંકે યુનાઈટેડ સ્ટેટ, બીજા ક્રમાંકે ઈન્ડોનેશિયા, ત્રીજા ક્રમાંકે ટર્કી છે. ભારતનાં વિવિધ રાજ્યોમાં નારંગીના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, પંજાબ, તેલંગાના આવે છે. મહારાષ્ટ્રમાં નાગપુરને 'ઓરેંજ સિટી'નું ઉપનામ આપવામાં આવ્યું છે કેમ કે ત્યાંના સંતરાં નો પાક તથા સ્વાદ અત્યંત મીઠો હોય છે. સંતરાનો છોડ કાંટાવાળો હોય છે. તેના પાન તથા ફૂલમાં ખાસ સુગંધ હોય છે. તેનો ઉપયોગ આયુર્વેદમાં વિવિધ રીતે કરવામાં આવે છે. વળી સંતરાંના છોડમાં ઊગતાં ફૂલોનો ઉપયોગ લગ્ન મંડપની સજાવટ કે પાર્ટીની સજાવટમાં ખાસ કરવામાં આવે છે. વિદેશમાં તો કન્યાના માથે ફરતી પહેરાવવામાં આવતી માળા કે મુગટમાં તેનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. સંતરાંની છાલનો ઉપયોગ ખેડૂતો દ્વારા ખેતરમાં જીવાણું નાશક તરીકે કરવામાં આવે છે. ગૃહિણી દ્વારા સંતરાંની છાલનો ઉપયોગ કરીને માર્માલૅડ તરીકે ઓળખાતો જામ બનાવવામાં આવે છે.

## સંતરાંના સ્વાસ્થ્યવર્ધક ગુણ



**ઍનિમિયાથી બચાવે છે :** સંતરાંમાં આયર્નની માત્રા નહીંવત્ હોય છે. વિટામિન સીની માત્રા ભરપૂર હોવાને કારણે આયર્નને શોષી લેવાની ક્ષમતા વધી જાય છે. શિયાળામાં રોજ સંતરા ખાવામાં આવે તો શરીરમાં આયર્નનો સમાવેશ સરળ બની જાય છે. વિટામિન બી-૬ સમાયેલું હોય છે. આમ આયર્ન તથા વિટામિન -બી-૬ને કારણે શરીરમાં હિમોગ્લોબીનનું પ્રમાણ વધે છે. ઍનિમિયાની ઊણપથી બચી જવાય છે.

**કૅન્સરનું જોખમ ઘટે છે :** સંતરામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ-વિટામિન સીની માત્રા સારા પ્રમાણમાં જોવા મળે છે. તેની સાથે ફ્લેવોનૉઈડ, કૅરોટીનૉઈડ, જેવાં પાવરફૂલ ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે. ફ્રી રેડિકલ્સ કૅન્સર થવાનું એક મોટું કારણ ગણાય છે. સંતરા ખાવાથી તે જોખમ ઘણું જ ઘટી જાય છે.

**બ્લડ પ્રેશર નિયંત્રણમાં રાખે છે :** સંતરામાં વિટામિન બી-૬, મેગ્નેશિયમ પર્યાપ્ત પ્રમાણમાં હોય છે. જેને કારણે હિમોગ્લોબીન વધે છે. બ્લડપ્રેશર નિયંત્રણમાં રહે છે. અચાનક માથું દુખવું કે બેચેનીને કારણે થતાં હાઈ બ્લડપ્રેશરના જોખમથી બચી શકાય છે.

**હૃદયને તંદુરસ્ત રાખવામાં ગુણકારી :** સંતરામાં રહેલાં પોષક તત્ત્વોને કારણે હૃદયની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. મુખ્યત્વે વિટામિન સી, ફ્લેવોનૉઈડ, કૅરોટીનૉઈડ અગત્યના પોષક ગુણો ગણાય છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસીનમાં પ્રકાશિત થયેલાં એક રિપોર્ટ મુજબ સંતરાનું સેવન કરવાથી હૃદય સંબંધિત રોગનું જોખમ ઘટી જાય છે.

**વજન નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** સંતરા માટે એવું કહેવાય છે કે તે ઓછી કૅલરી તથા વધુ ફાઈબર ધરાવતું ફળ છે. જેથી વજન નિયંત્રણમાં રાખવા માગતી વ્યક્તિ માટે તે 'સુપરફ્રૂટ' ગણી શકાય. કેમ કે તેમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. જેને કારણે લાંબા સમય સુધી પેટ ભરાયેલું લાગે છે. પાચન સંબંધિત તકલીફથી બચાવે છે. ભૂખ લાગતી નથી. વજન નિયંત્રણમાં રાખવામાં સહાય મળે છે.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** ડાયાબિટીસના દર્દીઓ માટે સંતરા લાભકારી ગણાય છે. તેનું મુખ્ય કારણ તેમાં સમાયેલું ફાઈબર બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી બને છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૪૦ હોય છે. ગ્લાઈસેમિક લોડ ફક્ત ૫ હોય છે. જેથી તે ઓછી શર્કરા ધરાવતાં ફળમાં સ્થાન મેળવે છે. જેને કારણે ડાયાબિટીસના દર્દીઓ માટે તેનું સેવન લાભદાયક ગણાય છે.

**ઈન્ફ્લેમેશન દૂર કરે છે :** સંતરામાં ફ્લેવોનૉઈડસ્ તથા અન્ય પાવરફુલ પોષક ગુણો સમાયેલાં હોય છે. તેની સાથે ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે. નિયમિત એક સંતરાનું સેવન ક્રોનિક ઈન્ફ્લેમેશનને દૂર કરવામાં સહાયરૂપ બને છે. આથી સાંધાનો દુખાવો, શરીરમાં મેદનો ભરાવો, હૃદય રોગ જેવા રોગથી બચવામાં મદદ મળે છે. સંતરામાં રહેલું વિટામિન સી એક શક્તિશાળી ઍન્ટિ-ઓક્સિડન્ટ ગણાય છે. જે સફેદ રક્તકણોના કાર્યમાં સુધારો કરીને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**આંખોની તંદુરસ્તી માટે ગુણકારી :** સંતરામાં કૅરોટીનૉઈડની માત્રા સારા પ્રમાણમાં હોય છે. વિટામિન એની માત્રા ભરપૂર હોય છે. જે આંખોના મ્યૂકસ મેમ્બ્રેનને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

**સંતરાં ક્યારે ન ખાવા જોઈએ :** ભૂખ્યા પેટે સંતરા ખાવાથી એસિડીટીની સમસ્યા વધી શકે છે. જેને કારણે પેટ તથા છાતીમાં બળતરા થવી કે અપચાની તકલીફ થઈ શકે છે. તેથી સંતરાનું સેવન ભોજન બાદ કરવું કે હળવા નાસ્તા બાદ કરવું હિતાવહ ગણાય છે.

શરદી-ખાંસી થઈ હોય તેવા સંજોગોમાં સંતરાં ખાવાથી બચવું જોઈએ. તેનું મુખ્ય કારણ સંતરાની તાસીર ઠંડી હોય છે. જેને કારણે સંતરાના સેવન બાદ કદાચ શરદી-ખાંસી વધી શકે છે. તેમ છતાં પ્રત્યેક વ્યક્તિની પ્રકૃતિ ઉપર તે આધાર રાખે છે.

દવા લીધા બાદ તરત જ સંતરાં ખાવા ન જોઈએ. દવા ગળ્યા બાદ તરત જ સંતરાનું સેવન કરવાથી દવાનો પ્રભાવ ઓછો થઈ જાય છે. તેમાં પણ ઍન્ટિબાયોટિક્સ તથા બ્લડપ્રેશરની દવા બાદ તરત જ સંતરા ખાવાનું ટાળવું સ્વાસ્થ્ય માટે હિતકારી રહે છે.

સંતરાંને આમ તો તાજા છોલીને ખાવા યોગ્ય ગણાય છે. તાજા રસીલા સંતરાનો ઉપયોગ કરીને વિવિધ જ્યૂસ, મીઠાઈ, પિપરમિન્ટ બિસ્કીટ, જામ, માર્માલેડ, કેક, સલાડ જેવી અનેક આઈટમ બનાવી શકાય છે.

**સંતરાં વિશે અવનવું :** સૌ પ્રથમ સંતરાની વાવણી ચીનમાં કરવામાં આવી હતી.

સંતરાંની રાજધાની બ્રાઝિલ ગણાય છે.

૭ કપ જેટલાં કૉર્નફ્લેક્સને ખાવાથી મળતાં ફાઈબરની માત્રા એક મધ્યમ આકારનું સંતરું ખાવાથી મળે છે.

વિશ્વમાં સંતરાંની ૬૦૦થી પણ વધુ વેરાયટી ઊગે છે. કેટલાંક સંતરાની છાલનો રંગ લીલો હોવા છતાં તેની અંદરનો ગર અત્યંત મીઠો જોવા મળે છે.

ઈંગ્લૅન્ડના રાણી વિક્ટોરિયાના સમયમાં સંતરાંનું સેવન ફક્ત વૈભવી જીવન જીવતાં લોકો દ્વારા કરવામાં આવતું. ધનિકો દ્વારા જ સંતરાંને ભેટ તરીકે આપવામાં આવતાં.

સંતરાંના માવાની સાથે તેની છાલનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવે છે. જામ, જેલી કે શરબતમાં છાલને હળવે હાથે ઘસીને ઉપયોગમાં લેવામાં આવે છે. ■

## સંતરાંની બરફી



**સામગ્રી :** ૭૫૦ ગ્રામ સંતરાનો ગર, ૫૦ ગ્રામ ખાંડ, ૨૦૦ ગ્રામ દૂધનો માવો, અડધો કપ મિલ્ક મૅડ, ૨ ચમચી દૂધ, ૩ ટીપાં ઓરેંન્જ ઍસેન્સ, ૧ કપ સૂકા નાળિયેરનું ખમણ. ૪ નંગ પિસ્તાની કતરણ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ સંતરાની ચીરી ઉપરથી છોતરાં તથા બી કાઢીને માવો તૈયાર કરી લેવો. હવે તેને ગેસ ઉપર ધીમી આંચે મૂકવી. તેમાં ખાંડ ઉમેરીને એક તારની ચાસણી થાય ત્યાં સુધી ગરમ કરવું. તેમાં મિલ્ક મૅડ, માવો, નાળિયેરનું ખમણ ભેળવીને બરાબર એક રસ કરી લેવું. ઘટ્ટ થાય ત્યારબાદ ગેસ બંધ કરી લેવો. ઠંડું પડે ત્યારબાદ તેમાં ઍસેન્સ ભેળવીને બરાબર મિક્સ કરી લેવું. સંતરાની છાલને હળવે હાથે ખમણીને ભેળવવી. બધું જ મિશ્રણ એક રસ કરી લેવું. એક થાળીમાં ઘી લગાડીને તેમાં મિશ્રણ પાથરવું. એક સરખાં ટુકડા કરીને સ્વાદિષ્ટ બરફીનો સ્વાદ માણવો. વરખને બદલે પિસ્તાની કતરણથી સજાવવું.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પ્રાથમિક સારવાર

સતત ભાગદોડના આ યુગમાં આપણું જીવન અખંડ હરતું-ફરતું રહે એ બહુ જરૂરી છે. આમ છતાં, શરીરને ક્યારે અને કયાં શું થઈ જાય તેનો કોઈ નિર્ધાર નથી. શારીરિક આફતની વેળાએ આજુબાજુમાં યોગ્ય ચિકિત્સક હોય એવું જવલ્લે જ શકય હોય છે. એ વાતને ધ્યાનમાં રાખીને જો રોજબરોજ થતા નાના-મોટા અકસ્માતોના પ્રાથમિક ઉપચારોથી આપણે માહિતગાર હોઈએ તો તે આપણને તેમ જ આજુબાજુવાળાને બહુ જ ઉપયોગી થઈ શકે છે.

મોટા ભાગે આ અકસ્માતોનું સ્વરૂપ નાનું હોય છે. આમ છતાં ક્યારેક તે આપણને કે બીજાને મોતની નજીક લાવી શકે છે એ વાત ન ભૂલવી જોઈએ.

આવી કટોકટીની વેળાએ જો આપણે ઈમરજન્સી સારવારના પ્રાથમિક ઉપચારો જાણતાં હોઈએ તો તેવી વિકટ પરિસ્થિતિને યોગ્ય માર્ગ-ઉકેલ કાઢી શકીએ માટે આપણે સહુએ આવી ઈમરજન્સીના પ્રાથમિક ઉપચારો શીખી રાખવા જરૂરી છે.

આ વાતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અહીં ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં સર્જાતી ઈમરજન્સીના પ્રાથમિક ઉપચારો આપ્યા છે. આશા છે કે, આપ તેનો અભ્યાસ કરી, પોતાને તથા બીજાને મદદરૂપ થઈ શકશો.

## જખમ- સોજો- મચકોડ

**જખમઃ**

૧) સહુ પ્રથમ પાણીથી હાથ ધોવા.
(જેથી હાથમાં રહેલા જીવાણુનો ચેપ ઘા પર ન લાગે.)

૨) લોહી નીકળતું અટકાવવું.
(સામાન્ય જખમમાં લોહી પોતાની રીતે બંધ થઈ જાય છે, પરંતુ વધુ વાગ્યું હોય તો સ્વચ્છ કપડાં કે પટ્ટીથી દબાણ આપીને લોહી બંધ કરવાનો પ્રયત્ન કરવો.

૩) વધુ વાગ્યું હોય તો જખમને હૃદયથી ઉપર રાખવો.
(હાથે કે પગે વાગે ત્યારે તેને હૃદયથી ઊંચા રાખવા, જેથી વધુ લોહી ન નીકળે.)

૪) જખમને સ્વચ્છ પાણીથી ધોવો.
(જીવાણુનાશક સાબુ કે લિક્વિડથી જખમને સાફ કરી શકાય, પરંતુ કેમિકલયુક્ત સાબુ વગેરેથી જખમને ક્યારેય સાફ ન કરવો કેમ કે તેનાથી વધુ ચેપ લાગી શકે છે.)

૫) વાગેલા જખમ પર અહીં દર્શાવેલી વસ્તુ લગાવી શકાય, જેમ કે...
મધ, કુંવારપાઠું, હળદર વગેરે...

૬) ચેપ લાગી શકે એવી જગ્યાએ જખમ થયો હોય તો પટ્ટી (Bandage) મારવી અથવા પાટો બાંધી દેવો.
(વધુપડતી ફીટ પટ્ટી કે પાટો ન બાંધવો. સામાન્ય જખમ હોય અથવા ચેપ લાગવાની શક્યતા ન હોય ત્યાં પટ્ટી કે પાટો બાંધવાની જરૂર નથી.)

સાવધાની

* જખમને અમુક સમયે ખુલ્લો રાખવો, જેથી તાજી હવા મળવાથી રૂઝ જલદી આવે.
* જખમ પર બહારના કોઈ પણ કચરા કે ધૂળ વગેરેનો સ્પર્શ ન થાય તેની સાવધાની રાખવી.
* જખમ પર સૂર્યનો વધુપડતો તડકો ન પડવા દેવો.
* વધુ પ્રમાણમાં પાણી કે પ્રવાહી લેવું, જેથી શરીરમાં કમજોરી કે ચક્કર ન આવે.
* જખમ દરમિયાન ખટાશવાળા પદાર્થોનું સેવન ન કરવું.
* જો વધુ જખમ થયો હોય, અમુક સમયે રૂઝ આવતી ન હોય, લાલાશ વધતી જતી હોય અને સોજો આવી ગયો હોય તો ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

## સોજો-મૂઢમાર

૧) વાગવાથી કે મચકોડથી આવેલા સોજા પર હળદર અને મીઠાને પાણીમાં ઉકાળીને લેપ કરવાથી રાહત થાય છે.

૨) મીઠું લસોટીને ચોપડવાથી સામાન્ય સોજો ઊતરી જાય છે.

૩) તુલસીના પાનને પીસીને લગાડવાથી જંતુના કરડવાના કારણે થયેલો સોજો મટી જાય છે.

૪) લવિંગ વાટીને તેનો લેપ સોજા ઉપર ચોપડવો.

૫) તાંદળજાના પાનનો લેપ કરવો.

૬) આંબલીના પાન અને સિંધવમીઠું વાટીને તેનો ગરમ લેપ, સોજા પર કે ઝકડાઈ ગયેલા સાંધા પર ચોપડવાથી સોજો ઊતરે છે.

૭) કડવા લીમડાનાં પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા ઉપર બાંધવાથી સોજો ઊતરે છે.

૮) મૂઢમાર કે મરડાયેલાં હાડકાં પર આંબલી ને આવળના પાનનો લેપ ગરમ કરી લગાડવાથી સોજો ઊતરે છે.

૯) સરસિયા કે તલના તેલમાં થોડો અજમો નાખી તેલ ગરમ કરી સંધિવાના સોજા પર માલિશ કરવાથી આરામ થાય છે.

## મચકોડ




૧) મચકોડવાળા સ્નાયુને જેટલો વધુ આરામ મળે તેટલી જલદી રાહત થશે. (પગે મચકોડ થયો હોય તો ચાલવું નહીં.)

૨) બરફને કપડામાં બાંધીને મચકોડવાળા સ્નાયુ પર દિવસમાં ૪થી ૫ વાર ૨૦-૨૦ મિનિટ સુધી બાંધવો.

૩) ત્રણેક ચમચી હળદર અને ૧ ચમચી લીંબુના રસમાં થોડું ગરમ પાણી નાખીને તેનું મિશ્રણ કરી મચકોડ ઉપર લગાવી ૧૦ કલાક સુધી પાટો બાંધી રાખવો.

૪) પગ મચકોડાયો હોય તો, હળદર અને મીઠામાં પાણી નાખી બનાવેલ લોપરીને ગરમ કરી મચકોડ પર લગાવી પાટો બાંધવો. પાટો બાંધ્યા પછી પગને ઊંચો રાખવો. જેથી કરીને સોજામાં રાહત થાય.

૫) હૂંફાળા દિવેલ કે ઓલિવ ઑઈલનું માલિશ મચકોડ ઉપર કરવું.

## સાવધાની

અહીં માત્ર ઈમરજન્સીની પ્રાથમિક સારવાર જ આપેલ છે. જો વધુ તકલીફ જણાય તો તરત ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર પ્રાપ્ત કરવી. ■

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુક્લ

# પચાસની ઉંમરે હેલ્ધી ફૂડ ખાઓ, નહીંતર...



વ્યક્તિની જેમ જેમ ઉંમર વધે એમ આહારમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી બની જાય છે. હેલ્ધી ફૂડ નહીં ખાઓ તો પાછળથી પસ્તાવાનો વારો આવી શકે છે. આપણી જીવનશૈલી અને જંકફૂડને કારણે વિવિધ બીમારીઓ આપણને ઘેરી લે છે. એમાં પણ ડાયાબિટીસ તો એક એવી બીમારી છે જેનો કોઈ ઈલાજ નથી. એને નિયંત્રણમાં રાખવું પડે છે. ડાયાબિટીસ હવે કોઈ પણ ઉંમરે થઈ શકે છે. પચાસની ઉંમરે તો આ બીમારી સૌથી વધુ વધી શકે છે. એથી ડાયાબિટીસને કન્ટ્રોલમાં કરવા માટે કેટલીક ટેવને છોડવી જરૂરી છે.

વ્યક્તિએ પોતાનું શુગર લેવલ નિયમિત ચેક કરતા રહેવું જોઈએ. ટાઇપ-૨ ડાયાબિટીસના દર્દીઓએ દિવસમાં અનેક વખત બ્લડ ચેક કરવું જરૂરી છે. પચાસથી સાંઇઠની ઉંમરના વ્યક્તિઓનું ખાલી પેટ બ્લડ શુગર ૯૦ થી ૧૦૦ mg/dl હોવું જોઈએ. જમ્યા પછી તેમનું બ્લડ શુગર લેવલ ૧૪૦ mg/dl હોવું જોઈએ.

## કઈ આદતો છોડવી જોઈએ

**ડાએટને લઈને બેદરકારીઃ** પચાસની ઉંમરે આહારને લઈને બેદરકારી ન કરવી જોઈએ. પોષણયુક્ત આહાર ખાવો જોઈએ. ખાણીપીણીમાં જરાપણ બેદરકારી બ્લડ શુગરના સ્તર પર જોવા મળી શકે છે. એથી તાજાં ફળો, શાકભાજીઓ, અનાજ અને નટ્સને પોતાના ખોરાકમાં સામેલ કરો.

**વજન ન વધવા દોઃ** ડાયાબિટીસમાં વજન વધવાની સમસ્યા વધી શકે છે. પચાસની ઉંમર બાદ વજન વધી શકે છે. એથી વજન પર નિયંત્રણ રાખવું. હેલ્ધી લાઇફસ્ટાઇલ અપનાવો.

**સાકર કે મીઠી વસ્તુઓ ન ખાવીઃ** સાકર અને ગળ્યા પદાર્થોમાં ભારે માત્રામાં શુગર હોય છે. એને કારણે બ્લડ સૂગર વધી શકે છે. આ સિવાય પ્રોસેસ્ડ ફૂડ ખાવાથી પણ બ્લડ શુગર વધવાની શક્યતા છે. એથી જેમ બને એમ ગળ્યા પદાર્થોથી દૂર રહેવું.

**ઇનઍક્ટિવ લાઇફસ્ટાઇલઃ** તમારી ઉંમર પચાસની હોય અને તમે નિષ્ક્રિય લાઇફસ્ટાઇલ જીવી રહ્યા છો તો તરત એ ટેવ છોડી દો. નહીં તો શુગર વધી શકે છે. નિયમિત કસરત બ્લડ શુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. એથી દરરોજ વ્યાયામ કરવો જોઈએ.

**સ્ટ્રેસ ન લેવોઃ** તણાવ પણ બ્લડ શુગર વધારી શકે છે. પચાસ વર્ષથી વધુના ઉંમરના લોકોએ તણાવ ઘટાડવા માટે યોગ, ધ્યાન કે પછી અન્ય ઉપાયો કરવા જોઈએ. સાથે જ પૂરતો આરામ કરવો જોઈએ. દરરોજ સાતથી આઠ કલાકની નિંદર લેવી જોઈએ.

## કયો પદાર્થ શું ફાયદો આપશે?

**લીમડો અને હળદરઃ** દિવસની શરૂઆત હળદરથી કરવી જોઈએ, તે શરીરને સ્વસ્થ અને ત્વચાને જુવાન બનાવી રાખે છે. હળદર પાચનક્રિયાને સારી રાખે છે. લીમડો અને હળદર આંતરડાંમાં સારા બૅક્ટેરિયાને વધારવાની સાથે પાચનને વ્યવસ્થિત રાખે છે. આપણા આહારમાં સારા બૅક્ટેરિયાની સાથે ખરાબ બૅક્ટેરિયા પણ હોય છે. એથી લીમડા અને હળદરના સેવનથી હાનિકારક બૅક્ટેરિયા દૂર થાય છે. સાથે જ શરીરની તંદુરસ્તી પણ જળવાઈ રહે છે.

**આમળાંઃ** આમળાં એક એવું ફળ છે જેમાં એન્ટિ-એજિંગ ગુણ હોય છે, જે તમને લાંબા સમય સુધી જવાન બનાવી રાખે છે. વિટામિન સીથી ભરપૂર આ ફળ ત્વચામાં કોલેજનના ઉત્પાદનને વધારે છે. કોલેજન ત્વચાની સંરચનાને જાળવી રાખવામાં મદદ કરે છે અને ચહેરા પરની કરચલીઓ ઘટાડે છે. એથી આમળાંનું સેવન ખૂબ જરૂરી છે.

**બદામઃ** બદામને પાણીમાં પલાળીને તેની છાલ કાઢીને સેવન કરવું જોઈએ. બદામનું સેવન ન માત્ર શરીરને સ્વસ્થ રાખશે પણ યંગ પણ રાખશે. વિટામિન ઈ થી ભરપૂર બદામ ખાવાથી ચહેરા પર વયની અસર વર્તાતી નથી. હેલ્ધી ફેટ્સવાળી બદામ આપણી સ્કીનને જવાન અને વાળને અકાળે સફેદ થતાં અટકાવે છે. એથી એમ કહી શકાય કે વૃદ્ધાવસ્થાને પાછળ ઠેલવવી હોય તો બદામ ખાઓ. ■

**ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંક કૌભાંડ**

# ડિપોઝિટરોને રાહતઃ ગુરુવારથી પચીસ હજાર કૅશ ઉપાડી શકાશે

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત ધ્યાનમાં આવતા બૅંક પર નિયંત્રણો લાદવામાં આવ્યાના કેટલાક દિવસ બાદ રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા સોમવારે શરતો હળવી કરાઇ છે. ડિપોઝિટરોની હાલાકી જોતાં આરબીઆઇએ ૨૭ ફેબ્રુઆરીથી તેમને પચીસ હજાર રૂપિયા ઉપાડવાની છૂટ આપીને થોડી રાહત આપી છે.

આરબીઆઇ દ્વારા ૧૩ ફેબ્રુઆરીથી મુંબઈની આ કો-ઓપરેટિવ બૅંક પર સર્વ સમાવિષ્ટ નિર્દેશો (એઇડ) લાદવામાં આવ્યા હતા, જેમાં ઉપાડ પર બંધીનો સમાવેશ હતો. બાદમાં આરબીઆઇ દ્વારા ૧૨ મહિના માટે બૅંકના બોર્ડ ઓફ ડિરક્ટરોને સસ્પેન્ડ કર્યા હતા.

એ સિવાય આ સમયગાળા દરમિયાન બૅંકનું કામકાજ જોવા માટે પ્રશાસક તરીકે સ્ટેટ બૅંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ)ના ભૂતપૂર્વ ચીફ જનરલ

(જુઓ પાનું ૪) ▸▸

## ગુમ રોકડ માટે હું જવાબદાર

### હિતેશ મહેતાની કબૂલાતનો વીડિયો આરબીઆઈ પાસેઃ પોલીસને સોંપાયો

મુંબઈઃ ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંકના ૧૨૨ કરોડ રૂપિયાના ઉચાપત કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નિરીક્ષણ ટીમે બેંકના જનરલ મેનેજર હિતેશ મહેતાનો વીડિયો રેકૉર્ડેડ નિવેદન આપ્યું છે જેમાં તેમણે બેંકમાંથી કથિતપણે ગુમ થયેલી રોકડ માટે પોતે જવાબદાર હોવાનું કબૂલ્યું છે. સવાલ એ છે કે રિઝર્વ બેંકે અત્યાર સુધી આની પોલીસને જાણ શું કામ નહોતી કરી અને આ મામલે પોતે કેમ કોઈ પગલાં નહોતા લીધા.

બેંકના જનરલ મેનેજર અને એકાઉન્ટ્સના વડા મહેતાની આરબીઆઈની નિરીક્ષણ ટીમ દ્વારા ફેબ્રુઆરીના બીજા

(જુઓ પાનું ૪) ▸▸

**પ્રધાનોના ઓએસડી-પીએસ**

# ફડણવીસે ૧૬ 'ફિક્સર'નો છેદ ઉડાડ્યો

### ૧૨૫ નામની ભલામણ કરાઈ હતી, પરંતુ ૧૦૯ નામને જ મળી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે એવી માહિતી આપી હતી કે તેમણે કેબિનેટના સાથી પ્રધાનો દ્વારા આપવામાં આવેલા ઓએસડી (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી) અને પીએસ (અંગત સચિવ) માટેના ૧૨૫ નામની ભલામણમાંથી ૧૦૯ નામને માન્યતા આપી છે. બાકીના લોકોના નામને મંજૂરી નથી આપવામાં આવી કેમ કે તેમની સામે તપાસ ચાલી રહી છે અને તેઓ 'ફિક્સર' તરીકે જાણીતા છે.

'મને અધિકારીઓના ૧૨૫ નામ મળ્યા હતા, જેને મારા કેબિનેટના સાથીઓ તેમના અંગત સચિવ તરીકે અથવા તો વિશેષ અધિકારી તરીકે નિયુક્ત કરવા માગતા હતા અને તેમાંથી મેં ૧૦૯ નામને મંજૂરી આપી દીધી છે,' એમ ફડણવીસે કહ્યું હતું.

બાકીના ૧૬ અધિકારીઓના નામને મંજૂરી ન આપવા પાછળનું કારણ એવું છે કે આ અધિકારીઓ સામે કોઈ પ્રકારની તપાસ ચાલી રહી છે અથવા તો વહીવટી વર્તુળોમાં તેમને 'ફિક્સર' તરીકે ઓળખવામાં આવે છે, એમ પણ ફડણવીસે કહ્યું હતું.

એનસીપીના નેતા અને રાજ્યના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે

(જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસનો ફરી એકનાથ શિંદેને ઝટકો

### કૃષિ પેદાશોની એમએસપી પર ખરીદીમાંની ગેરરીતિ સામે સવાલ ઉઠાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં ફરી એકવાર મતભેદ જોવા મળી રહ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને વધુ એક ઝટકો આપતાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે 'લઘુત્તમ ટેકાના ભાવ પર કૃષિ પેદાશોની ખરીદી'માં ગેરરીતિઓનો મુદ્દો ઉઠાવ્યો છે. સરકારી આદેશથી ભૂતપૂર્વ માર્કેટિંગ પ્રધાન અબ્દુલ સત્તારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય કૃષિ સહકારી ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ)ની પ્રસ્તાવિત નોડલ એજન્સીઓ તરીકે નિમણૂક પર પ્રશ્નો ઉભા થયા છે.

ફડણવીસના નેતૃત્વ હેઠળની સરકાર નોડલ એજન્સીઓની નિમણૂક, તૈયાર કરેલી વ્યૂહરચના અને ખરીદી માટે એજન્સીઓની પસંદગી અંગે નવી નીતિ નક્કી કરવા માટે તૈયાર છે. ઉપરાંત, માપદંડો પૂર્ણ ન કરતી એજન્સીઓની માન્યતા રદ કરવામાં આવશે.

#### સરકાર નોડલ એજન્સીઓ વિશે છે

કૃષિ પેદાશોની ખરીદી અને રાજકીય હસ્તક્ષેપ કોઈ અનુભવ ન હોવા છતાં લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) પર ખરીદી માટે નાફેડની નોડલ એજન્સીઓની યાદીમાં સમાવેશ કરવામાં આવેલી એજન્સીઓ અંગે સરકાર સાવચેત બની છે. આ એજન્સીઓની

(જુઓ પાનું ૪) ▸▸

# દિવામાં પેટ્રોલની બોટલો સાથે મહિલાઓ રસ્તા પર ઊતરતા ડિમોલેશન મોકૂફ



મુંબઈઃ પાલિકાનો અતિક્રમણ વિભાગ ૧૫ દિવસ પહેલાં થાણેમાં કાર્યવાહી કરવામાં અસફળ રહ્યા બાદ દિવામાં પણ સ્થાનિકોએ કરેલા વિરોધ બાદ વિભાગે સ્થાનિક રહેવાસીઓના રોષનો ભોગ બનવું પડ્યું હતું. મહિલાઓ હાથમાં પેટ્રોલ ભરેલી બોટલો લઇને રસ્તા પર ઊતરી આવી હતી, જેને કારણે સુરક્ષાના દૃષ્ટિકોણથી વિભાગે કોઇ પણ કાર્યવાહી કર્યા વિના પાછું ફરવું પડ્યું હતું.

દિવામાં ૫૪ ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરવાના હાઈ કોર્ટે આપેલા આદેશ બાદ પાલિકાની એક ટીમ દિવામાં કાર્યવાહી કરવા માટે પહોંચી હતી. રહેવાસીઓએ તેનો સખત વિરોધ કર્યો હતો. દિવામાં વિવિધ સ્થળોએ આત્મદહનના બોર્ડ લગાવવામાં આવ્યાં હતાં અને ટીમ જેવી કાર્યવાહી કરવા પહોંચી કે મહિલાઓ પેટ્રોલ ભરેલી બોટલો લઇને રસ્તા પર ઊતરી હતી. આને કારણે વાતાવરણ તણાવભર્યું ઊભું

(જુઓ પાનું ૪) ▸▸

# વધારે મસ્તી હોય તો ઘરે એ બેસીને કરો એમ કહી સીએમે પહેલા દિવસે અમને ધમકાવ્યાઃ કોકાટે

મુંબઈઃ માણિકરાવ કોકાટેને કોર્ટે બે વર્ષની સજા સંભળાવ્યા બાદ શાસક અને વિપક્ષ વચ્ચે રાજકારણ ગરમાયું છે. એવામાં અજિત પવાર જૂથના એનસીપીના નેતા અને કૃષિપ્રધાન માણિકરાવ કોકાટેએ એક મોટું વિધાન કર્યું છે કે મુખ્ય પ્રધાને તો અમને પહેલા જ દિવસે ધમકાવ્યા હતા. હવે અમારા હાથમાં કશું જ બચ્યું નથી.

જો તમને બહુ મસ્તી હોય તો ઘરે જઇને કરો. અમારા પીએસ અને ઓએસડી મુખ્ય પ્રધાન જ નક્કી કરતા હોવાથી અમારા હાથમાં કશું જ બચ્યું નથી. કોકાટેના આ વિધાનને કારણે રાજકારણમાં મોટો ચર્ચાનો વિષય બની ગયો છે.

માણિકરાવ કોકાટેએ એક કાર્યક્રમમાં બોલતાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાને પહેલા જ દિવસે ધમકીના સૂરમાં કહ્યું હતું કે હવે મારા સહિત તમારા કોઇના પણ જવાથી સરકારને કોઇ

(જુઓ પાનું ૪) ▸▸

## મે-જૂનમાં પાણીનો પ્રોબ્લેમ કદાચ ન થાયઃ ૫૧ ટકા સ્ટોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાને હજી ચાર મહિનાનો સમય બાકી છે ત્યારે શહેરને પાણી પૂરું પાડનારા સાત જળાશયોમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૫૧ ટકા પાણીનો સ્ટોક છે. છેલ્લા બે વર્ષની સરખામણીમાં પાણીનો જથ્થો વધારે છે, છતાં આગામી દિવસોમાં વધતા તાપમાનને કારણે પાણીનું બાષ્પીભવન વધી શકે છે અને પાણીનાં જથ્થામાં ઘટાડો થઈ શકે છે. હાલમાં જળાશયોમાં જુલાઈ મહિના સુધી ચાલે એટલો પાણીનો જથ્થો જમા છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે સાતેય જળાશયોમાં પહેલી ઓક્ટોબરના ૧૪,૪૭,૩૬૩ મિલ્યન

(જુઓ પાનું ૪) ▸▸

## બે મહિનામાં ત્રીજી વાર મળ્યા ઉદ્ધવ-રાજ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે અને તેમના પિતરાઈ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની મુંબઈમાં એક લગ્ન સમારંભમાં મુલાકાત થઈ હતી અને તેને પગલે એવી અટકળો વહેતી થઈ હતી કે બંને ભાઈઓ મહારાષ્ટ્રની આગામી મહાનગરપાલિકા ચૂંટણીઓ પહેલાં રાજકીય વિરોધાભાસને દફનાવીને સાથે આવી શકે છે. અંધેરીમાં રવિવારે સાંજે એક સરકારી અમલદાર મહેન્દ્ર કલ્યાણકરના પુત્રના લગ્નમાં બંને સાથે જોવા મળ્યા હતા. મનસેના રાજ ઠાકરે રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને તેમની પત્ની રશ્મી ઠાકરેને મળ્યા હતા. આ મુલાકાત રાજ્યની સત્તાધારી મહાયુતિ અને વિપક્ષી મહાવિકાસ આઘાડીમાં મતભેદોની અટકળો વચ્ચે થતાં રાજકીય ગરમાટો વધી ગયો હતો. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે રાજ્યની પાલિકા ચૂંટણીઓ પહેલાં બંને પાર્ટીઓ તેમની વચ્ચેના મતભેદો ભૂલી જાય એવી શક્યતા જોવાઈ રહી છે.

# સાચવજોઃ આજે મુંબઈમાં હીટ વેવની અલર્ટ

### સોમવારે ફેબ્રુઆરી મહિનાનું છેલ્લા પાંચ વર્ષનું સૌથી વધુ તાપમાન ૩૮.૪ નોંધાયુંઃ માથેરાન, મહાબળેશ્વરમાંય કાળઝાળ ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં અસહ્ય ગરમી પડી રહી છે. હવામાન ખાતાએ મુંબઈ, થાણે સહિત રાજ્યના અમુક જિલ્લામાં આગામી બે દિવસ હીટ વેવની અસર રહેવાનો અંદાજો વ્યક્ત કર્યો છે. આ દરમ્યાન મુંબઈમાં સોમવારે દિવસના તાપમાનનો પારો ૩૮.૪ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો, જે છેલ્લા પાંચ વર્ષમાં ફેબ્રુઆરી મહિનાનું હાઈએસ્ટ તાપમાન રહ્યું હતું. આ અગાઉ છેલ્લે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હિલ સ્ટેશન માથેરાનમાં પણ મહત્તમ

(જુઓ પાનું ૪) ▸▸



(અમય ખરાડે)

## મહારાષ્ટ્રમાં હીટસ્ટ્રોકથી પહેલું મોત

સાંગલીઃ માર્ચ મહિનો નજીક આવતાની સાથે જ ઉનાળાની ઋતુ શરૂ થાય છે અને હોળીનો તહેવાર ઠંડીનો અંત લાવે છે એવું અગાઉ લોકો કહેતા, પરંતુ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં જ સૂર્ય આગ ઓકી રહ્યો હોવાનો અનુભવ થઈ રહ્યો છે અને આ ઉનાળામાં સાંગલી જિલ્લામાં એક વ્યકિત હીટસ્ટ્રોકનો ભોગ બન્યો હોવાનું સામે આવ્યું છે. સાંગલીના હીરાબાગ કોર્નરમાં એક આઈસ્ક્રીમ વિક્રેતાને હીટસ્ટ્રોકને કારણે લોહીની ઉલટી થઈ અને તેનું મૃત્યુ થયું. સાંગલીમાં હીરાબાગ કોર્નર ખાતે વોટર હાઉસ પાસે આઈસ્ક્રીમ સ્કૂપ્સ વેચતા રામપાલનું લોહીની ઊલટીઓ બાદ મૃત્યુ થયું હતું. ઘટના બાદ, સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ અને વધુ તપાસ માટે તેમના મૃતદેહને શબપરીક્ષણ માટે સાંગલીની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

# 'પીઓપી મૂર્તિ સામે બંધી એટલે અમારા પેટ પર લાત'

### આવી દલીલ સાથે ગણેશજીની પીઓપી મૂર્તિના શિલ્પકારોની અદાલતમાં જવાની તૈયારી

મુંબઈઃ પીઓપી મૂર્તિઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાના નિર્ણય સામે પીઓપી શિલ્પકાર સંગઠન કોર્ટનાં દ્વાર ખટખટાવશે. આ પ્રતિબંધના નિર્ણયને કારણે શિલ્પકારો રોજગારી ગુમાવશે. આથી શ્રી ગણેશ કામદાર સંઘે પોતાનો દાવો રજૂ કરવા માટે કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ૨૦૨૦માં પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) મૂર્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે વિવિધ કારણોસર નિર્ણયના અમલમાં વિલંબ થઇ રહ્યો હતો. જોકે હાઈકોર્ટે આપેલા ઠપકા બાદ પાલિકા વહીવટીતંત્રે આ વર્ષના માઘી ગણેશોત્સવથી ૧૦૦ ટકા પીઓપી પ્રતિબંધ લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. માઘી ગણેશ જયંતીના તહેવાર દરમિયાન પીઓપીની ગણેશ મૂર્તિઓ

(જુઓ પાનું ૪) ▸▸

## ગણેશમંડળોની વેઈટ ઍન્ડ વોચની નીતિ

### બધા પાસે આગામી પગલાં સંબંધી મંતવ્યો મંગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાર્વજનિક ગણેશોત્સવ તહેવારમાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના ઉપયોગ પર ૨૦૨૦માં જ પ્રતિબંધ મૂકી દીધો સર્ક્યુલર મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડે બહાર પાડ્યો છે. કોર્ટે પણ તેના વચગાળાના આદેશમાં પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના વ્યવસાય સાથે હજારો

(જુઓ પાનું ૪) ▸▸

## અલાહાબાદિયા અને ચંચલાનીની પોલીસે પાંચ કલાક પૂછપરછ કરી

મુંબઈઃ કોમેડી શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં માતા-પિતાને ઉદ્દેશીને બીભત્સ સવાલ કરીને વિવાદનો મધપૂડો છંછેડનારા પ્રસિદ્ધ યુટ્યૂબર અને પોડકાસ્ટર રણવીર અલાહાબાદિયા સાથે આશિષ ચંચલાની સોમવારે નિવેદન નોંધાવવા માટે મહારાષ્ટ્ર સાયબર પોલીસ સમક્ષ હાજર થયા હતા. લગભગ પાંચ કલાક બન્નેની પૂછપરછ કરવામાં આવીને તેમનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં.

મહારાષ્ટ્ર સાયબર વિભાગે એફઆઈઆર નોંધી ૧૭ ફેબ્રુઆરીએ અલાહાબાદિયાને સમન્સ મોકલાવી ૨૪ ફેબ્રુઆરીએ હાજર રહેવાનું જણાવ્યું હતું. સમન્સને પગલે સોમવારે અલાહાબાદિયા અને ચંચલાની નવી મુંબઈના મ્હાપે ખાતે આવેલા મહારાષ્ટ્ર સાયબરના મુખ્યાલયમાં અલગ અલગ પહોંચ્યા હતા.

લોકપ્રિય યુટ્યૂબર સમય રાઈનાના શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં અલાહાબાદિયાએ સ્પર્ધકને માતા-પિતા અને સેક્સ સંબંધી બીભત્સ પ્રશ્ન કર્યો હતો. આ ટિપ્પણીથી લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ખાર પોલીસ આ પ્રકરણની તપાસ કરી રહી હતી ત્યારે સાયબર પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. અલાહાબાદિયા અને ચંચલાની

(જુઓ પાનું ૪) ▸▸

# કોર્ટના ચુકાદાની નકલ મળ્યા પછી કોકાટે સામે ઍક્શનઃ સ્પીકરે કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિપક્ષી મહાવિકાસ આઘાડી (એમવીએ)ના નેતાઓએ રાજ્ય વિધાનસભાની બિઝનેસ એડવાઈઝરી (કામકાજ સલાહકાર) કમિટીની બેઠકમાં નાશિકની કોર્ટ દ્વારા બે વર્ષના કારાવાસની સજા આપવામાં આવેલા કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેને અપાત્ર ઠેરવવાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો, જ્યારે વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે તેમની પાસે કોર્ટના આદેશની સર્ટિફાઈડ નકલ આવી નથી. સર્ટિફાઈડ નકલ મળ્યા બાદ ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલા નિયમોને આધારે કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય વિધાનસભાના બજેટ સત્રની તારીખો અને કામકાજને નક્કી કરવા માટે આયોજિત કરવામાં આવેલી આ બેઠકમાં સત્તાધારી અને વિપક્ષી પાર્ટીના મહત્ત્વના નેતા હાજર હતા. બજેટ સત્ર ત્રીજી માર્ચથી શરૂ થશે અને ૧૦ માર્ચે બજેટ રજૂ કરવામાં આવશે. બંને ગૃહનું કામકાજ ૨૬ માર્ચ સુધી ચાલશે.

વિપક્ષી નેતાઓએ આ મોકાનો લાભ લઈને કોકાટેનું વિધાનસભ્યપદ રદ કરવાની માગણી કરી હતી. પિપલ્સ રિપ્રેઝન્ટેશન એક્ટ, ૧૯૫૧ મુજબ જે વ્યક્તિને બે વર્ષ અથવા તેથી વધુ સજા કરવામાં આવી હોય તે જનપ્રતિનિધિ (વિધાનસભ્ય) રહી શકે નહીં. ડિસેમ્બર, ૨૦૨૩માં આ જ કાયદાના આધારે કૉંગ્રેસના નેતા સુનિલ કેદારને નાગપુર કોર્ટ દ્વારા આર્થિક ગેરરીતિના કેસમાં સજા કરવામાં આવ્યા બાદ ૨૪ કલાકમાં અપાત્ર જાહેર કરવામાં આવ્યા હતા. એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે આવેદનપત્ર આપીને કોકાટેને અપાત્ર ઠેરવવાની માગણી કરી હતી, શિવસેના યુબીટીના નેતા ઉદ્ધવ ઠાકરે અને સંસદસભ્ય સંજય રાઉતે પણ કોકાટેને રદ કરવાની માગણી કરી હતી.

## કોઈ પણ સ્વાભિમાની વ્યક્તિ રાજીનામું આપી દેતઃ ધનંજય મુંડે મામલે શરદ પવારે કહ્યું

મુંબઈ : મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેના નજીકના સહાયકની ધરપકડ બાદ તેમના રાજીનામાની માંગણીઓ વચ્ચે એનસીપી (એસપી) ના સુપ્રીમો શરદ પવારે કહ્યું કે આત્મસન્માન ધરાવનાર કોઈપણ વ્યક્તિ રાજીનામું આપી દેત.

૯ ડિસેમ્બરે બીડના મસાજોગમાં સરપંચ સંતોષ દેશમુખના અપહરણ અને ક્રૂર હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં નજીકના સહયોગી વાલ્મિક કરાડની ધરપકડ કરવામાં આવ્યા બાદ બીડના પરળીના ધારાસભ્ય મુંડે વિપક્ષ અને મહાયુતિના કેટલાક સાથીદારોના વિરોધનો સામનો કરી રહ્યા છે.

''જે કોઈને પણ આત્મસન્માન હોત તે રાજીનામું આપી દેત,'' મુંડેએ મસ્સાજોગ કેસ સાથે કોઈ સંબંધ ન હોવાનો દાવો કર્યો છતાં પવારે કહ્યું હતું. પવારે શિવસેનાના વિધાનસભાના સભ્ય નીલમ ગોર્હે દ્વારા ઉદ્ધવ ઠાકરે પર કરાયેલા ''મર્સિડીઝ ફોર પોસ્ટ્સ'' ભ્રષ્ટાચારના ઉપહાસ બદલ પણ ટીકા કરી હતી. મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપાધ્યક્ષ ગોર્હેએ દાવો કર્યો હતો કે અવિભાજિત સેનામાં પદો ભ્રષ્ટ માધ્યમો દ્વારા મેળવવામાં આવ્યા હતા, જેમાં મર્સિડીઝ કાર ભેટ આપવાનો પણ સમાવેશ થાય છે.

# બોગસ દસ્તાવેજો પર મોંઘી કારો ખરીદીને વિવિધ રાજ્યોમાં વેચનારી ટોળકી પકડાઈ



(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોગસ દસ્તાવેજોને આધારે બૅન્ક અને ફાઈનાન્સ કંપનીઓમાંથી મેળવેલી લોન પર ખરીદવામાં આવેલી મોંઘીદાટ કારો વિવિધ રાજ્યોમાં વેચનારી ટોળકીના સાત આરોપીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. અમુક પ્રકરણોમાં આરોપીઓ જે કાર ખરીદતા તે જ મૉડેલની કાર ચોરતા અને લોન પર લીધેલી કારની નંબર પ્લેટ, ચેસીસ, એન્જિન નંબરનો ઉપયોગ કરી ચોરેલી કાર વેચી નાખતા હોવાનું જણાયું હતું. આરોપીઓ પાસેથી ૧૬ કાર જપ્ત કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રવીન્દ્ર ગીરકર ઉર્ફે પ્રદીપ શર્મા (૪૭), મનીષ શર્મા (૩૯), સૈયદ નાવેદ અલી (૫૨), દાનીશ ખાન (૩૨), સાંઈનાથ ગંજી (૨૯) અને યશકુમાર જૈન (૩૩) અને ઈમરાન ખાન ઉર્ફે દેવા (૩૮) તરીકે થઈ હતી. તેમની પાસેથી ૭.૩૦ કરોડ રૂપિયાની ૧૬ કાર, ૧૧ મોબાઈલ ફોન અને બે લૅપટોપ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

પોલીસના જણાવ્યા મુજબ જાણીતી ફાઈનાન્સ કંપનીની ઘાટકોપર શાખાના

(જુઓ પાનું ૪) ▸▸



**'ઝારા'ને તાળાં?:** લક્ઝરી ફેશન બ્રાન્ડ ઝારાએ સોમવારે દક્ષિણ મુંબઈમાં ૧૧૦ વર્ષ જૂની ઈસ્માઈલ બિલ્ડિંગમાં આવેલો તેનો ફ્લેગશિપ સ્ટોર બંધ કર્યો. હેરિટેજ-પ્રોપર્ટીમાં સામેલ,વેપારી પ્રવૃત્તિથી ધમધમતા એરિયામાં ૫૧,૩૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું, ઝારાનું વિશાળ આઉટલેટ હતું. ઝારાએ બિલ્ડિંગના માલિક, સુપારીવાલા એક્સપોર્ટ્સ સાથે ભાડા પેટે વાર્ષિક રૂ. 30 કરોડ રૂપિયાનું લીઝ એગ્રીમેન્ટ કર્યું હતું. (અમય ખરાડે)

# મારું કામ મિડલ ઓવર્સમાં સ્પિનર્સને સંભાળવાનું હતું: સદી બાદ કોહલીએ ખોલ્યા સફળતાના રાજ

દુબઇ: ભારતે પાકિસ્તાનને છ વિકેટથી હરાવીને ચૅમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. આ જીતમાં વિરાટ કોહલીએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેણે ૧૧૧ બોલમાં ૧૦૦ રનની અણનમ ઇનિંગ રમી હતી. વિરાટની વનડે કારકિર્દીની આ ૫૧મી સદી હતી. મેચ બાદ કોહલીએ પાકિસ્તાન સામેની પોતાની સફળતાનું રહસ્ય જાહેર કર્યું હતું. તેણે કહ્યું કે ટીમમાં તેની ભૂમિકા શું છે અને તે તેને સંપૂર્ણ સમર્પણ સાથે ભજવવાનો પ્રયાસ કરે છે.

ભારતને પાકિસ્તાન સામે જીત અપાવવા બદલ કોહલીને પ્લેયર ઑફ ધ મેચનો એવૉર્ડ આપવામાં આવ્યો હતો. આ દરમિયાન તેણે કહ્યું હતું કે, 'સાચું કહું તો, ભારતને સેમિફાઇનલમાં ક્વોલિફાય કરવામાં મદદ કરવા માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપવું સારું લાગે છે. એવી મેચમાં યોગદાન આપવું સારું લાગે છે જ્યાં અમે શરૂઆતમાં રોહિતની વિકેટ ગુમાવી દીધી હતી. અમે છેલ્લી મેચમાં જે શીખ્યા તેનો અમે આ મેચમાં અમલ કર્યો. મારું કામ સ્પિનરો સામે વધારે જોખમ લીધા વિના મિડલ ઓવર્સને નિયંત્રિત કરવાનું હતું. અંતે શ્રેયસે ઝડપી બેટિંગ કરી અને મેં કેટલાક ચોગ્ગા પણ ફટકાર્યા હતા. મને મારી રમતની સારી સમજ છે.

કોહલીએ કહ્યું હતું કે મારું કામ વર્તમાનમાં રહેવું અને ટીમ માટે કામ કરવાનું છે. મારા માટે મુખ્ય કામ મેદાનમાં મારું ૧૦૦ ટકા યોગદાન આપવાનું છે. પછી ભગવાન આખરે તમને પુરસ્કાર આપે છે. પાવરપ્લેમાં લગભગ ૬૦-૭૦ રન બનાવવા જરૂરી હતા. પછી શ્રેયસ ચોથા નંબર પર ખરેખર સારી બેટિંગ કરી રહ્યો છે અને પોતાનું કૌશલ્ય બતાવી રહ્યો છે. તેણે ભારતમાં પણ સારું કામ કર્યું અને હવે તે અહીં પણ સારું કામ કરી રહ્યો છે.

# પરાજય પછી રિઝવાન બોલ્યો, 'ખરું કહું તો ભારત સામેની હાર સાથે આ ટૂર્નામેન્ટમાં અમારા માટે બધું ખતમ થઈ ગયું'

દુબઈ: ભારત સામે રવિવારે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનનો છ વિકેટે ઘોર પરાજય થયો ત્યાર બાદ પાકિસ્તાનનો કેપ્ટન મોહમ્મદ રિઝવાન ગમગીન હતો અને ત્યારે જ એ હતાશામાં તેણે કહ્યું હતું કે 'ખરેખર તો અમને બધાને એવું લાગી રહ્યું છે કે આ ટૂર્નામેન્ટમાં અમારા માટે બધું ખતમ થઈ ગયું છે.'

ગ્રૂપ 'એ'માં વિરાટ કોહલીના અણનમ ૧૦૦ રનના યાદગાર પર્ફોર્મન્સ સાથે ભારતે જીતીને સેમિ ફાઇનલમાં સ્થાન પાકું કરી લીધું છે ત્યાં બીજી બાજુ પાકિસ્તાનની ટીમને ભારતે સ્પર્ધાની એક્ઝિટની લગોલગ મૂકી દીધી હતી.

વિરાટે વિક્રમી ૫૧મી સેન્ચુરી ફટકારવાની સાથે વન-ડે ફૉર્મેટમાં સૌથી ઝડપે ૧૪,૦૦૦ રન પૂરા કરવાનો વિશ્વવિક્રમ પણ નોંધાવ્યો હતો. વિરાટ રવિવાર પહેલાં ફૉર્મમાં નહોતો, પરંતુ પાકિસ્તાન સામે આપોઆપ તે ફરી અસલ મિજાજમાં આવી ગયો અને પાકિસ્તાનની ટીમનો ઘડોલાડવો કરી નાખ્યો.

છેવટે સ્થિતિ એવી થઈ કે પાકિસ્તાને ન્યૂ ઝીલૅન્ડ અને બાંગ્લાદેશની મેચના પરિણામ પર નિર્ભર થવાનો સમય આવ્યો હતો. પાકિસ્તાનની હવે ૨૭મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે મેચ છે. ભારતની હવે પછીની છેલ્લી લીગ મેચ બીજી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ સામે રમાશે. આ ગ્રૂપમાં ચાર ટીમ છે અને પાકિસ્તાનનો પહેલી જ મેચમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ૬૦ રનથી પરાજય થયો હતો જે રિઝવાનની ટીમને ભારે પડ્યું.

હતાશ રિઝવાને રવિવારે એવું પણ કહ્યું હતું કે 'અમારે બીજી ટીમોના પરિણામો પર આધાર રાખવો પડે એ કેપ્ટન તરીકે મને જરાય પસંદ નથી. હું મારી ટીમના પર્ફોર્મન્સ પર જ નિર્ભર રહું છું અને બીજી બધી ટીમોના પરિણામોની ચિંતા કરવાનું મને જરાય ગમતું નથી.'

રિઝવાન ભારત સામેની હાર બદલ ખૂબ હતાશ હતો અને તેણે કહ્યું કે 'અમે પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામે અને પછી ભારત સામે હારી ગયા એ બહુ ખરાબ થયું. એ બંને ટીમ ખૂબ મજબૂત હતી અને અમે તેમની સામે સારું ન રમી શક્યા. ખાસ કરીને ભારત સામેની મેચની વાત કરું તો અમે ત્રણેય રીતે (બૅટિંગ, બોલિંગ, ફીલ્ડિંગ) સારું ન રમી શક્યા. અમે કેટલીક ભૂલો કરી જેને કારણે અમારે પરાજય જોવો પડ્યો. હું જાણું છું કે હવે અમારી સામે ઘણા પ્રશ્નો ઊભા થશે અને અમને ઘણા સવાલો પૂછવામાં આવશે.'

પાકિસ્તાન ૨૯ વર્ષ પછી પહેલી વખત આઇસીસી ટૂર્નામેન્ટનું યજમાન બન્યું છે અને એમાં જ એણે લીગ રાઉન્ડમાં નિરાશ થવાનો વારો આવ્યો.

ખુદ રિઝવાને રવિવારે ધીમી બૅટિંગમાં ૪૬ બોલમાં ૭૭ રન બનાવ્યા એ ઇનિંગ્સ તેના દેશમાં ખૂબ ચર્ચાસ્પદ થશે.

### ચૅમ્પિયન્સ ટ્રોફી

# ન્યૂઝીલેન્ડના બોલરોનો તરખાટ, બાંગ્લાદેશની ટીમ કરી શકી ફક્ત ૨૩૬ રન

રાવલપિંડી: ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગઇ કાલે રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશની ટીમ ૫૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને માત્ર ૨૩૬ રન જ કરી શકી હતી. બાંગ્લાદેશ તરફથી કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ સૌથી વધુ ૭૭ રન કર્યા હતા જ્યારે ઝાકિર અલીએ ૪૫ રનની ઇનિંગ રમી હતી. ચૅમ્પિયન્સ ટ્રોફીના ગ્રૂપ સ્ટેજની મેચમાં ન્યૂઝીલેન્ડ સામે પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે ૫૦ ઓવરમાં નવ વિકેટના નુકસાન પર ૨૩૬ રન કર્યા હતા. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે તેના બોલરોએ સાચો સાબિત કર્યો હતો. માઈકલ બ્રેસવેલે શાનદાર બોલિંગ કરી હતી અને ૧૦ ઓવરમાં ૨૬ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. બાંગ્લાદેશની શરૂઆત સારી રહી હતી, પરંતુ ટીમે નિયમિત અંતરે વિકેટો ગુમાવી દીધી હતી. કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ સૌથી વધુ ૭૭ રન ફટકાર્યા હતા. તેણે ૧૧૦ બોલની ઈનિંગમાં નવ ચોગ્ગા ફટકાર્યા હતા. તંજીદ હસન (૨૪) અને ઝાકિર અલી (૪૫)એ પણ ઉપયોગી ઇનિંગ્સ રમી હતી. રિશાદ હુસૈને ૨૬ રન કર્યા હતા અને ટીમનો સ્કોર ૨૩૬ સુધી પહોંચાડ્યો હતો. જોકે, બાંગ્લાદેશના મિડલ ઓર્ડરના બેટ્સમેનો સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. મેહદી હસન મિરાજ (૧૩), તૌહીદ હ્રદયોય (૭), મુશ્ફિકુર રહીમ (૨) અને મહમુદુલ્લાહ (૪) વધુ યોગદાન આપી શક્યા ન હતા. ટીમ માટે એક્સ્ટ્રા ૨૫ રન મદદરૂપ સાબિત થયા, જેમાં ૨૨ વાઈડ બોલનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડ તરફથી માઈકલ બ્રેસવેલ સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે ૧૦ ઓવરમાં માત્ર ૨૬ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. વિલ ઓ'રોર્કે પણ સારી બોલિંગ કરી અને ૧૦ ઓવરમાં ૪૮ રન આપીને બે વિકેટ લીધી હતી. મેટ હેનરી અને કાયલ જેમિસનને ૧-૧ વિકેટ મળી હતી. જોકે મિશેલ સેન્ટનરને એક પણ વિકેટ મળી ન હતી.

# આજે મહિલા આઈપીએલમાં દિલ્હી અને ગુજરાત વચ્ચે ટક્કર

### બેટ્સમેનોનું ફોર્મ બન્ને ટીમ માટે ચિંતાજનક

બેંગલૂરુ: આજે મહિલા પ્રીમિયર લીગમાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. નબળા બેટિંગ પ્રદર્શનથી ઝઝૂમી રહેલી ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ મંગળવારે અહીં મહિલા પ્રીમિયર લીગ મેચમાં એકબીજા સામે ટકરાશે ત્યારે તેઓ જીત મેળવવાનો પ્રયાસ કરશે. બંને ટીમોને તેમની અગાઉની મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. છેલ્લી બે સીઝનમાં છેલ્લા સ્થાને રહેલું ગુજરાત ત્રણ મેચમાં માત્ર એક જીત સાથે છેલ્લા સ્થાને છે.

દરમિયાન, દિલ્હી કેપિટલ્સ પણ તેમની છેલ્લી મેચમાં યુપી વોરિયર્સ સામે ૩૩ રનથી હાર બાદ ત્રીજા સ્થાને સરકી ગયું છે. પાંચ મેચમાં ટીમનો આ ત્રીજો પરાજય હતો. લીગની શરૂઆતથી જ સૌથી સાતત્યપૂર્ણ પ્રદર્શન કરતી ટીમોમાંની એક રહી ચૂકેલી દિલ્હીની ટીમ વર્તમાન સીઝનમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નથી. દિલ્હી કેપિટલ્સે અત્યાર સુધી ખરાબ પ્રદર્શન કર્યું છે. ટીમના બેટ્સમેન સતત સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા છે. ઓપનર શેફાલી વર્મા અને મેગ લેનિંગે સારી શરૂઆત કરી પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહી હતી. લેનિંગ અત્યાર સુધી ફક્ત સારી ઇનિંગ્સ રમી શકી છે. શેફાલી, જેમીમાહ રોડ્રિગ્સ અને એનાબેલ સધરલેન્ડે કેટલીક વાર પ્રભાવિત કર્યા છે, પરંતુ તેઓ પોતાની શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવવામા નિષ્ફળ રહ્યા છે.

બીજી બાજુ, ગુજરાત જાયન્ટ્સ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એશલી ગાર્ડનર પર ખૂબ આધાર રાખે છે, જે તેમનો શ્રેષ્ઠ દેખાવ કરનાર છે. ગાર્ડનર ત્રણ ઇનિંગ્સમાં ૧૪૧ રન સાથે ટુર્નામેન્ટમાં ત્રીજા ક્રમે સૌથી વધુ રન કરનાર ખેલાડી છે. જોકે, મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં તેની નિષ્ફળતાએ ટીમની બેટિંગમાં નબળાઇનો ખુલાસો કર્યો હતો, કારણ કે તેઓ ફક્ત ૧૨૦ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. ભારતીય બેટ્સમેન ખાસ કરીને ત્રીજા નંબર પર રમી રહેલી ડી હેમલતા પર દબાણ વધી રહ્યું છે.

દક્ષિણ આફ્રિકાની બેટ્સમેન લૌરા વોલ્વાર્ડ પણ મોટી ઇનિંગ્સ રમવાની આશા રાખી રહી છે. ગાર્ડનરે બોલ સાથે સારું પ્રદર્શન કર્યું છે અને તેને લેગ-સ્પિનર પ્રિયા મિશ્રાના રૂપમાં સારો ટેકો મળ્યો છે. જોકે, જો ગુજરાતે આગામી મેચોમાં સારું પ્રદર્શન કરવું હશે, તો તે તેના ઓલરાઉન્ડર પાસેથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા રાખશે.

# આજે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં સામસામે ટકરાશે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા

### બન્ને ટીમો સેમિફાઈનલમાં પહોંચવાનો કરશે પ્રયાસ

રાવલપિંડી : આજે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામસામે ટકરાશે. બન્ને ટીમોએ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી હતી. તેઓ મંગળવારે અહીં એકબીજા સામસામે ટકરાશે અને આ મેચમાં રનનો વરસાદ થાય તેવી સંભાવના છે. આ બંને ટીમોની બેટિંગ ખૂબ જ મજબૂત છે અને આ મેચને ખૂબ જ રસપ્રદ બનાવી શકે છે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા બંને આ મેચ જીતીને સેમિફાઇનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે.

ઓસ્ટ્રેલિયાના ઘણા મુખ્ય ખેલાડીઓ ઈજાઓને કારણે આ ટૂર્નામેન્ટમાં રમી રહ્યા નથી. એટલા માટે બહુ ઓછા લોકો તેને દાવેદારોમાં સામેલ કરી રહ્યા હતા, પરંતુ લાહોરમાં ઈંગ્લેન્ડ સામે તેણે જે રીતે રેકોર્ડ લક્ષ્યાંકને હાંસલ કર્યો તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે આઇસીસી ટૂર્નામેન્ટ્સમાં ઓસ્ટ્રેલિયાને ઓછું આંકવું એક મોટી ભૂલ હશે.

ઓસ્ટ્રેલિયાને ટૂર્નામેન્ટમાં પેટ કમિન્સ, મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવૂડની ખોટ સાલશે, પરંતુ ઓછામાં ઓછી શરૂઆતની મેચમાં બેટ્સમેનોના પ્રભાવશાળી પ્રદર્શને તેમની ગેરહાજરીને ભરપાઈ કરી દીધી હતી. જોશ ઇંગ્લિશે સદી ફટકારીને પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું, જે તેને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવશે. તેમના ઉપરાંત, મેથ્યુ શોર્ટ, માર્નસ લાબુશેન, એલેક્સ કેરી અને ગ્લેન મેક્સવેલે પણ યોગદાન આપ્યું હતું. કેપ્ટન સ્ટીવ સ્મિથ અને ઓપનર ટ્રેવિસ હેડ જ એવા ખેલાડીઓ હતા જેઓ પહેલી મેચમાં રન કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

ઓસ્ટ્રેલિયા ડાબા હાથના ઝડપી બોલર સ્પેન્સર જોહ્નસન પાસેથીારા પ્રદર્શનની આશા રાખશે અને મેક્સવેલ પણ ઇંગ્લેન્ડ સામે મોંઘો સાબિત થયો. લાબુશેન અને શોર્ટ છઠ્ઠા બોલરની ભૂમિકા ભજવી શકે છે.

દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન રાયન રિકેલ્ટન પણ અફઘાનિસ્તાન સામેની આક્રમક સદી બાદ આત્મવિશ્વાસથી ભરપૂર હશે. દક્ષિણ આફ્રિકાના ત્રીજા, ચોથા અને પાંચમા ક્રમના બેટ્સમેનોએ છેલ્લા મેચમાં અડધી સદી ફટકારી હતી જે ટેમ્બા બાવુમાની કેપ્ટનશિપ હેઠળની ટીમ માટે સારો સંકેત છે. હેનરિક ક્લાસેન ઈજાને કારણે છેલ્લા મેચમાં રમી શક્યો ન હતો અને ઓસ્ટ્રેલિયા સામે તેમનું રમવું પણ શંકાસ્પદ છે. કગીસો રબાડાના નેતૃત્વમાં દક્ષિણ આફ્રિકાનું ઝડપી બોલિંગ આક્રમણ વધુ સારું દેખાય છે અને તેઓ તેનો મહત્તમ ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે.

## સિટી ન્યૂઝ

# ગૌવંશને કતલ માટે લઈ જવાતા હોવાની અફવા: અકોલામાં ટેન્શન

### પીછો કરી ગામવાસીઓએ ટ્રક રોકી: પ્રાણીઓને નીચે ઉતારી ટ્રકને સળગાવી નાખી

અકોલા: ગૌવંશને કતલ માટે બે ટ્રકમાં લઈ જવાતા હોવાની અફવાથી અકોલા જિલ્લાના કાનશિવની ગામના રહેવાસીઓનો રોષ ફાટી નીકળ્યો હતો. પીછો કરીને એક ટ્રક રોકવામાં આવ્યા પછી પ્રાણીઓને નીચે ઉતારી ટ્રકને આગ લગાવી દેવાઈ હતી. આ ઘટના પછી ગામમાં તંગદિલીનું વાતાવરણ હોવાથી પોલીસે કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે ૯.૧૫ વાગ્યાની આસપાસ કાનશિવની ગામ નજીક બની હતી. ગૌવંશને કતલ માટે લઈ જવાતા હોવાની અફવા ગામવાસીઓમાં ફેલાઈ હતી. પરિણામે કાનશિવનીથી યેળવણ તરફ જઈ રહેલી બે ટ્રકનો ગામવાસીઓએ પીછો કર્યો હતો. એક ટ્રકને આંતરી રોકવામાં ગામવાસીઓને સફળતા મળી હતી, જ્યારે બીજી ટ્રક સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. લોકોનો ગુસ્સો જોઈ જે ટ્રક રોકવામાં આવી હતી તેનો ડ્રાઈવર અંધારાનો લાભ ઉઠાવી જંગલ પરિસર તરફ નાસી છૂટ્યો હતો. કહેવાય છે કે રોષે ભરાયેલા લોકોએ ટ્રકમાંનાં પ્રાણી નીચે ઉતારી ટ્રકને આગ લગાડી હતી. બનાવની જાણ થતાં બોરગાંવ મંજુ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ ગૌવંશની તસ્કરી બાબતે તપાસ કરી રહી છે. ફરાર થઈ ગયેલા ટ્રક ડ્રાઈવરની પોલીસ શોધ ચલાવી રહી છે. દરમિયાન, આ ઘટના બાદ સ્થાનિક પરિસરમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી.

પોલીસના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા લોકોની સમજાવટ પછી મામલો શાંત પડ્યો હોવાનું કહેવાય છે. લોકોને શાંતિ જાળવવાની અપીલ પોલીસે કરી હતી. દોષી વ્યક્તિઓ સામે સખત પગલાં લેવાની ખાતરી પણ અપાઈ હતી. સુરક્ષાનાં કારણોસર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મેટ્રો લંબાવાશે વસઈ-વિરાર સુધી: ભાયંદર ખાડી પર બંધાશે ખાસ પુલ

મુંબઈ: ચર્ચગેટથી વસઈ અને વિરાર સુધી જનારા પ્રવાસીઓની સંખ્યામાં છેલ્લા ઘણા સમયથી નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સાંજના ધસારાના સમયમાં વિરાર લોકલમાં પ્રવાસ કરવો એટલે ખૂબ જ આકરું થઇ જતું હોય છે. જોકે ટૂંક સમયમાં લોકલ ટ્રેનની ભીડથી થોડી રાહત મળશે. વસઈ-વિરાર શહેરમાં પ્રશાસન દ્વારા મેટ્રોના કામ માટે સર્વે શરૂ કરવામાં આવ્યો છે.

વસઈ-વિરાર-નાલાસોપારામાં વસતિ કૂદકે ને ભૂસકે વધી રહી છે.

અહીંથી કામ કરવા અર્થે મુંબઈ આવનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. આ જ કારણસર મેટ્રોને વસઈ સુધી લંબાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

વસઈ-વિરાર માટે મેટ્રો-૧૩ની જાહેરાત કરવામાં આવી હતી.

આ મેટ્રો ભાઈંદર ખાડીના પુલ પરથી દોડશે. ખાડી પર પુલ બાંધવા માટે માળખાકીય યોજના તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. મેટ્રો લાઈન ખાડીમાંથી પસાર થવાની હોવાથી ટેક્નિકલ પાસાંઓનો પણ અભ્યાસ કરવામાં આવશે.

ભૌગોલિક રચના અને આબોહવાનો અભ્યાસ કર્યા પછી સર્વેક્ષણનું કાર્ય આગામી અઢી મહિનામાં પૂરું કરવામાં આવશે. મીરા-ભાઈંદરમાં ચાલી રહેલા મેટ્રો પ્રોજેક્ટનો રૂટ જોડાયેલો રહેશે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાઈંદર ખાડીમાં પ્રસ્તાવિત પુલ અને મેટ્રો એક જ જગ્યાએથી પસાર થશે.

# કુંભસ્નાન કરવા ગયેલા વેપારીને ચોરો લાખો રૂપિયામાં નવડાવી ગયા

નાંદેડ: ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં દેશ અને દુનિયામાંથી લોકો પોતાના પરિવાર સાથે કુંભ સ્નાન કરવા પહોંચી રહ્યા છે. તો બીજી તરફ ચોરોને મોકળું મેદાન મળી રહ્યું છે. તેમના બંધ મકાનો પર ચોરો નજર રાખી રહ્યા છે. ચોરીની આવી જ એક ઘટના મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાંથી સામે આવી છે.મહારાષ્ટ્રના નાંદેડના એક વેપારી ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા સહપરિવાર પ્રયાગરાજ પહોંચ્યા હતા. તેથી વેપારીના ઘરે કોઈ નહોતું. જેનો લાભ ચોરોએ ઉઠાવ્યો હતો. ચોરો ઘરમાંથી લાખોની કિંમતનો સામાન લઈ ફરાર થઈ ગયા હતા.

આ ઘટના નાંદેડ શહેરના કૌથા વિસ્તારમાં બની હતી. ઘટના સમયે વેપારી સત્યનારાયણના બંધ મકાનમાં કોઈ નહોતું પરંતુ તેમના ઘરમાં લાખોની ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વેપારી સાથે ગામના કેટલાક અન્ય લોકો પણ બહાર ગયા હતા.

સીસીટીવી કેમેરામાં બધુ જ કેદ થઇ ગયું છે, બે ચોર દરવાજો તોડી ઘરની અંદર ગયા. ટોર્ચની મદદથી ચોરોએ ઘરની તપાસ કરી. કબાટ ખોલ્યું. પોતાની ઓળખ છુપાવવા માટે ચોરોએ મોઢા ઢાંકી રાખ્યા હતા.

વેપારી કુંભ સ્નાન કરીને ઘરે પરત ફર્યા ત્યારે તેમને ચોરીની જાણ થઇ હતી. પોતાના ઘરમાં ચોરીની ઘટનાથી વેપારીના હોશ ઉડી ગયા. પીડિત પરિવારે આ ઘટના અંગે નાંદેડ પોલીસને જાણ કરી હતી. પરિવારે પોલીસને જણાવ્યું હતું કે ચોરોએ બંધ ઘરનો દરવાજો તોડીને ૮૦ તોલા સોનું અને બે લાખ રૂપિયાની રોકડની ચોરી કરી હતી. ફરિયાદ મળ્યા બાદ, નાંદેડ પોલીસે ચોરોને શોધવા માટે ડોગ સ્ક્વોડ ટીમ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદ લીધી છે.

# મહારાષ્ટ્ર-કર્ણાટક બસસેવા બંધ થતા વિમાની ભાડાં આસમાને

મુંબઈ: મરાઠી અને કન્નડ ભાષા વચ્ચે વધી રહેલી તણાવભરી પરિસ્થિતિને જોતાં હવે મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યો વચ્ચે દોડતી બસસેવાને સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન કોર્પોરેશન (એમએસઆરટીસી) અને કર્ણાટક રાજ્ય માર્ગ પરિવહન કોર્પોરેશન (કેએસઆરટીસી) સહિત બંને રાજ્યો વચ્ચેના લગભગ તમામ બસ ઓપરેટરોએ મુસાફરો અને સ્ટાફની સલામતીના ડરથી તેમની સેવાઓ બંધ કરી દીધી છે. આને કારણે મુંબઈ અને બેંગલુરુ વચ્ચેના હવાઈ ભાડામાં તોતિંગ વધારો જોવા મળ્યો હતો.

મુંબઈ બસ માલિક સંગઠનના વાઈસ ચેરમેન મુરાદ નાઈકે જણાવ્યું હતું કે બંને રાજ્યોના સરહદી વિસ્તારોમાં વધતા તણાવને કારણે બંને રાજ્યો વચ્ચે લગભગ તમામ ખાનગી બસ કામગીરી બંધ થઇ ગઇ છે.

ગયા અઠવાડિયે બેલાગાવી ગામમાં કેએસઆરટીસી બસ કંડક્ટર પર બે વિદ્યાર્થીઓ સાથે મરાઠી નહીં પણ કન્નડ ભાષામાં બોલવા બદલ થયેલા ઝઘડા બાદ કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તણાવ ફરી શરૂ થયો હતો. શુક્રવારે, કન્નડ તરફી જૂથ દ્વારા મરાઠી ભાષી એમએસઆરટીસી બસ ડ્રાઇવર પર હુમલો કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. આના કારણે શનિવારે રાત્રે પુણેના સ્વારગેટ વિસ્તારમાં શિવસેના (યુબીટી) દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન કર્ણાટક નોંધણી નંબર ધરાવતી બસોને કાળા રંગથી રંગવામાં આવી હતી. બંને રાજ્યો વચ્ચે વધતા જતા તણાવને કારણે બસસેવાને સ્થગિત કરી દેવામાં આવી હતી. જોકે તેને કારણે હવાઈ ભાડામાં જોરદાર વધારો થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર કર્ણાટકમાં બેલાગાવી અને તેના પડોશી વિસ્તારો કર્ણાટક અને મહારાષ્ટ્ર વચ્ચે દાયકાઓથી ચાલી રહેલા પ્રાદેશિક અને ભાષાકીય વિવાદનું કેન્દ્રબિંદુ રહ્યા છે. સરહદી જિલ્લામાં મરાઠી ભાષીઓની નોંધપાત્ર વસતિ છે અને ભૂતકાળમાં ભાષાકીય મુદ્દાઓ પર અનેક વિરોધ અને હિંસા જોવા મળી છે.

# મહાશિવરાત્રી નિમિત્તે બેસ્ટની વિશેષ બસ દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાશિવરાત્રીના દિવસે બુધવારે મુંબઈમાં પર્યટકોના ધસારાને ધ્યાનમાં રાખીને બેસ્ટ ઉપક્રમ દ્વારા વધારાની બસ દોડાવવામાં આવવાની છે. ખાસ કરીને બોરીવલીમાં આવેલી કાન્હેરી ગુફાની મુલાકાતે આવનારા પ્રવાસીઓની સંખ્યા વધુ રહેશે. તેથી બોરીવલી સ્ટેશનથી ખાસ બસ દોડાવવામાં આવશે.

બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ બોરીવલીમાં આવેલી કાન્હેરી ગુફામાં પૌરાણિક મંદિર શિવમંદિર હોવાથી મહાશિવરાત્રીના પર્યટકોની સંખ્યા વધુ રહેતી હોય છે. તેથી પર્યટકો માટે ૧૮૮ નંબરની લિમિટેડ બસ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનથી કાન્હેરી ગુફા દરમ્યાન સવારના ૧૦.૩૦ વાગ્યાથી સાંજે ૭.૩૦ વાગ્યા દરમિયાન વધારાની ફેરી કરશે. તેમ જ બોરીવલી રેલવે સ્ટેશન (પૂર્વ)થી કાન્હેરી ગુફા દરમ્યાન નિયમિત બસ પણ ચાલુ જ રહેશે. પ્રવાસીઓને માર્ગદર્શન આપવા માટે ભીડના ઠેકાણે ખાસ કરીને સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન પ્રવેશદ્વાર, એલોરા ચોકી (બોરીવલી સ્ટેશન પૂર્વ) તેમ જ કાન્હેરી ગુફા બસ પાસે બસ ટિકિટ ચેકર સહિત અધિકારી માર્ગદર્શન આપવા હાજર રહેશે. એ સિવાય દક્ષિણ મુંબઈના પ્રખ્યાત બાબુલનાથ મંદિરમાં શિવમંદિરની મુલાકાતે આવનારા ભક્તો માટે સવાર સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી બસ નંબર ૫૭, ૬૭ અને ૧૦૩ રૂટ પર કુલ આઠ વધારાની બસ દોડાવવામાં આવશે.

# બસમાં ભૂલાયેલી દસ લાખ રૂપિયાના દાગીનાની બેગ ડ્રાઈવર-કંડક્ટરે પરત કરી

સોલાપુર: બગડેલી એસટી બસો, અસ્વચ્છતા અને ખરાબ રસ્તાઓના કારણે નકારાત્મક છબી ઊભું કરનાર કરમાલા એસટી બસ ડેપોના કર્મચારીઓએ તાજેતરમાં બસમાં ભૂલાઈ ગયેલી ૧૦ લાખ રૂપિયાની કિંમતની દાગીનાની થેલી સંબંધિત પ્રવાસીને પરત કરી પ્રામાણિકતા દર્શાવી હતી. તેથી, કરમાલા એસટી ડેપોનું નામ સકારાત્મક દૃષ્ટિકોણથી ચર્ચામાં આવ્યું છે. મુંબઈ-કરમાલા એસટી બસ બપોરે કરમાલા એસટી ડેપો પર આવી ત્યારે ડ્રાઇવરની કેબિનમાં સીટ પર એક બેગ મળી આવી હતી, જે મુસાફર ભૂલી ગયો હતો. એસટી ડ્રાઇવર જિતેન્દ્ર ભોંસલે અને કંડક્ટર આત્મારામ કુંભારે બેગ ખોલ્યા વિના ટ્રાફિક કંટ્રોલર કર્ણરાજ મુસળેને સોંપી દીધી. પંચનામા કર્યા પછી, બેગ ખોલવામાં આવી અને તેમાં સોનાના દાગીના અને રોકડ મળી આવી હતી. દરમિયાન, આ જ બસમાં રાશીન (અહિલ્યાનગર જિલ્લો) થી મુંબઈ-કરમાલા મુસાફરી કરનાર બારામતીના રહેવાસી પ્રતિભા હનુમંત હેન્દ્રે એસટી બસમાં ખોવાઈ ગયેલી બેગ શોધી રહી હતી. આખરે કરમાલા ડેપોમાં તપાસ કરાતા તેમને બેગ મળી અને ખાતરી કર્યા પછી, બેગ તેમને સોંપવામાં આવી. ડેપો હેડ વીરેન્દ્ર હોનરાવે એસટી ડ્રાઇવર ભોંસલે અને કંડક્ટર કુંભારની પ્રામાણિકતા બદ્દલ તેમનું સન્માન કરવામાં આવ્યું.

# નાલાસોપારામાં ૧.૦૪ કરોડનું ડ્રગ્સ જપ્ત

### નાઈજીરિયન મહિલા સહિત બેની ધરપકડ

મુંબઇ: મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) નાલાસોપારા વિસ્તારમાંથી ૧.૦૪ કરોડની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડીને નાઇજીરિયન મહિલા અને તેના સાથીદાર રિક્ષાચાલકની ધરપકડ કરી હતી.

એએનસીના અધિકારીઓ બાવીસ ફેબ્રુઆરીએ નાલાસોપારા પૂર્વમાં વાઘેશ્વર બાલાજી હનુમાન મંદિર સામેના માર્ગ પર પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે નાઇજીરિયન મહિલા અને રિક્ષાચાલક પર તેમની નજર પડી હતી. બંનેની હિલચાલ શંકાસ્પદ જણાઇ આવતાં પોલીસની ટીમે તેમને તાબામાં લીધા હતાં. બંને જણની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૧.૦૪ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી બંને વિરુદ્ધ નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી. આરોપીઓએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે ત્યાં આવ્યાં હતાં, તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# અમેરિકન બજારના ધબડકા પાછળ સેન્સેક્સ ૮૫૭ પોઈન્ટના ગાબડાં સાથે ૭૫,૦૦૦ની નીચે ખાબક્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ટેરિફની ચિંતા, એફઆઇઆઇની એકધારી વેચવાલી અને અમેરિકન શેરબજારના ધબડકા પાછળ વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં આવેલી ધ્રુજારી પાછળ સેન્સેક્સ સતત પાંચમા સત્રની પછડાટમાં એક ટકાના ગાબડાં સાથે ૭૫,૦૦૦ની નીચે ખાબક્યો હતો. જ્યારે નિફ્ટી ૨૨,૫૦૦ની નજીક સરક્યો છે. બેન્ચમાર્ક આઠ મહિનાની નીચી સપાટીએ ધકેલાયા છે. સેન્સેક્સ ૮૫૬.૬૫ પોઇન્ટ અથવા તો ૧.૧૪ ટકા ઘટીને ૭૪,૪૫૪.૪૧ની સપાટીએ પહોંચ્યો છે. જે સત્ર દરમિયાન ૯૨૩.૬૨ પોઇન્ટ અથવા તો ૧.૨૨ ટકા તૂટીને ૭૪,૩૮૭.૪૪ને અથડાયો હતો. નિફ્ટી ૨૪૨.૫૫ પોઇન્ટ અથવા તો ૧.૦૬ ટકા તૂટીને ૨૨,૫૫૩.૩૫ પોઇન્ટની સપાટીએ પહોચ્યો હતો. પાછલા પાંચ સત્રમાં સેન્સેક્સ ૧૫૪૨.૪૫ પોઇન્ટ અથવા તો બે ટકા અને નિફ્ટી ૪૦૬.૧૫ પોઇન્ટ અથવા તો ૧.૭૬ ટકા ગબડ્યો છે. ટેક્નિકલ ધોરણે નિફ્ટીમાં ચાર્ટમાં નબળાઇના સંકેત છે.

એચસીએલ ટેકનો, ઝોમેટો, ટાટા કન્સલ્ટિન્સી સર્વિસિસ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, ભારતી એરટેલ, ટાટા સ્ટીલ અને એનટીપીસી સૌથી વધુ ઘટનારા સેન્સેક્સના શેરોમાં શામેલ હતા, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેન્ક, મારુતિ, નેસ્લે અને આઇટીસી સૌથી વધુ વધનારા શેરોમાં શામેલ હતા.

નિફ્ટી૫૦ બેન્ચમાર્કના ઘટકના ફેરફારના ભાગરૂપે ઝોમેટો અને જિયો ફાઇનાન્શિયલ બ્રિટાનિયા અને બીપીસીએલનું સ્થાન લેશે અને આ ફેરફારો ૨૮ માર્ચથી અમલમાં આવશે. ઝોમેટોનો સમાવેશ ૭૦૨ મિલિયન ડોલરનો ઇન્ફલો, જ્યારે જીઓ ફાઇનાન્શિયલ સર્વિસિસના સમાવેશથી ૪૦૪ મિલિયન ડોલરનો ઇન્ફલો અપેક્ષિત છે.

ક્વાલિટી પાવરના શેર બે ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. પ્રાઇમરી માર્કેટ આ સપ્તાહે મેઇન બોર્ડના કોઇ ભરણા નથી, પરંતુ ત્રણેક એસએમઇ ભરણા આવી રહ્યાં છે. આઉટડોર અથવા તો આઉટ ઓફ હોમ જાહેરાત ઉદ્યોગની આવક ૨૦૨૩માં રૂ. ૪,૧૪૦ કરોડથી વધીને ૨૦૨૪માં રૂ. ૪,૬૫૦ કરોડ નોંધાઇ છે, જે વાર્ષિક ધોરણે ૧૨% નો મજબૂત વધારો દર્શાવે છે, એવી માહિતી આપતાં બ્રાઇટ આઉટડોર મીડિયા લિમિટેડના પ્રવકતાએ જણાવ્યું હતું કે, ઓઓએચ બિલબોર્ડ, સાઇનેજ સહિતના અત્યંત પ્રભાવશાળી માધ્યમોનું પ્રતિનિધિત્વ કરનાર ઓઓએચ જાહેરાત ઉદ્યોગ ટેકનોલોજી ઇનોવેશન મારફત ઝડપી વિકાસ સાધી રહ્યો છે. ટાટા પાવર અને યુલર મોટર્સ વચ્ચે રિન્યુએબલ ફાસ્ટ ચાર્જર માટે એમઓયુ થયા છે. આઇઆઇએફએલ ફાઇનાન્સના નવ મહિનાના નાણાકીય પરિણામને આધારે રેટિંગ એજન્સી ફીચે એવો અભિપ્રાય જાહેર કર્યો છે કે, આ કંપનીની વાર્ષિક કમાણીમાં ઘટાડો થઇ શકે છે. પ્રાઇમરી માર્કેટમાં આગામી બે નાણાકીય વર્ષમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની ધારણા છે. એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સે એક્સચેન્દજ ફાઇલિંગમાં જણાવ્યું છે કે તે વચગાળાના ડિવિડંડ અંગે નિર્ણય લેવા માટે ૨૮મી ફેબ્રુઆરીની બોર્ડ મિટિંગમાં નિર્ણય જાહેર કરશે, જે માટે રેકોર્ડ ડેટ સાતમી માર્ચ હોઇ શકે છે.

સેન્સેક્સના શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૫૮ ટકા, કોટક બેન્ક ૦.૬૪ ટકા, મારુતિ ૦.૨૫ ટકા, નેસ્લે ૦.૨૪ ટકા, આઈટીસી ૦.૨૧ ટકા, એક્સિસ બેન્ક ૦.૧૫ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૩.૩૨ ટકા, ઝોમેટો ૩.૩૨ ટકા, તાતા કન્સલ્ટન્સી ૨.૯૩ ટકા, ઈન્ફોસિસ ૨.૮૧ ટકા, ભારતી એરટેલ ૨.૨૯ ટકા, ટેક મહિન્દ્ર ૨.૧૯ ટકા, તાતા સ્ટીલ ૨.૧૦ ટકા, એનટીપીસી ૧.૭૯ ટકા, લાર્સન ૧.૭૪ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૩૦ ટકા, અને અદાણી પોર્ટ્સ ૧.૧૪ ટકા ઘટ્યા હતા.

બીએસઇ ફોક્સ્ડ આઇટી ઇન્ડેક્સ ૨.૬૫ ટકા, આઇટી ઇન્ડેક્સ ૨.૬૦ ટકા, ટેકનોલોજી ઇન્ડેક્સ ૨.૫૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ઇન્ડેક્સ ૨.૨૬ ટકા, મેટલ ઇન્ડેક્સ ૨.૧૬ ટકા, કોમોડિટીઝ ઇન્ડેક્સ ૧.૫૩ ટકા અને યુટિલિટી ઇન્ડેક્સ ૧.૪૨ ટકા ગબડ્યો હતો. જ્યારે ઓટો અને એફએમસીજી ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. બીએસઇના સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ૧.૩૧ ટકાનો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

ટેરિફ વોર અને ફેડરલના રેટ કટ અંગેના નકાકારાત્મક સંદેશ સાથે એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શેરબજારે સતત પીછેહઠ નોંધાવી રહ્યું છે. ટેરિફ વોર શરૂ થયા પછીના ખાસ કરીને ચીન અને યુરોપિયન સંઘના પ્રત્યાઘાતને કારણે ઇકિવટી ઇન્વેસ્ટર્સના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચી છે.

નિષ્ણાતોના મતે, ૨૪ ફેબ્રુઆરીથી શરૂ થતા ટૂંકા સપ્તાહમાં બજારના સહભાગીઓ સાવચેતીભર્યું વલણ અપનાવશે. બજારની નજર ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ પરના વિકાસ અને યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ સપ્તાહમાં બજારના સહભાગીઓ સાવચેતીભર્યું વલણ જાળવી રાખે તેવી અપેક્ષા છે, જેમાં ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ વૉરની દિશામાં વધુ હિલચાલ અને યુક્રેન તથા રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નિષ્ણાતોના મતે આ અઠવાડિયે માસિક ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રાક્ટની સમાપ્તી આવતી હોવાથી અફડાતફડી અને અસ્થિરતા વધી શકે છે. ગબડતા બજારમાં પણ લેવાલીનો ટેકો મળતાં ઓટો અને એફએમસીજી ઈન્ડેક્સ વધ્યા, જ્યારે ફોકસ્ડ આઈટી, આઈટી, ટેક અને મેટલ ઈનડેક્સ ઝડપથી ગબડ્યા હતા. માર્કેટ કેપમાં રૂ. ૪.૨૩ લાખ કરોડનો ઘટાડો થયો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૫,૩૧૧.૦૬ના બંધથી ૮૫૬.૬૫ પોઈન્ટ્સ (૧.૧૪ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૪.૨૩ લાખ કરોડ ઘટીને રૂ.૩૯૭.૯૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૪,૮૯૩.૪૫ ખૂલીને ઊંચામાં ૭૪,૯૦૭.૦૪ સુધી અને નીચામાં ૭૪,૩૮૭.૪૪ સુધી જઈને અંતે ૭૪,૪૫૪.૪૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૨૦૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૨૦૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૧૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૮૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૮૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સેન્સેક્સની ૭ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૩ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૩૧ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૪૭ ટકા ઘટ્યા હતા. સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૦.૨૨ ટકા અને એફએમસીજી ઈન્ડેક્સ ૦.૧૬ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૨.૬૫ ટકા, આઈટી ૨.૬ ટકા, ટેક ૨.૫૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૨૬ ટકા, મેટલ ૨.૧૬ ટકા, કોમોડિટીઝ ૧.૫૩ ટકા, યુટિલિટીઝ ૧.૪૨ ટકા, પાવર ૧.૧૬ ટકા, એનર્જી ૧.૧૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૧ ટકા ગબડ્યા હતા. જ્યારે ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૮ ટકા, રિયલ્ટી ૦.૯૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૨ ટકા કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૭૧ ટકા, સર્વિસીસ ૦.૬ ટકા, બેન્કેક્સ ૦.૫૨ ટકા, હેલ્થકેર ૦.૪૭ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૫ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૨.૫૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૨૪ સોદામાં ૧,૫૫૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૭,૫૯,૬૮૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૬૦,૬૭,૮૮૮.૧૪ કરોડનું રહ્યું હતું.

## ઈક્વિટી માર્કેટમાં કડાકા અને ક્રૂડતેલ ઉછળતા ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બોલાયેલા કડાકા, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં સુધારો આગળ ધપતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના ઘટાડા સાથે ૮૬.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ સાંકડી વધઘટે અથડાઈ ગયો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૬૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૬૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૭૫ અને ઉપરમાં ૮૬.૫૮ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૬.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ યંત્રણામાં પ્રવાહિતા વધારવા માટે ત્રણ વર્ષ માટે ૧૦ અબજ ડૉલરનાં રૂપી/ડૉલર સ્વેપ ઑક્શનનું આયોજન કરશે તેથી નિકાસકારો ઉછાળે ડૉલર વેચી શકશે અને આયાતકારો ઘટાડે ડૉલર લઈ શકશે. જોકે, ટ્રમ્પનાં વહીવટીતંત્રમાં ટેરિફની અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી ડૉલરમાં વ્યાપક માગ રહેતી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહેતો હોવાનું વિશ્લેષકો જણાવે છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૫૬.૬૫ પૉઈન્ટનું અને ૨૪૨.૫૫ પૉઈન્ટના બોલાયેલા કડાકા ઉપરાંત ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૪૪૯.૧૫ કરોડની ચોખ્ખી વેચવાલી તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૦૩ ટકા વધીને બેરલદીઠ ૭૪.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ સાંકડી વધઘટે અથડાઈને ૧૦૬.૬૧ આસપાસ ટકેલો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનું વિક્રમ સપાટીની નજીક

## સ્થાનિક સોનામાં ₹ ૩૦૮ની આગેકૂચ, ચાંદી ₹ ૧૦૩૨ ઘટી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહતા આજે લંડન ખાતે હાજરમાં તથા વાયદામાં સોનાના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો તેમ જ ચાંદીમાં સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં મુખ્યત્વે ચાંદીમાં વિશ્વ બજારથી વિપરીત સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૩૨નો ઘટાડો આવ્યો હતો, પરંતુ સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૭થી ૩૦૮ વધી આવ્યા હતા અને ભાવે પુનઃ રૂ. ૮૬,૦૦૦ની સપાટી અંકે કરી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સપ્તાહના આરંભે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦૩૨ના ઘટાડા સાથે રૂ. ૯૬,૧૧૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૭ વધીને રૂ. ૮૬,૦૫૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦૮ વધીને રૂ. ૮૬,૪૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહી હતી અને જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગત શુક્રવારે અમેરિકાના આર્થિક ડેટાઓ નબળાં આવ્યા હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૯૪૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૨૯૫૮.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાં હતાં, જ્યારે ચાંદીના ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, હવે રોકાણકારોની નજર આ સપ્તાહના અંતે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર હોવાથી રોકાણકારોની લેવાલી મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકી ડૉલરમાં નરમાઈતરફી વલણને ધ્યાનમાં લેતા આજે સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે વેપારની અનિશ્ચિતતાઓ નજીકના ભવિષ્યમાં દૂર થાય તેવી શક્યતા ન હોવાથી આ સપ્તાહે ફરી એક વખત નવી ટોચ દાખવે તેવી શક્યતા નકારી ન શકાય.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયાત થતાં લાકડાં અને વન્ય ઉત્પાદનો, આયાતી કાર, સેમિકન્ડક્ટર અને ફાર્માસ્યુટિકલ પર ટૂંક સમયમાં અથવા તો એક મહિનામાં નવાં ટેરિફ લાદવાનો પુનરોચ્ચાર કર્યો હતો. જોકે, હવે બજાર વર્તુળોની નજર આગામી શુક્રવારે જાહેર થનરા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે. જો ફુગાવામાં વધારો થશે તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત વિલંબિત કરે તેવી શક્યતા પ્રબળ બનતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે.

તાજેતરમાં રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થપાવાની શક્યતા પ્રબળ બનતાં હાલ સોનામાં યુદ્ધને કારણે નીકળેલી સલામતી માટેની માગ મંદ પડી રહી હોવાથી હવે જો સોનાએ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી પાર કરવી હોય તો તેને માટે મજબૂત કારણની આવશ્યકતા રહેશે, એમ કેડિયા કોમોડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું.

## ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૦નો ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો ચમકારો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦૪ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાથી આજે સ્થાનિકમાં આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૪૨૫ના મથાળે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૨૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૧૭૫થી ૪૨૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સાધારણ સુધારો


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ સુધારો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૯૧૦થી ૩૯૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૮૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ૧૨નો સુધારો આગળ ધપ્યો હતો. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે કોપરની અમુક વેરાઈટીઓ અને એલ્યુમિનિયમમાં નિરસ માગ તેમ જ વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બે સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં પાંખાં કામકાજો વચ્ચે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાની ટેરિફની ચિંતા હેઠળ કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ટનદીઠ ૯૫૩૫.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૭૭ અને રૂ. ૧૦ વધીને રૂ. ૨૯૭૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૮૭ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૪૦ અને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૨૭, રૂ. ૨૦૦ અને રૂ. ૨૬૬ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ .એક ઘટીને રૂ. ૮૧૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગાંધીધામ સંકુલની પાંચ ટિમ્બર પેઢીમાંથી અમદાવાદની જીએસટી વિભાગની વિજિલન્સ વિંગ દ્વારા ૩૭ કરોડની જીએસટી ચોરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક મથક એવા ગાંધીધામ સંકુલમાં ટિમ્બરના ક્ષેત્રમાં ટૅક્સચોરી કરનારાઓ પર હવે મોટી તવાઈ અમદાવાદની જીએસટી વિભાગની વિજિલન્સ વિંગ દ્વારા બોલાવવામાં આવી હોવાના રિપોર્ટ બહાર આવી રહ્યા છે.

આ અંગે જાણવા મળતી વિગતો અનુસાર, ગાંધીધામ સંકુલમાં આવેલી પાંચ જાણીતી ટિમ્બર પેઢીમાં અમદાવાદ ડિરેકટોરેટ જનરલ ઑફ જીએસટી ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઇ)એ દરોડો પાડીને ૩૭ કરોડના જીએસટી ચોરીના કૌભાંડનો, સ્થાનિક જીએસટી કચેરીને અંધારાંમાં રાખીને પર્દાફાશ કરતાં ટૅક્સ ચોરોમાં ફફડાટ ફેલાયો હતો.

અમદાવાદ ડીજીજીઆઇની ટુકડીએ એમ.કે. ટીમ્બર, પી.આર વુડ, સરસ્વતી વુડ, શ્યામવુડ, એમ.કે. ટિમ્બર સહિત પાંચ પેઢીઓ દ્વારા વિદેશથી લાકડાં આયાત કરી તેનું બિલ વગર રોકડમાં વેચાણ કરાતું હોવા અંગેની પૂર્વ બાતમીના આધારે સર્ચ અને દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં પ્રાથમિક દૃષ્ટિએ ૩૭ કરોડની જીએસટી ચોરી મળી આવી હતી તેમ જ એક પેઢીના માલિકના ઘરમાંથી ૪૩ કરોડની સંભવિત બેનામી રોકડ રકમ પણ મળી આવી હતી.

સરકારી તિજોરીને નુકશાન પહોંચાડવાના આ પ્રકરણમાં ૩૭ કરોડની જીએસટીની ચોરી બહાર આવ્યા બાદ અમદાવાદ ડીજીજીઆઇએ પેઢીના સંચાલકોના મોબાઇલ, લેપટોપના ડિજિટલ ડેટા નેશનલ ફોરેન્સિક સાયન્સમાં વધુ ચકાસણી અર્થે મોકલાવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પૂર્વ કચ્છ અને ગાંધીધામ આસપાસ આવેલી ટિમ્બરની અમુક કંપનીઓ દ્વારા ખેડૂતો માટેના સરકારી સબસિડીયુક્ત યુરિયા ખાતરને યુક્તિપૂર્વક મંગાવીને પ્લાય બનાવવા વાપરવામાં આવે છે, તેમ જ વનવિભાગની પરમિટ સાથે ચેડાં તો વળી કયાંક વિદેશથી લાકડું મંગાવી રોકડમાં તે વેચી મારવામાં આવે છે. આવા સંજોગોમાં અમદાવાદની ટીમે સફળ કાર્યવાહી કરીને સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતાને ઉજાગર કરી છે. ■



રાજકોટથી મહાશિવરાત્રિ પર્વ પર જૂનાગઢ અને સોમનાથ જવા માટે એક્સ્ટ્રા ૫૦ બસનું આયોજન કરવામાં આવ્યું છે. બસ સ્ટેશન પર લોકોની ભીડ જોવા મળી હતી. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં રોગચાળો બેકાબુંઃ ડેન્ગ્યૂ, ટાઈફોઈડ, કમળાના ૧૯૪૬ કેસ; તાવથી બાળકનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં દિવસે દિવસે રોગચાળો બેકાબૂ બની રહ્યો છે, મચ્છરનો બેફામ ઉપદ્રવ હોવાના કારણે મચ્છરજન્ય ઉપરાંત ઉનાળાના આરંભે પાણીજન્ય રોગચાળા ટાઈફોઈડના કેસ પણ મળવા લાગ્યા છે. દરમિયાન મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા જાહેર કરાયેલા વિકલી રિપોર્ટ અનુસાર શહેરમાં ડેન્ગ્યૂનો એક, ટાઈફોઈડના ત્રણ, કમળાના બે, શરદી ઉધરસના ૯૧૨, સામાન્ય તાવના ૮૨૮ તેમજ ઝાડા ઉલટીના ૨૦૦ કેસ સહિત કુલ ૧૯૪૬ કેસ મળ્યા છે. દરમિયાન શહેરમાં ગઈકાલે તાવથી એક બાળકનું પણ મોત નીપજયું હતું, પરંતુ મહાપાલિકાએ પોતાના રેકર્ડ ઉપર રોગચાળાથી થયેલું મોત દર્શાવ્યું નહીં હોવાનું જાણવા મળ્યું હતું.

રાજકોટ મ્યુ.ની આરોગ્ય શાખા અને મલેરિયા શાખા દ્વારા યાંથી મચ્છરના ઉપદ્રવની ફરિયાદ આવે ત્યાં આગળ ઇન્ડોર ફોગિંગ કરવાની મનાઈ કરવામાં આવી રહી છે અને એવું જણાવવામાં આવી રહ્યું છે કે શહેરમાં આગળ ડેન્ગ્યૂ મલેરીયા કે મચ્છરજન્ય રોગચાળાના કેસ મળે ત્યાં જ ઈન્ડોર ફોગિંગ કરવામાં આવશે. હાલમાં તો ફકત જાહેર માર્ગો ઉપર ફોગિંગના નામે ધુમાડા ઉડાડીને તંત્ર ભાગી જાય છે. રાજકોટ વાસીઓમાંથી એવો સવાલ ઉઠી રહ્યો છે કે શું બિમાર પડે ત્યારબાદ જ તત્રં ફોગિંગ કરવા આવશે? ■

# વડોદરામાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત સૂર્યા નદીના કિનારે ૨૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થાય તેવું તળાવ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં ગત વર્ષે આવેલા પૂરે ભારે વિનાશ વેર્યો હતો. જેથી હવે શહેરને પૂરથી બચાવવા માટે મહાનગરપાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીને ઊંડી કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત શહેર નજીક દેણા ગામ પાસેથી પસાર થતી સૂર્યા નદીના કિનારે ૫ હેક્ટર જમીનમાં ૨૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થઇ શકે તેવું તળાવ બનાવવાની કામગીરીનું શહેરના મેયરના હસ્તે ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતું.

પાણી પુરવઠા વિભાગના અધિકારી ધાર્મિક દવેએ જણાવ્યું હતું કે, ગત વર્ષે વિશ્વામિત્ર નદીમાં વિનાશક પૂર આવ્યું હતું. આ પૂરના પાણીના નિયંત્રણ માટે દેણા ગામ પાસે સૂર્યા નદીના કિનારે વડોદરા કોર્પોરેશનની માલિકીની ૭ હેક્ટર જમીન પૈકી ૫ હેક્ટર જમીનમાં બફર લેક બનાવવાની શરૂઆત કરાઈ છે.

આ બફર લેકમાં ૨૫ કરોડ લિટર પાણી સંગ્રહ થશે. આજવા સરોવરમાંથી છોડવામાં આવતું પાણી સીધુ સૂર્યા નદીમાંથી આ બફર લેકમાં આવે તેવું આયોજન છે.

આ કામગીરી આવનાર ૧૦૦થી ૧૨૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.

મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર ચિરાગ બારોટે જણાવ્યું હતુ કે, આ લેક બનાવવાથી વિશ્વામિત્રી નદીમાં આવતા પૂર ઉપર નિયંત્રણ આવશે. આ પાણી વડોદરાના લોકોને પીવા માટે પણ ઉપયોગી થશે. આ તળાવમાં ૨૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે.

આ લેક કિનારે એસટીપી પ્લાન પણ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા શહેરમાં પૂર ન આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલી પૂર નિયંત્રણ સમિતિ દ્વારા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ■



જૂનાગઢમાં શિવરાત્રીના મેળામાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે, હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુંઓ ઊમટી રહ્યા છે. (તસવીર- હરેશ સોની જૂનાગઢ)

# ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં યલો એલર્ટઃ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળામાં કોલ્ડ વેવની અસર વર્તાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ ચોક્કસ થયો છે. ફેબ્રુઆરી મહિનામાં જ કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમી અને બફારા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીને પાર નોંધાયો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, ગુજરાત પર હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે. આ પવનો શુષ્ક રહેવાને કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે. બીજી તરફ અરબ સાગરના ભેજને કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં બફારાનો અનુભવ થશે. આગામી ૨૪ કલાક ગુજરાતનું મહત્તમ તાપમાન યથાવત્ રહેશે ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. ગુજરાતમાં હવે શિયાળાની અસર વર્તાય એની શક્યતા જણાતી નથી.

ગુજરાતમાં સોમવારે સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ગત સપ્તાહની સરખામણી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું હતું. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદ અને આસપાસના વિસ્તારોનું વાતાવરણ શુષ્ક રહેવાની સાથે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. ■

# સોમનાથ મંદિરને ઈટ રાઈટ પ્લેસ ઓફ વોરશિપથી પુરસ્કૃત કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમનાથ મંદિરને ઈટ રાઈટ પ્લેસ ઓફ વોરશિપ સર્ટિફિકેટથી પુરસ્કૃત કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યમાં હાલમાં કુલ ૪૭ મંદિરોને રાઈટ પ્લેસ ઓફ વોરશિપ તરીકે સર્ટિફાય કરવામાં આવ્યાં છે.

ફૂડ એન્ડ ડ્રગ વિભાગના કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે, ઈટ રાઈટ પ્લેસ ઓફ વોરશિપ એ એફએસએસએઆઈની એક પહેલ છે જે પૂજા સ્થળોને ખોરાક સલામતી અને સ્વચ્છતા અપનાવવા અને જાળવવા માટે પ્રોત્સાહિત કરે છે. તેનો ઉદ્દેશ્ય પૂજા સ્થળોમાં પ્રસાદ, લંગર વગેરેમાં પીરસવામાં આવતા ખોરાકમાં ગેરરીતિઓ અને અનિયમિતતાઓને રોકવા અને જાગૃતિ લાવવાનો તથા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ૨૦૦૬ અને તે અન્વયેના નિયમો અને રેગ્યુલેશનના પાલન સુનિશ્ચિત કરવાનો છે.

મંદિરો માટે એફએસએસએઆઈ દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ થર્ડ પાર્ટી ઓડિટ એજન્સી દ્વારા જે તે મંદિર નું રજિસ્ટ્રેશન કરાવી, તેનું પ્રી ઓડિટ કરવામાં આવે છે. ત્યારબાદ ત્યાં પ્રસાદ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ટ્રેનિંગ આપવામાં આવે છે અને તેમનું ફરીથી ઓડિટ કરવામાં આવે છે, ત્યારબાદ ખોરાકની ગુણવતા નિશ્ચિત કર્યા બાદ તેને સર્ટિફિકેટ આપવામાં આવે છે.

શ્રદ્ધાળુઓને સ્વચ્છ અને સલામત પ્રસાદ મળી રહે તે માટે સોમનાથ મંદિરનું થર્ડ પાર્ટી ઓડિટ એજન્સી દ્વારા ઓડિટ કરવામાં આવ્યું અને તેને ઈટ રાઈટ પ્લેસ ઓફ વોરશિપ સર્ટિફિકેટથી પુરસ્કૃત કરવામાં આવ્યું છે. આમ રાજયના મંદિરોમાં ભગવાનને ધરાવવા આવતો પ્રસાદ ગુણવતા યુક્ત મળી રહે તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. ■

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળા ટાણે જ ગીર સોમનાથના તલાલામાં ભૂકંપના ત્રણ આંચકા આવતા લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં મહાશિવરાત્રીનો મેળો શરૂ થયો છે. આ દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના તલાલામાં ભૂકંપના એક પછી એક ત્રણ આંચકા આવતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. વહેલી સવારે સમગ્ર પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં.

તલાલામાં સોમવારે સાત વાગ્યાથી સવા સાત વાગ્યા સુધીમાં ભૂકંપના ત્રણ આંચકા અનુભવાયા હતાં. રિક્ટર સ્કેલ પર પહેલા આંચકાની ૨.૧ તીવ્રતા માપવામાં આવી હતી, જેનું કેન્દ્ર બિંદુ તાલાલાથી ૧૧ કિલોમીટર દૂર નોર્થ ઇસ્ટ પર નોંધાયું હતું. તો બીજા આંચકાની તીવ્રતા ૧.૯ માપવામાં આવી છે, જેનું પણ કેન્દ્ર બિંદુ ઈસ્ટ નોર્થ ઈસ્ટમાં નોંધાયું હતું. થોડી સેકન્ડ બાદ ત્રીજો આંચકો પણ આવ્યો જેની તીવ્રતા ૨.૩ નોંધવામાં આવી હતી. તેનું કેન્દ્ર પણ તાલાલાથી ૧૨ કિલોમીટર દૂર ઇસ્ટ-નોર્થ ઇસ્ટમાં નોંધાયુ હતું.

આ ભૂકંપના આંચકાથી સદનસીબે કોઈ જાનહાની કે માલ મિલકતને નુકસાન થયાના કોઈ પુરાવા કે અહેવાલ મળ્યા નથી. ગીર સોમનાથ પંથકમાં ભૂકંપના આંચકાની ઘટના વધી રહી છે. ચાલુ વર્ષમાં જ ગીર સોમનાથ અને કચ્છ સહિત રાજયના જુદા જુદા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. ■

# રાજકોટથી મહાકુંભ માટે ઉપડતી વોલ્વો બસની ૪૪ ટ્રીપોથી એસટી તંત્રને ૮૮ લાખની આવક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં જવા માટે ખાસ વોલ્વો બસની સુવિધા શરૂ કરી હતી. અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરાથી શરૂ થયેલી આ બસમાં અનેક યાત્રાળુઓ પ્રયાગરાજ પહોંચ્યા હતાં. રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા પણ મહાકુંભ માટે ખાસ પેકેજ સાથેની વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી હતી. રાજકોટ એસ.ટી. વિભાગની મહાકુંભ માટેની આ સ્પેશિયલ બસને ખૂબ જ વ્યાપક પ્રતિસાદ મળ્યો છે.

રાજકોટ એસટી વિભાગ દ્વારા અત્યાર સુધી પ્રયાગરાજની ૪૪ ટ્રીપો દોડાવવામાં આવતા એસ.ટી.ને ૮૮ લાખની આવક થઈ હતી. આજે રાજકોટથી મહાકુંભ માટેની છેલ્લી બસ ઉપડશે. બીજી તરફ ગત શનિવારથી જૂનાગઢમાં વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રીનાં મેળાનો પ્રારંભ થયો છે. જેમાં પણ રાજકોટ એસ.ટી. ડિવિઝને અત્યાર સુધીમાં ૨૭ ટ્રીપો દોડાવી છે.

રાજકોટ એસ.ટી.નાં વિભાગીય નિયામકનાં જણાવ્યા મુજબ ગત તા. ૪ ફેબ્રુઆરીથી રાજકોટથી કુંભ માટેની વોલ્વો સેવા શરૂ કરવામાં આવી હતી. રાજકોટથી સીધા મહાકુંભ જતી એસ.ટી.ની આ વોલ્વો બસ સેવાને લોકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં કુલ ૪૪ ટ્રીપો દોડાવવામાં આવી હતી અને ૯૯૦ મુસાફરોએ એસ.ટી.ની આ ખાસ સેવાનો લાભ લેતા એસ.ટી. વિભાગને ૮૮ લાખની આવક થઈ હતી.

તેમણે કહ્યું હતું કે, ગત શનિવારથી જૂનાગઢમાં વિશ્વ પ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થયો છે ત્યારે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રાજકોટ સહિત વિવિધ સ્થળોએથી એસ.ટી.એ ૩૭૦ એકસ્ટ્રા બસો દોડાવવાનું શરૂ કર્યું છે. જેમાં રાજકોટ ડિવિઝન દ્વારા પણ ૫૦ એકસ્ટ્રા બસો શિવરાત્રીના મેળા માટે શરૂ કરાઈ છે. ■

# પુરાતત્ત્વ વિભાગની મંજૂરી હજુ સુધી ન મળતાં લખપતના ઐતિહાસિક કિલ્લા પર કાયમી લાઈટ-શો શરૂ કરવાનું કામ અટક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પ્રવાસન માટે દેશ-વિદેશમાં જગવિખ્યાત બની ચૂકેલા કચ્છના વિરાન લખપતને પ્રવાસીઓની અવરજવરથી સતત ધબકતું રાખવા માટે અહીંના ઐતિહાસિક કિલ્લા પર રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા કાયમી લાઈટ-શો શરૂ કરવાનો પ્રકલ્પ આર્કિયોલૉજી વિભાગની મંજૂરીના અભાવે અટક્યો હોવાનું જાણવા મળ્યું હતું.

કેન્દ્ર સરકારે ભારતના પશ્ચિમ ખૂણાના અંતિમ ગામ એવા લખપતને પ્રથમ ગામ ગણી તેને વિકસાવવા ભાર મૂક્યો છે જેથી પ્રવાસન વિભાગ દ્વારા હેરીટેજને સાચવવા સાથે બોર્ડર અને નાઈટ ટુરિઝમને પ્રોત્સાહન આપવા બે સદીથી વધુ પુરાણા આ કિલ્લાની સાત કિલોમીટરમાં પથરાયેલી કાળમીંઢ દીવાલોને રેડ, ગ્રીન,બ્લુ,મલ્ટીકલર લાઈટો વડે કાયમ માટે લાઈટથી ઝળહળતો રાખવા માટે ત્રણ કરોડનો દિલ્હી સ્થિત એક કંપનીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો.

લખપતમાં ૧.૩ કિલોમીટરમાં પથરાયેલા મુખ્ય પ્રવેશદ્વાર સાથે કિલ્લાની દીવાલ તેમ જ તેની અંદર આવેલાં પુરાતન કાળનાં ધાર્મિક સ્થળો પર લાઇટિંગ કરવામાં આવનાર છે.

જોકે આ એક ઐતિહાસિક જગ્યા હોવાથી લાઇટિંગના મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પને શરૂ કરવા માટે આર્કિયોલૉજી સર્વે ઑફ ઇન્ડિયાની મંજૂરી પ્રવાસન વિભાગને હજુ સુધી ન મળતાં આગામી ઉત્તરાયણ અગાઉ લાઈટ લગાડવાનું આ કામ ચાલુ જ થયું નથી અને ક્યારે ચાલુ થશે એ પણ નક્કી નથી.

# કચ્છમાં અપમૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન બનેલી અપમૃત્યુની જુદી-જુદી દુર્ઘટનાઓમાં ત્રણ લોકોનાં અકાળે મોત થયાં હતાં. અંજારના ઐતિહાસિક સવાસર નાકા તળાવમાં ડૂબી જતાં સોયબ અલીમામદ કલર (ઉ.વ.૨૧) નામના યુવાને જીવ ખોયો હતો, જયારે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળામાંથી પવિત્ર સ્નાન કરીને પરત આવતી વેળાએ રેખાબેન શશીનાથ શર્મા (ઉ.વ.૬૪)નું પરત ફરતી વેળાએ તબિયત લથડતાં મોત થયું હતું, જયારે માંડવી તાલુકાના ગઢશીશા ખાતે એક પેટ્રોલ પંપમાં વીજ કરંટ લાગતાં રાજસ્થાની યુવકનું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ, અંજાર શહેરના હેમલાઈ ફળિયામાં રહેનાર સોયબ કલર નામનો યુવાન ગત ૨૧મી ફેબ્રુઆરીના વહેલી સવારના સમયે અચાનક ઘરેથી બહાર નીકળી ગયો હતો. તેનો સંપર્ક ન થતાં અને તે ઘરે પરત ન ફરતાં બનાવ અંગે ફારૂક અલીમામદ કલરે પોલીસ મથકે ગુમનોંધ કરાવી હતી.

પરિવારજનો આ યુવાનની શોધખોળ કરી રહ્યા હતા. દરમ્યાન સાંજે યુવાનની લાશ સવાસર તળાવમાંથી મળી આવતાં આ બનાવની અંજાર પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, પંચરંગી ગાંધીધામ શહેરના સેક્ટર-૧માં રહેનાર રેખાબેન શર્મા કુંભમેળામાં ગયા હતા, ત્યાંથી પરત આવતી વેળાએ ભચાઉ-ગાંધીધામ વચ્ચે તેમની અચાનક તબિયત લથડતાં તેઓએ સારવાર મળે તે અગાઉ અંતિમ શ્વાસ લીધા હતા.

હતભાગી મહિલાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું કારણ જાણવા મળશે તેમ પોલીસે જણાવ્યું હતું.

દરમ્યાન, ગઢશીશા ગામના ઈન્ડિયન ઑઈલ કંપનીના પેટ્રોલપંપ પર એન.ઓ.પી.ના ચાલી રહેલા કામ દરમ્યાન મૂળ રાજસ્થાનના ૧૮ વર્ષીય બલવીરસિંગ કાયુસિંગ રાવતને અકસ્માતે જોરદાર વીજ કરંટ લાગતાં તેને તત્કાળ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ સારવાર અગાઉ તેનું મોત નીપજતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# અબડાસાના વાગોઠમાં ઘરના આંગણામાં ગાંજાનું વાવેતર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં માદક પદાર્થોનું સેવન અને વેચાણ ભૂકંપ બાદ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તેવામાં અબડાસા તાલુકાના વાગોઠ ગામે એક રહેણાક ઘરના આંગણામાં થઈ રહેલાં ગાંજાના વાવેતરનો સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પર્દાફાશ કરી, ૪૦ જેટલા ગાંજાના છોડ સાથે આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે વાયોર પોલીસના જણાવ્યા પ્રમાણે, પેટ્રોલિંગમાં રહેલી એસઓજીની ટુકડીને મળેલી ખાનગી બાતમીના આધારે વાગોઠમાં દીપજ્યોતિ ક્લિનિક પાસે રહેતા ભરત વલ્લભ સલાટ નામના શખ્સના મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. ઘર આંગણે આરોપીએ વાવણી કરેલા વનસ્પતિજન્ય ગાંજાના ૧.૧૨૪ કિલોગ્રામ વજનના ૧૧,૨૪૦ રૂપિયાના છોડ નંગ-૪૦, અને એક સેમસંગ મોબાઈલ કિં. રૂા.૩૦૦૦ સહિત કુલ રૂા.૧૪,૨૪૦નાં મુદામાલ સાથે આરોપી ભરતની અટક કરી વાયોર પોલીસમથકે તેની વિરુદ્ધ એનડીપીએસ એક્ટ તળે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ભાવનગરમાં સમુહશાદીમાં હિંદુ-મુસ્લિમ યુગલો લગ્ન બંધનથી જોડાયા

ભાવનગરઃ શહેરના એસ.ટી.સ્ટેન્ડની સામે જૂની જહાંગીર મિલમાં આવેલ લીલાપીર સરકાર કમિટી દ્વારા પ્રથમ સમૂહ શાદી સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમુહશાદીમાં મુસ્લિમ સમાજના પંદર દુલ્હા-દુલ્હનો નિકાહના પાક બંધનમાં બંધાયાં હતાં જ્યારે હિન્દુ સમાજના બે નવદંપતીઓ પણ લગ્નવિધિથી જોડાયાં હતાં. આ સમારોહ શહેરના ચાવડીગેટ પાવર હાઉસની બાજુમાં આવેલ મંદિરના પટાંગણમાં યોજાયો હતો. આ સમારોહમાં હિન્દુ સમાજના નવ દંપતીઓ પણ જોડાતા અને મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ આગેવાન કાર્યકરોએ ઉપસ્થિત રહીને દુલ્હા-દુલ્હનો તથા તેમના પરિવારજનોને નિકાહની મુબારકબાદી પાઠવી હતી તેજ રીતે હિન્દુ સમાજનાં નવદંપતીઓનું લગ્નજીવન પણ સુખમય અને શાંતિમય પ્રસાર થાય તે માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે કોમી એક્તા અને ભાઇચારાનાં દર્શન થયાં હતાં ઉપસ્થિત આગેવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં સમૂહ શાદીનું મહત્ત્વ સમજાવ્યું હતું અને મુસ્લિમ સમાજમાં લગ્નપ્રસંગે થતા કુરિવાજોથી દૂર રહેવા અને ફઝુલ ખર્ચથી બચવા અનુરોધ કર્યો હતો તેમ જ હિન્દુ-મુસ્લિમ બન્ને સમાજના લોકોને વ્યસનમુક્ત બનવા હાકલ કરી હતી અને સમાજને શિક્ષિત બનાવવા સૂચનો પણ કર્યા હતાં. ■